સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

# સ્વામિનારાયણ પ્રકાશ

વાર્ષિક લવાજમ રૂ. ૧૨૫/-
નવેમ્બર, ૨૦૧૮



## અમર વારસો ગુણાતીતનો








**બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજના જન્મસ્થાન મહુવામાં સત્સંગલાભ આપતા પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ**

તા. ૧૦ થી ૧૪ ઑક્ટોબર, ૨૦૧૮ દરમ્યાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજના પ્રાગટ્ય તીર્થ મહુવામાં સત્સંગલાભ આપ્યો હતો. તા. ૧૦ની સંધ્યાએ મહુવામાં ભગતજી મહારાજના પ્રાગટ્ય સ્થાન તથા માલણ નદીના કાંઠે તેમના દેહોત્સર્ગ સ્થાન પર પધારીને સ્વામીશ્રીએ મંગલમય પ્રાર્થના કરી હતી અને આ દેહોત્સર્ગ સ્થાન પર નિર્માણાધીન સ્મૃતિમંદિરનાં વિતાન-ચાવીઓનું પૂજન કર્યું હતું. સતત પાંચ દિવસ દરમ્યાન સવારે પ્રાતઃપૂજા તથા સંધ્યા સમયે યોજાતા સાંસ્કૃતિક કાર્યક્રમોમાં મહુવા અને આસપાસનાં ગામોના હજારો ભક્તો-ભાવિકોએ ઉપસ્થિત રહી સત્સંગલાભ પ્રાપ્ત કર્યો હતો એ દિવ્ય માહોલની સ્મૃતિછબીઓ...

# નૂતન વર્ષના મંગલ પર્વે ગુરુહરિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદ...



સ્વામી-શ્રીજી
પ.પૂ. પ્રમુખસ્વામી

ભાવનગર
૩૦·૯·૧૮
રવિવાર

સ્વામી બાપાના અતિશય
વ્હાલા સર્વે હરિભક્તો
પ્રતિ,

સ્વામી કેશવજીવનદાસના નવા વર્ષના સ્નેહ હેતપૂર્વક જય સ્વામિનારાયણ.

"ભગવાનને ભજતા સર્વે હરિજનો દિવ્ય છે. આ મર્મ ની વાત જે કોઈ સમજે, ધારે ને વિચારે છે તે મગન થઈ જાય છે ને જગ જીતી જાય છે. આઠો પહર આનંદ એનો ટળતો નથી." શ્રીજી મહારાજના શ્રીમુખની વાણી છે. બધુ જોતા શું બાકી રહે છે! આજે સમગ્ર વિશ્વમાં કોઈને શાંતિ નથી. અને આઠે પહર તો ક્યાંથી હોય?

મહારાજના વચન પ્રમાણે શરત એટલી જ કે, સર્વે હરિજનોને દિવ્ય માનવા પડે. આ વચન પ્રમાણે અહીં જ અક્ષરધામ થઈ રહ્યું. મહારાજ ના વચન પ્રમાણે સૌએ સાદા નિયમોનું પાલન કરવાનું છે. અને મહારાજથી લઈને સર્વે ગુરુ પરંપરાના સમયમાં હજારો એકાંતિક થયા છે. તો આપણે પણ આમ કેમ ન કરીએ અને મહારાજ સ્વામી અને ગુણાતીત ગુરુઓનો રાજીપો કેમ ન લઈએ. છતાંય બધાને નવા વર્ષે તન-મને અને ધને સુખી થાવ તે આશીર્વાદ છે.

જય શ્રી સ્વામિનારાયણ.


॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



गुणातीतोऽक्षरं ब्रह्म भगवान् पुरुषोत्तमः।
जनो जानन्निदं सत्यं, मुच्यते भवबन्धनात्॥

**સ્વામિનારાયણ પ્રકાશ**

**વર્ષ : ૮૦, અંક : ૧૧,**
**નવેમ્બર, ૨૦૧૮**

**સંસ્થાપક:** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક 'સ્વામિનારાયણ પ્રકાશ' બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી 'સ્વામિનારાયણ પ્રકાશ'માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**
**સંસ્થાપક :** બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી

| | |
|---|---|
| **પ્રકાશક** | : સ્વામિનારાયણ અક્ષરપીઠ |
| **તંત્રી** | : સાધુ સ્વયંપ્રકાશદાસ |
| **પરામર્શકો** | : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ |
| **સંપાદકો** | : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ |
| **કલાનિર્દેશક** | : સાધુ શ્રીજીસ્વરૂપદાસ |
| **વ્યવસ્થાપક** | : સાધુ નિખિલેશદાસ |
| **મૂળ વાર્ષિક લવાજમ** | : રૂા. ૧૯૦/- |
| **ઘટાડેલું લવાજમ** | : રૂા. ૧૨૫/- |
| **પરદેશમાં લવાજમ** | : £ ૧૫ (યુરોપ) |
| | : $ ૨૫(યુ.એસ.એ.) |

**લેખો અંગે પત્રવ્યવહાર:**
**prakash@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

**લવાજમ અંગે પત્રવ્યવહાર:**
**magazines@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ,**
**અમદાવાદ - ૩૮૦ ૦૦૪.**

**Website:**
**www.baps.org**

લેખ-૯

## પરબ્રહ્મ સ્વામિનારાયણ પ્રબોધિત

# અક્ષરપુરુષોત્તમ દર્શન

## લેખમાળા



■ મહામહોપાધ્યાય સાધુ ભદ્રેશદાસ

# સહજાનંદી સત્સંગ

સન્તુષ્ટા દૃઢનિષ્ઠાતો હ્યક્ષરપુરુષોત્તમે ।
સત્સંગે બહવો દૃષ્ટાઃ શાસ્ત્રક્લેશવિવર્જિતાઃ॥
સત્સંગાન્નાધિકં કિઞ્ચિદ્ ગુરુપ્રસંગલક્ષણાત્ ।
એતાદૃગ્ગ્રન્થકોટિભ્યઃ સત્સંગ ઉત્તમસ્તતઃ॥

આ સત્સંગમાં એવા અનેક ભક્તોને પ્રત્યક્ષ જોયા છે કે જેઓ અક્ષરપુરુષોત્તમને વિશે એટલે કે સ્વામિનારાયણને વિશે નિષ્ઠાથી પરમ સંતોષ પામી ચૂક્યા હોય અને જેમને શાસ્ત્રોનો કોઈ ક્લેશ ન હોય, અર્થાત્ શાસ્ત્રો ભણવાં કે સમજવાં જેવી મથામણ ન રહી હોય. આથી, પ્રગટ ગુરુહરિના પ્રસંગરૂપે પ્રાપ્ત થયેલા આ સત્સંગથી અધિક કાંઈ જ નથી. કરોડો ગ્રંથો કરતાં પણ આ સત્સંગ ઉત્તમ છે.

(સ્વામિનારાયણ સિદ્ધાંત સુધા, પૃષ્ઠ ૪૫૯)

*(‘આપણો સત્સંગ સહજાનંદી સત્સંગ છે’ એમ પરમ પૂજ્ય ગુરુહરિ મહંત સ્વામી મહારાજ પોતાના ઉપદેશમાં વારંવાર કહે છે. સાથે સાથે તેઓએ ‘સહજાનંદી સત્સંગ’ની વિશેષતાઓ પણ દર્શાવી છે. તે ઉપદેશના આધારે આ લેખ પ્રસ્તુત છે.)*

### ભૂમિકા

સંગ એટલે સોબત. સત્સંગ એટલે સારી સોબત – એમ સત્સંગ શબ્દનો સામાન્ય અર્થ છે.

‘સંગ’ જીવનમાં ખૂબ અગત્યનું અંગ છે. પાણીનું ટીપું જો તપેલા લોખંડ પર પડે તો તેનું નામોનિશાન રહેતું નથી. તે જ પાણી જો કમળની પાંખડી પર હોય તો મોતીની શોભા ધારણ કરે, અને તે જ પાણી જો સ્વાતિ નક્ષત્રમાં સમુદ્રના છીપમાં પડે તો સાચું મોતી બની જાય. સંગની આ કરામત છે.

આજે આપણે જે છીએ, જેવા છીએ તેમાં આપણે કરેલા સંગનો - સોબતોનો બહુ જ મોટો પ્રભાવ છે. ‘મેં કોની સોબત કરી છે અને કોની સોબત કરું છું?’, ‘હું કયા વાતાવરણમાં હતો અને આજે કયા વાતાવરણમાં છું?’, ‘મેં કેવાં પુસ્તકો વાંચ્યાં છે અને આજે કેવાં પુસ્તકો વાંચું છું?’, ‘મેં કેવાં ચલચિત્રો (ફિલ્મ) જોયાં છે અને આજે કેવાં જોઉં છું?’ – વગેરે પ્રશ્નો આપણે પોતાની જાતને પૂછવા જોઈએ. આ પ્રશ્નોના ઉત્તરો આપણને આપણી સંગ-સોબતનો પરિચય આપશે. હા, આ પરિચય મેળવવો જરૂરી છે. ‘સંગ’ને

સમજ્યા વગર જીવનને સમજવું મુશ્કેલ છે. 'સંગ'ને બદલ્યા વગર જીવનને બદલવું મુશ્કેલ છે. 'સંગ'ને સુધાર્યા વગર જીવનને સુધારવું મુશ્કેલ છે. સંગને સુધારવો એટલે સત્સંગ કરવો.

ભગવાન સ્વામિનારાયણે પણ સત્સંગ અને કુસંગની જીવન ઉપર ખૂબ ઊંડી અસર હોય છે, તે તરફ સત્સંગીઓનું ખાસ ધ્યાન દોર્યું છે. જેમ કે તેમણે કહ્યું –

> 'આ જીવ છે તે જેવી સોબત કરે છે તેવું તેનું અંતઃકરણ થાય છે... માટે સત્સંગ અને કુસંગને યોગે કરીને જેવું અંતઃકરણ થાય છે તેને જો વિચારીને જુએ તો જાણ્યામાં આવે છે.'
>
> (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧૮)

પરબ્રહ્મ સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી આપણને અલૌકિક અને દિવ્ય સત્સંગ પ્રાપ્ત થયો છે. આ સત્સંગને પરમ પૂજ્ય ગુરુહરિ મહંત સ્વામી મહારાજે 'સહજાનંદી સત્સંગ'નું બિરુદ આપ્યું છે. પ્રસ્તુત લેખમાં આપણે આ 'સહજાનંદી સત્સંગ'નો વિચાર કરીશું.

## સહજાનંદી સત્સંગ

'સહજાનંદી સત્સંગ' એટલે પરબ્રહ્મ સહજાનંદ શ્રીહરિએ સ્વયં સ્થાપેલો સત્સંગ. નીચેનાં વાક્યો વાંચો...

- 'સર્વે સાધનના ફળરૂપ તો **આ સત્સંગ** છે.' (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨)
- '**આ સત્સંગ** છે તે તો અલૌકિક છે.' (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૧)
- '**આ સત્સંગમાં** તો ભગવાનનો મોટો પ્રતાપ છે.' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૧)
- '**આ સત્સંગનો** પ્રતાપ એવો છે જે, જે ગુણના ઘાટ થતા હોય તે ઘાટની તેને નિવૃત્તિ થઈ જાય છે અને નિરુત્થાન થઈને અખંડ પરમેશ્વરના સ્વરૂપનું ચિંતવન થાય છે.' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૩૦)
- 'એવા એકાંતિક ધર્મવાળા જે ભક્ત તે આ સમામાં **આપણા સત્સંગમાં** કેટલાક છે.' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૧)
- 'અને પ્રથમ કહી એવી મોટ્યપ તો આજ **આપણા સત્સંગમાં** સર્વ હરિભક્તને વિશે છે; કેમ જે, આજ જે સર્વ હરિભક્ત છે તે એમ સમજે છે જે, 'અક્ષરાતીત એવા જે ભગવાન પુરુષોત્તમ તે અમને પ્રત્યક્ષ મળ્યા છે અને અમે કૃતાર્થ થયા છીએ' એમ સમજીને પ્રત્યક્ષ ભગવાનની આજ્ઞામાં રહ્યા થકા તે ભગવાનની ભક્તિ કરે છે.' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૩૧)
- '**આ સત્સંગને** વિશે જે ભગવાન વિરાજે છે તે જ ભગવાનમાંથી સર્વે અવતાર થયા છે ને પોતે તો અવતારી છે ને એ જ સર્વેના અંતર્યામી છે.' (વચનામૃત અમદાવાદ પ્રકરણ ૬)

સ્વયં પરબ્રહ્મ સ્વામિનારાયણ ભગવાને ઉચ્ચારેલાં ઉપરોક્ત વાક્યો છે. આ વાક્યોમાં **'આપણા સત્સંગમાં'**, **'આ સત્સંગમાં'**, **'આ સત્સંગનો'** તથા **'આ સત્સંગને વિશે'** જેવા શબ્દો દર્શાવે છે કે સહજાનંદ શ્રીહરિ પોતે સ્થાપેલા સત્સંગની જ વાત કરી રહ્યા છે, એટલે કે સહજાનંદી સત્સંગની જ વાત કરી રહ્યા છે. સર્વ સાધનનું ફળ, અલૌકિકતા, જીવતાં આધ્યાત્મિક સ્થિતિની પ્રાપ્તિ અને સર્વાવતારી પરબ્રહ્મનો પ્રત્યક્ષ યોગ વગેરે આ સહજાનંદી સત્સંગની અદકેરી વિશેષતાઓ આ શબ્દોમાં છલકાઈ છે.

આ સાથે અતિ વિશિષ્ટ તત્ત્વજ્ઞાન, અતિ વિશિષ્ટ સાધના-પદ્ધતિ, અતિ વિશિષ્ટ આચાર-સંહિતા, અતિ વિશિષ્ટ ભક્તિ-પદ્ધતિ અને અતિ વિશિષ્ટ મોક્ષની વિભાવના ઇત્યાદિ અભૂતપૂર્વ સિદ્ધાંતો પણ સહજાનંદ શ્રીહરિએ જ આ બ્રહ્માંડમાં સર્વપ્રથમ પ્રબોધ્યા અને પ્રસ્થાપિત કર્યા. આથી આ સહજાનંદી સત્સંગ આધ્યાત્મિક ક્ષેત્રમાં એક જૂજવી જ ભાત ઉપસાવનારો સત્સંગ બન્યો છે.

સત્સંગ શબ્દ ભારતવર્ષમાં પ્રાચીન કાળથી આધ્યાત્મિક સાધના માટે પ્રયોજવામાં આવ્યો છે. પરંતુ પરબ્રહ્મ સ્વામિનારાણ ભગવાન જ્યારે **'સત્સંગ'** શબ્દનો પ્રયોગ કરતા ત્યારે તેમના મનમાં અભિપ્રેત સત્સંગનું ચિત્ર જુદું જ હતું, વિશિષ્ટ હતું. આ ચિત્રમાં વિવિધ અને વિશિષ્ટ આધ્યાત્મિક રંગો પુરાયા હતા. આથી તેમણે પોતાને અભિપ્રેત અને પોતાનો આગવો સત્સંગ સ્થાપ્યો. એ સત્સંગ એટલે આપણો 'સહજાનંદી સત્સંગ'.

## વિશિષ્ટ તત્ત્વજ્ઞાન ધરાવતો સત્સંગ

સહજાનંદી સત્સંગ મૌલિક અને વિશિષ્ટ દાર્શનિક તત્ત્વજ્ઞાન ધરાવતો સત્સંગ છે. 'અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંત' અથવા તો 'અક્ષરપુરુષોત્તમ દર્શન' જેવા નામાભિધાનથી આ તત્ત્વજ્ઞાન આજે જગવિખ્યાત બન્યું છે. સ્વયં પરબ્રહ્મ સહજાનંદ શ્રીહરિએ આ તત્ત્વજ્ઞાનની સ્થાપના કરી. 'અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની દાસભાવે ભક્તિ કરવી' એ તાત્ત્વિક રહસ્યને જીવનનું ધ્યેય દર્શાવી તે દિશામાં પોતાના આશ્રિતોને વાળ્યા. 'અક્ષરબ્રહ્મ' એક જુદું જ ચેતન તત્ત્વ છે, કે જે જીવ પણ નથી, ઈશ્વર પણ નથી અને પરમાત્મા પણ નથી – એવો ઉદ્‌ઘોષ તત્ત્વજગતમાં સર્વ પ્રથમ સહજાનંદ શ્રીહરિએ જ કર્યો.

વળી, ભક્તિની વાત તો ઘણા સંપ્રદાયોમાં હતી, પરંતુ જે 'અક્ષરરૂપ' એટલે કે 'બ્રહ્મરૂપ' થાય છે, તેને જ પરબ્રહ્મ પુરુષોત્તમની ભક્તિનો અધિકાર છે – એવો વિશિષ્ટ સિદ્ધાંત તેમણે જ પ્રથમ વખત ઉદ્‌બોધ્યો.

વળી, પરબ્રહ્મ જેમ સદા સાકાર છે, સર્વોપરી છે, સર્વકર્તા-હર્તા છે, તેમ મુમુક્ષુઓના આત્યંતિક મોક્ષ માટે સાક્ષાત્ અક્ષરબ્રહ્મ ગુરુ દ્વારા સદાય પ્રગટ પણ રહે છે અને આપણને પરબ્રહ્મનું પરમ સુખ અને પરમ મુક્તિ આપે છે – એવો અતિ વિશિષ્ટ સિદ્ધાંત પણ સ્વામિનારાયણ ભગવાને જ પ્રથમ વખત પ્રબોધ્યો, પ્રસ્થાપિત કર્યો.

આ મૌલિક તત્ત્વજ્ઞાન સહજાનંદી સત્સંગની અદકેરી વિશેષતા છે.

## સર્વોપરી પ્રત્યક્ષ પ્રાપ્તિનો સત્સંગ

વળી, આ સત્સંગમાં જે તત્ત્વજ્ઞાનનો ઉપદેશ થયો છે, તે કેવળ શાસ્ત્રોના શબ્દોનું અર્થઘટનમાત્ર નથી, અહીં તો તત્ત્વજ્ઞાનમાં અનિવાર્યપણે જાણવા યોગ્ય જે બે તત્ત્વો – 'અક્ષર' અને 'પુરુષોત્તમ' બંને સાક્ષાત્ આ લોકમાં મનુષ્ય શરીર ધારણ કરી અવતર્યા છે. તેમાં પુરુષોત્તમ સ્વયં સહજાનંદ શ્રીહરિરૂપે અવતર્યા અને તેમના નિત્ય સેવક અક્ષરબ્રહ્મ સ્વયં ગુણાતીતાનંદ સ્વામીરૂપે અવતર્યા. આથી, અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની દાસભાવે ભક્તિ કરી, મુક્તિ પામવા ઇચ્છતા મુમુક્ષુ માટે અહીં જે રૂપે થવાનું છે તે 'અક્ષર', અને જેમની દાસભાવે ભક્તિ કરવાની છે તે 'પુરુષોત્તમ' બંને પ્રગટ-પ્રમાણ નયનગોચર વર્તે છે.

આ રીતે આ સહજાનંદી સત્સંગ મૌલિક, વૈદિક અને અતિ વિશિષ્ટ તત્ત્વજ્ઞાનની સાથે સાથે અલૌકિક, દિવ્ય, સર્વોપરી અને પ્રત્યક્ષ પ્રમાણ પ્રાપ્તિ ધરાવતો સત્સંગ પણ છે.

## મુગ્ધભક્તિ નહીં, શુદ્ધભક્તિનો સત્સંગ

ભગવાનની ભક્તિ ઉત્તમ વસ્તુ છે. ભવજળ પાર કરવાની તેમાં શક્તિ રહેલી છે. તેમ છતાં જો કોઈ વ્યક્તિ ભક્તિના સાચા લક્ષણને ન સમજે, તેને સુરક્ષિત રાખવાના ઉપાયો ન જાણે અને ધર્મમર્યાદાનું ઉલ્લંઘન કરે તો તે ભક્તિ ભક્તિ નહીં રહેતાં વાસના ભોગવવાનું સાધન થઈ મોક્ષમાર્ગમાંથી પડવાનું સાધન પણ બની શકે છે.

માનવમાત્રનું મન એવું છે કે તે ગમે ત્યાંથી, ગમે તે રીતે પોતાની લૌકિક વાસનાને સંતોષવાના માર્ગો શોધી કાઢે; ભલે ને તે પછી યોગસાધના કરવા બેસે ! તે સાધનાની રીત જ એવી ગોઠવે કે તેમાં યોગની સાથે ભોગ પણ આવી જાય !

આવું જ ભક્તિ કરવામાં બને છે. ભક્તિના બહાને આસક્તિને, દૂષણોને પોષવાની યુક્તિઓ કરવામાં આવે. ખબરેય ન પડે ને દૂષણો એટલે કે ગુનાઓ કાયદાનું સ્વરૂપ લઈ લે. જેમ કે, જુગાર રમવો તે દૂષણ છે, પરંતુ અમુક તહેવારોમાં તેને કાયદો બનાવી ભક્તિના ઉત્સવો ઊજવાય ! ભાંગ પીવી દૂષણ છે, એમ છતાં અમુક દિવસે તેને પ્રભુનો પ્રસાદ માની સ્વીકારવામાં ભક્તિ માનવામાં આવે ! માંસાહાર દૂષણ છે, પરંતુ યજ્ઞના પ્રસાદ તરીકે તેને લેવામાં શાસ્ત્રીય વિધિ-વિધાનોના અનુષ્ઠાનનો આભાસ થવા લાગે !

આ હકીકતથી ભગવાન સ્વામિનારાયણે પોતાના આશ્રિતોને લેશમાત્ર અજાણ્યા રાખ્યા નથી. આથી જ ભલે તેમણે પોતે સ્થાપેલા સત્સંગના અલૌકિક મહિમાનો, દિવ્યતાનો પરમ સત્ય સિદ્ધાંત આપ્યો, પરંતુ તેઓ એટલે અટકી ન ગયા. તેમણે ક્યારેય મહિમાના ઓથે થતા પાપને ચલાવી ન લીધું. સત્સંગને સાચા અર્થમાં સત્સંગ રાખવા સત્સંગમાં થતી મલિન વાસનાઓને પુષ્ટિ આપે તેવી મર્યાદાભંગની ભૂલોને દર્શાવવામાં ખચકાટ ન અનુભવ્યો. નિઃશંકપણે તે ભૂલોને સાચા અને સવળા આશયો સાથે સ્પષ્ટ કરી. તેઓ જાહેરમાં જ સત્સંગમાં વિકાસની સાથે હ્રાસનાં કારણોનો પણ વિચાર-વિમર્શ કરતા-કરાવતા. હા, એ પણ સાચું કે એમણે ક્યારેય કોઈ વ્યક્તિગત દોષની ચર્ચા નથી કરી. કોઈનું મન ન દુભાય અને એમ છતાં પણ સર્વને ભૂલો સુધારવાનું બળ મળે, ભૂલો સુધારે અને સાચા સત્સંગી બન્યાનો આનંદ પ્રાપ્ત કરી શકે તેવું તેમનું ભૂલો દર્શાવવામાં વલણ રહેતું.

સત્સંગ હંમેશાં મુગ્ધભક્તિનો નહીં પરંતુ શુદ્ધભક્તિનો હોવો જોઈએ – એમ તેઓનો સ્પષ્ટ અભિપ્રાય હતો અને એ અભિપ્રાય પ્રમાણે જ તેમણે સત્સંગની સ્થાપના કરી હતી. તેઓ હંમેશાં ધર્મયુક્ત ભક્તિનું જ પ્રતિપાદન કરતા. તેમણે ક્યારેય ધર્મરહિત ભક્તિમાં રુચિ ન દર્શાવી. કેવળ એટલું જ નહીં, પરંતુ એવી ધર્મરહિત ભક્તિમાં અરુચિ દર્શાવી પોતાના આશ્રિતો સાચી ભક્તિ, શુદ્ધ ભક્તિ કરે તેનો ખટકો રાખ્યો. તેમણે પરમાત્મ-ભક્તિને આધ્યાત્મિકતાના સર્વોચ્ચ શિખરે પ્રસ્થાપિત કરી અને તેની રક્ષા માટે નિયમ-ધર્મના મજબૂત ટેકા પણ મૂક્યા. એક સદાચારી જીવનશૈલીને ભક્તિના પ્રેમમય અનુષ્ઠાનમાં અગત્યનું સ્થાન આપ્યું.

## આંતરિક શુદ્ધિ અને બ્રાહ્મી સ્થિતિનો સત્સંગ

મદ્યપાન કે માંસાહાર જેવાં વ્યસનોથી છૂટી, કેવળ બાહ્ય શુદ્ધિ જ સહજાનંદી સત્સંગનું પૂર્ણવિરામ નથી. અહીં આંતરિક શુદ્ધિ અને બ્રાહ્મી સ્થિતિ પ્રાપ્ત કરવા પર વધુ ભાર મૂકવામાં આવ્યો છે.

આંતરિક શુદ્ધિ એટલે કામ, ક્રોધ, લોભ, મોહ, ઈર્ષ્યા, દ્વેષ, માન વગેરે સ્વભાવોથી મુક્તિ મેળવવી. આ સ્વભાવમુક્તિ બ્રાહ્મી સ્થિતિ પ્રાપ્ત કર્યા વગર થાય નહીં. બ્રાહ્મી સ્થિતિ પ્રાપ્ત કરવી એટલે ગુણાતીત થવું, બ્રહ્મરૂપ થવું, અક્ષરરૂપ થવું. આવી બ્રાહ્મી સ્થિતિ પ્રાપ્ત કરે એટલે ભક્ત નિર્વિઘ્ને, સહજતાથી અને સંપૂર્ણ આનંદ સાથે ભગવાનની ભક્તિ કરી શકે, જીવનની સાચી શાંતિ માણી શકે, જીવતાં જ મુક્તિનો અહેસાસ કરી શકે. સાચા સત્સંગનું આ જ સાચું ફળ છે. જેમ કે સ્વામિનારાયણ ભગવાને કહ્યું –

- 'અતિ સાચે ભાવે કરીને સત્સંગ કરે તો તેને કોઈ જાતનો દોષ હૈયામાં રહે નહિ અને દેહ છતાં જ બ્રહ્મરૂપ થઈ જાય.'

(વચનામૃત સારંગપુર પ્રકરણ ૯)

## જીવના કલ્યાણનો સત્સંગ

સંસારની અવનવી ઘટમાળમાં અટવાયેલા મનુષ્યોને અનેક મુશ્કેલીઓમાંથી ગુજરવું પડે છે. લગ્ન ન થવાં, અનિચ્છિત વ્યક્તિ સાથે લગ્ન થઈ જવાં, સંતતિ ન થવી, ધંધો ન મળવો, મળેલ ધંધો ન ચાલવો, શરીરના રોગ મટે નહીં વગેરે સંસારની અનેક વિટમણાઓ છે. પરિણામે, માનવીનું મન અશાંત અને

દુઃખી રહ્યા કરે છે. એમાં કોઈ વ્યક્તિ સત્સંગ કરે તો અવશ્ય એને આ દુઃખમાંથી રાહત મળે, શાંતિનો અનુભવ અને કેટલુંક સમાધાન પણ થાય. પરંતુ આવી લૌકિક અને કેવળ આ જન્મની વિટમણાઓથી જ છુટકારો મેળવવો એટલું જ સત્સંગનું તાત્પર્ય નથી. કેવળ આ જન્મમાં સુખ-સગવડભર્યું જીવન મેળવી લેવું એટલી જ સત્સંગની ફળશ્રુતિ નથી. છુટકારો તો અનંત જન્મોથી વળગેલી માયાથી મેળવવાનો છે. સુખ તો પરમ અને અનંત સુખમય પરમાત્મા સહજાનંદનું લેવાનું છે. પરમ કલ્યાણમાં માયામુક્તિ અને પરમસુખ-પ્રાપ્તિ બંને સમાયાં છે. આ પરમ કલ્યાણ જ સત્સંગનો મુખ્ય હેતુ છે. સહજાનંદ શ્રીહરિએ સ્થાપેલા સત્સંગમાં આ સ્પષ્ટતા સૌ ભક્તોને તેમણે પોતે જ દૃઢાવી હતી. જેમ કે તેમણે કહ્યું –

- 'હું સત્સંગ કરું તો મારો દેહ માંદો છે તે સાજો થાય, અથવા વાંઝિયો છું તે દીકરો આવે, કે દીકરા મરી જાય છે તે જીવતા રહે, કે નિર્ધન છું તે ધનવાન થઉં, કે ગામગરાસ ગયો છે તે સત્સંગ કરીએ તો પાછો આવે,' એવી જાતની જે પદાર્થની ઇચ્છા તે રાખીને સત્સંગ ન કરવો. અને જો એવી જાતની ઇચ્છા રાખીને સત્સંગ કરે અને એ પદાર્થની ઇચ્છા પૂરી થાય તો અતિશય પાકો સત્સંગી થઈ જાય અને જો ઇચ્છા પૂરી ન થાય તો નિશ્ચય ઘટી જાય. માટે સત્સંગ કરવો તે પોતે પોતાના જીવના કલ્યાણને જ અર્થે કરવો.'

(વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૦)

આ સ્પષ્ટતાને લીધે સત્સંગીને સાધનાની સાચી દિશાથી ભટકવાનો પ્રશ્ન ન રહ્યો. સત્સંગનો એવો પ્રતાપ છે કે સત્સંગ કરનારને સાંસારિક, વ્યાવહારિક, કૌટુંબિક કે પછી સમાજિક મુશ્કેલીઓમાં ઊભા રહેવાનું બળ અવશ્ય મળી રહે છે. તેમ છતાં 'ખરો સત્સંગ તો મારે મારા જીવનું પરમ કલ્યાણ પ્રાપ્ત કરવું તે જ છે' એ સિદ્ધાંતને આપણા સત્સંગીઓ ભૂલ્યા નથી.

## સ્વમૂલ્યાંકનનો સત્સંગ

સંપ્રદાયમાં તેના પ્રત્યેક અનુયાયીને વ્યક્તિગત રીતે ઉન્નત જીવનના સિદ્ધાંતોનું વારંવાર અનુસંધાન કરાવવું અનિવાર્ય છે. આદર્શો ગમે તેટલા ઊંચા અને પ્રાપ્ત કરી શકાય તેવા હોય, પરંતુ જો તે આદર્શોને રોજિંદા જીવનમાં ઘૂંટવાનો ખટકો રાખવામાં ન આવે, તો બહારથી ખૂબ વ્યાપ દેખાવા છતાં તે સંપ્રદાય પરમ હિતકારી અને ચિરસ્થાયી ન બની શકે. સહજાનંદી સત્સંગમાં કેવળ આદર્શોની વાતો નથી થઈ; તેને પ્રાપ્ત કરવાના સચોટ ઉપાયો પણ દર્શાવવામાં આવ્યા છે. તેમાંનો એક ઉપાય છે – પોતાની તપાસ.

પોતાની તપાસ એટલે સ્વમૂલ્યાંકન. તેઓએ પોતાના આશ્રિતોને સતત પોતાના તપાસની - સ્વમૂલ્યાંકનની ટેવ ઘૂંટાવી હતી. નીચેના બે સંદર્ભોમાં એ જોવા મળશે...

૧. 'સાંભળો, વાત કરીએ છીએ જે, જે સત્સંગી હોય તેને જ્યાંથી પોતાને સત્સંગ થયો હોય ત્યાંથી પોતાના મનનો તપાસ કરવો જે, 'પ્રથમના વર્ષમાં મારું મન આવું હતું ને પછી આવું હતું અને આટલી ભગવાનની વાસના હતી ને આટલી જગતની હતી,' એમ વર્ષોવર્ષનો સરવાળો વિચાર્યા કરવો અને પોતાના મનમાં જેટલી જગતની વાસના બાકી રહી ગઈ હોય તેને થોડે થોડે નિરંતર ટાળવી.'

(વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૩૮)

૨. 'જે દિવસ થકી સત્સંગ થયો છે તે દિવસથી જેણે નામું માંડી રાખ્યું હોય તેનો સ્વભાવ ટળે છે. અને તે એમ વિચારે જે, 'જ્યારે મારે સત્સંગ નહોતો ત્યારે મારે આટલો મલિન સ્વભાવ હતો અને સત્સંગ કર્યા પછી આટલો સ્વભાવ ઉત્તમ થયો છે.' અને વર્ષોવર્ષ પોતાનો વધારો થતો હોય અથવા કાંઈ ફેર રહેતો હોય તે સર્વેને તપાસ્યા કરે તો તેના જે જે સ્વભાવ હોય તે સર્વે નાશ પામી જાય છે.'

(વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૮)


સર્વોપરી પ્રાપ્તિના વિચારની સાથે સહજાનંદ શ્રીહરિએ સ્વમૂલ્યાંકનનો એટલો તો સુંદર મેળ બેસાડ્યો છે કે અલૌકિક સત્સંગની પ્રાપ્તિના કેફમાં સાધક છકી ને બહેકી ન જાય, અને પોતાની નબળાઈઓને જોઈને ગભરાઈને પાછો પણ પડી ન જાય.

આમ સદાચારથી આરંભી સ્વભાવમુક્તિ અને બ્રાહ્મી સ્થિતિ પામી પરમ કલ્યાણ સુધીની સફર એટલે સહજાનંદી સત્સંગ છે.


## પ્રગટ બ્રહ્મસ્વરૂપ ગુરુહરિનો સાથ

'સહજાનંદી સત્સંગ'ની સૌથી અદકેરી વિશેષતા એ છે કે અહીં સદૈવ સ્વયં પરબ્રહ્મ સહજાનંદનો સાથ છે. આ બ્રહ્માંડમાં પરબ્રહ્મ સ્વયં સર્વ પ્રથમ વખત સહજાનંદ શ્રીહરિરૂપે જ અવતર્યા. એ પૂર્વે આ બ્રહ્માંડને ક્યારેય પરબ્રહ્મ પુરુષોત્તમના સાક્ષાત્ અવતરણનો લાભ મળ્યો નથી. વળી, એવું પણ નથી બન્યું કે તેમના અંતર્ધાન થયા પછી તેમના કોઈ અનુયાયીઓએ આ સંપ્રદાયની સ્થાપના કરી હોય. આપણો સત્સંગ તો સ્વંય પરબ્રહ્મ પુરુષોત્તમે જ સ્થાપ્યો છે. આથી જ, *'અક્ષરના વાસી વ્હાલો આવ્યા અવનિ પર, અવનિ પર આવી વ્હાલે સત્સંગ સ્થાપ્યો, હરિભક્તોને કોલ કલ્યાણનો આપ્યો રાજ...'* એમ એમની હયાતીમાં જ સૌ આશ્રિતો ગાન કરતા. આ ગાન આજ દિન પર્યંત એ જ રીતે ગવાતું આવ્યું છે.

વિશિષ્ટ તત્ત્વજ્ઞાન, વિશિષ્ટ આચાર, વિશિષ્ટ સાધના-પદ્ધતિ વગેરે વિવિધ વિશેષતાઓને લીધે આ સત્સંગ 'સહજાનંદી સત્સંગ' તરીકે જુદી છાપ ઉપસાવે છે. તેમાંયે સૌથી મોટી વિશેષતા એ છે કે આ સત્સંગના સ્થાપક સ્વયં પરબ્રહ્મ સહજાનંદ પોતાના અંતર્ધાન થયા પછી પણ આ સત્સંગમાં પ્રગટ રહ્યા. સાક્ષાત્ અક્ષરબ્રહ્મ ગુણાતીત ગુરુ દ્વારા પ્રગટ રહી (**અનુસંધાન પૃષ્ઠ ૨૩ પર**)


અમર
વારસો
ગુણાતીતનો

'તમારા બધાના દેહ તો પાંચ-દશ વર્ષમાં પડી જશે, પણ હું તો ચિરંજીવ છું.'
જૂનાગઢના સ્વામિનારાયણીય સભામંડપમાં આજથી બસો વર્ષ પૂર્વે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ ઉચ્ચારેલાં આ વચનોમાં એક તત્ત્વજ્ઞાન સમાયેલું છે.
એ તત્ત્વજ્ઞાન ઉપનિષદોનું છે, ભગવદ્‌ગીતાનું છે, ભગવાન શ્રી સ્વામિનારાયણનું છે.
અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને સાથે લઈને ભગવાન શ્રી સ્વામિનારાયણ આ વસુંધરા પર અવતર્યા, તેમાં એમની નિતાંત કરુણાની ગંગા વહે છે. એ કલ્યાણમયી કરુણાગંગાને નિરંતર વહેતી રાખવા, આ વસુંધરા પર પોતાના અસ્તિત્વને ચિરંતન રાખવા માટે ભગવાન સ્વામિનારાયણે અક્ષરબ્રહ્મની એ ગુણાતીત પરંપરાને જ માધ્યમ બનાવી. પરિણામે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીથી લઈને બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ પર્યંત એ ગુણાતીત વારસાની એક સરખી અનુભૂતિ સૌએ સતત બે બે સદીઓ સુધી માણી છે. ગુણાતીતનાં શાસ્ત્રકથિત લક્ષણોનું એક નિરાળું દર્શન આ પાંચ પાંચ ગુરુદેવોના વ્યક્તિત્વમાં સૌએ નિહાળ્યું છે. તેમાંય, સમગ્ર વિશ્વના કરોડો લોકોએ અનુભવેલું આ ગુણાતીત વારસાનું સાક્ષાત્ મૂર્તિમંત સ્વરૂપ એટલે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ. સતત નવ નવ દાયકાઓ સુધી તેમનું દિવ્ય જીવન અસંખ્ય લોકોને પવિત્ર પ્રેરણાઓ, આધ્યાત્મિક સુખ અને શાંતિનો અનુભવ કરાવતું રહ્યું. પરંતુ સન ૨૦૧૬નું વર્ષ સૌને એક અસહ્ય આઘાત આપી ગયું, કારણ કે ૯૫ વર્ષીય પ્રમુખસ્વામી મહારાજે પોતાની જીવનલીલા સંકેલી લીધી.
સન ૨૦૧૬ના ઓગસ્ટ મહિનામાં તેઓએ પોતાની જીવનલીલા સંકેલી ત્યારે તેઓના આધ્યાત્મિક અનુગામી તરીકે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની નિયુક્તિ જાહેર થઈ તેમાં કોઈને આશ્ચર્ય નહોતું, કારણ કે સાધુતાથી સંપન્ન મહંત સ્વામી મહારાજની શાંત અને સૌમ્ય પ્રતિભા સૌને દાયકાઓથી પ્રિય રહી છે. પરંતુ બે વર્ષના આ સમય દરમ્યાન સૌને પ્રતીતિ થવા લાગી કે એ શાંત અને સૌમ્ય પ્રતિભામાં ગુણાતીત ગુરુનાં આધ્યાત્મિક લક્ષણો એવાં જ ઝળકે છે, જેવાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના વ્યક્તિત્વમાં અનુભવાયાં હતાં. ભગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃતોમાં કહેલાં ગુણાતીત સત્પુરુષની વિશેષતાઓ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજમાં સોળે કળાએ મહોરેલી અનુભવાતી હતી. એ જ વિશેષતાઓ આજે મહંત સ્વામી મહારાજમાં અનુભવાય છે. આ જ છે, ગુણાતીત વારસાની અમરતા. આ જ છે, શ્રીહરિ કથિત અક્ષરપુરુષોત્તમ દર્શનની વિશેષતા. હવે સૌ કોઈ અનુભવે છે કે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ ભલે સ્થૂળ દેહે વિલીન થયા, પરંતુ એમનું દિવ્ય તત્ત્વ આજેય એવું ને એવું ચેતનવંતું છે.
કાયા બદલાઈ છે, દિવ્યતા નહીં.
તાજેતરમાં તા. ૩ ઓક્ટોબર, ૨૦૧૮ અને ભાદરવા વદ નવમીના દિવસે ભાવનગર ખાતે મહંત સ્વામી મહારાજનો ૮૫મો જન્મજયંતી ઉત્સવ ઊજવાયો ત્યારે સૌની અનુભૂતિઓમાં એ જ સારતત્ત્વ ગુંજતું રહ્યું. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની આધ્યાત્મિક ગુણસંપત્તિ મહંત સ્વામી મહારાજમાં કેવી રીતે સાંગોપાંગ ખીલી છે, તે વિવિધ વિષયો પર પ્રસ્તુત થયેલાં વ્યાખ્યાનો દ્વારા સૌએ માણ્યું. મહંત સ્વામી મહારાજના ૮૫મા જન્મદિને વંદના કરતાં આવો, એ ગુણવૈભવનું આચમન કરીએ અને અનુભવીએ -
*'અમર વારસો ગુણાતીતનો, સતત ચાલતો શ્રીહરિ તણો,*
*ભગતજી અને શાસ્ત્રી-યોગીજી, પ્રમુખજી અને શ્રી મહંતજી...'*



# નિયમ-ધર્મ

## અમર વારસો ગુણાતીતનો



■ પૂજ્ય નારાયણમુનિદાસ સ્વામી

**સામે મુકાયેલા સુવર્ણ થાળને ઠેલીને લાકડાના પત્તરમાં જમનાર ગુણાતીતનો નિયમધર્મનો વારસો પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં સૌએ નિહાળ્યો છે. જૂનાગઢના નાગરોનાં કાળજાં તૂટી જાય એવું બ્રહ્મચર્ય વ્રત પાળનાર ગુણાતીતનો નિયમધર્મનો વારસો પ્રમુખસ્વામી મહારાજમાં સમગ્ર વિશ્વે નિહાળ્યો છે. પ્રમુખસ્વામી મહારાજની નિયમધર્મની દૃઢતા વર્તમાનકાળે મહંત સ્વામી મહારાજમાં પણ પ્રતિબિંબિત થાય છે.**

ગુણાતીતનો વારસો અમર છે. ભગવાન સ્વામિનારાયણની ગુણાતીત ગુરુપરંપરાની એ વિશેષતા છે કે દરેક ગુરુવર્યની કાર્યશૈલી, રીતિ વિશિષ્ટ હોય છે, પરંતુ એમના ગુણો, એમના ગુણોનો ભાવ, એમના ગુણોનું પ્રેરકબળ એક સરખું હોય છે. કારણ કે આ ગુણાતીતનો વારસો અમર છે. ગુણાતીત ગુરુપરંપરાની એક આગવી વિશેષતા રહી છે – ભગવાન સ્વામિનારાયણે આપેલા નિયમધર્મમાં પર્વતપ્રાય દૃઢતા.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે જીવનભર દૃઢતાપૂર્વક પાળેલા નિયમધર્મની વિશેષતાનાં દર્શન સૌએ કર્યાં છે. ભગવાન સ્વામિનારાયણની નાનામાં નાની આજ્ઞાનો પણ તેમણે ક્યારેય લોપ થવા દીધો નથી. આજે મહંત સ્વામી મહારાજને નિહાળતાં એ જ દૃઢતાનું દર્શન થાય છે. ભગવાન સ્વામિનારાયણ કે પોતાના ગુરુહરિની નાનામાં નાની આજ્ઞાનું તેઓ શ્રેષ્ઠ રીતે પાલન કરે છે કરાવે છે.

આપણે જોયું છે કે પ્રમુખસ્વામી મહારાજને આજ્ઞા પાળવા પાછળ કેવળ ભગવાન સ્વામિનારાયણને રાજી કરવાનો શુદ્ધ ભક્તિભાવ હતો. એમણે ક્યારેય કોઈ દેખાવ માટે આજ્ઞાનું પાલન કે સેવા-ભક્તિ નથી કર્યાં. માન-મોટપ માટે પણ નથી કર્યું. કોઈ અંગત સ્વાર્થ માટે નથી કર્યું, પરંતુ હૃદયના શુદ્ધ ભાવથી કર્યું છે.


સન ૨૦૦૦માં અમેરિકામાં યુનો ખાતે યોજાયેલી મિલેનિયમ વિશ્વધર્મ પરિષદમાં મુખ્ય સત્રમાં પ્રમુખસ્વામી મહારાજે વક્તવ્ય આપ્યું. એ સાંભળીને તે વખતે ત્યાં ઉપસ્થિત ધર્મગુરુઓ સહિત સૌ કોઈ ખૂબ પ્રભાવિત થયેલા. એ પ્રસંગના મુખ્ય યજમાન અને સીએનએનના તત્કાલીન વડા શ્રી ટેડ ટર્નર પણ ખૂબ પ્રભાવિત થયેલા. ભારતીય પત્રકારોએ પણ આ વાતને ખૂબ જ બિરદાવી હતી. સન્માન અને આનંદનો એ પ્રસંગ હતો. આ પ્રસંગ બાદ સૌ સંતો-ભક્તો ગૌરવથી છલકાતા હતા. એ સમયે પ્રમુખસ્વામી મહારાજ કંઈક અલગ વિચારતા હતા. પ્રમુખસ્વામી મહારાજ આ તમામ કાર્યક્રમ બાદ નિજનિવાસે પધાર્યા ત્યારે આ કાર્યક્રમનું આયોજન કરનાર સંતો-કાર્યકરોને સ્વામીશ્રીએ બોલાવ્યા અને કહ્યું, 'આજે તો ભગવાન સ્વામિનારાયણની કૃપાથી આપણે એમણે આપેલી નિયમ-ધર્મ-આજ્ઞાનું પાલન બરાબર કરી શક્યા છીએ, પણ ભવિષ્યમાં આવા મોટા સમારંભો હોય તેમાં કદાચ સાધુ માટેની ભગવાન સ્વામિનારાયણે આપેલી આજ્ઞાનો લોપ થતો હોય તો

આપણે ન જ ગોઠવવું.' જ્યારે સૌ સન્માનના આનંદમાં રાચતા હતા ત્યારે પ્રમુખસ્વામી મહારાજ ભગવાન સ્વામિનારાયણની આજ્ઞા યથાર્થ પળાય તેના વિચારોમાં જ ખોવાયેલા હતા.

ભગવાન સ્વામિનારાયણની આજ્ઞાના પાલનની આવી જ દૃઢતા પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજમાં નીરખવા મળે છે. સન ૨૦૦૨માં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ ઑસ્ટ્રેલિયા પધાર્યા હતા. ઍડિલેડમાં કાર્યકરોએ સમુદ્ર સ્નાનનો કાર્યક્રમ ગોઠવ્યો હતો. પરમ પૂજ્ય સ્વામીશ્રીને ત્યાં લઈ જવામાં આવ્યા. સ્વામીશ્રીએ જોયું કે એ સ્થળ પર બહુ મોટો સમૂહ હોવાથી સાધુ મર્યાદા જળવાય એવું નહોતું તેથી સ્વામીશ્રીએ અહીં સ્નાન કરવાની અનિચ્છા દર્શાવી. સ્વામીશ્રીને તરત જ બીજા સ્થાને લઈ જવામાં આવ્યા. અહીં નજીકમાં સમૂહ નહોતો પણ દૂર થોડો માનવસમૂહ હતો. તેથી ત્યાં પણ મહંત સ્વામી મહારાજે સ્નાનની અનિચ્છા દર્શાવી. ત્રીજે સ્થાને લઈ જવામાં આવ્યા અને અહીં એકાંત હતું. તેથી મહંત સ્વામી મહારાજે અહીં સ્નાનાદિક વિધિ કર્યો. સ્વામીશ્રી સતત એ જ વિચારતા રહે છે કે ભગવાન સ્વામિનારાયણની આજ્ઞા બરાબર પળાય છે કે નહીં? તેઓને મનમાં સતત ભગવાનને રાજી કરવાનો જ વિચાર હોય છે. આ જ ગુણાતીતનો અમર વારસો છે.

નિયમ અને ધર્મ, આ બન્ને શબ્દ આપણે ભેગા બોલીએ છીએ. ધર્મ-નિયમ શબ્દ પોતપોતાના વિશિષ્ટ અર્થ ધરાવે છે. ઘણી વખત નિયમ પળાતો હોય, પણ ધર્મ ન પણ હોય. આપણે દેહે કરીને નિયમ પાળી શકીએ, પણ મનથી એ મુજબ વર્તવું અને ધર્મ આત્મસાત્ કરવો બહુ જ દુર્લભ બાબત છે. ગુણાતીત ગુરુપરંપરા ધર્મ અને નિયમ બંને પાળીને આપણને આદર્શ પૂરો પાડે છે.

મહંત સ્વામી મહારાજનું નિઃસ્વાદી વર્તમાન ઊડીને આંખે વળગે છે. તેઓ ક્યારેય ભગવાન સ્વામિનારાયણની આજ્ઞા વિરુદ્ધ પત્તર વગર જમતા નથી. ક્યારેક કોઈ સ્વાદની પણ પરવાહ કરતા નથી. એક વખત સ્વામીશ્રી પરવળનું શાક જમી ગયા. ત્યારબાદ સેવકોને ખબર પડી કે પરવળ તો કડવાં હતાં. એક વખત ભક્તોએ સ્વામીશ્રીને બહુ આગ્રહ કરીને ડ્રાયફ્રૂટ જમવા આગ્રહ કર્યો. સ્વામીશ્રીએ એ ગ્રહણ પણ કર્યું. ત્યારબાદ સૌએ પ્રસાદ લીધો ત્યારે ખબર પડી કે જે ડ્રાયફ્રૂટ લેવા આગ્રહ કરતા હતા એ તો ખોરા હતા. મધુર હોય કે ખોરું, કડવું હોય કે ગળ્યું, એ બન્ને સ્વામીશ્રીને સમ વર્તે છે. ગુણાતીત ગુરુપરંપરાની આ વિશેષતા છે કે નિયમ અને ધર્મ એ બન્ને એક સરખા જોવા મળે છે. આપણાં મોટાં સદ્ભાગ્ય છે કે આવી ગુણાતીત ગુરુપરંપરા આપણને મળતી રહી છે. જે અનુભવ શાસ્ત્રીજી મહારાજના વખતમાં થતો એ જ યોગીજી મહારાજના વખતમાં સૌને થયો. જે અનુભવ યોગીજી મહારાજના સમયમાં થતો હતો એ જ અનુભવ પ્રમુખસ્વામી મહારાજના વખતમાં થયો. જે અનુભવ પ્રમુખસ્વામી મહારાજના સાંનિધ્યમાં અનુભવતા હતા એ જ અનુભવ આજે પ્રત્યક્ષ મહંત સ્વામી મહારાજની ઉપસ્થિતિમાં આપણે કરી રહ્યા છીએ. જેમના જીવન દ્વારા આપણે આપણા જીવનને કૃતાર્થ માની શકીએ એવા ભવ્ય દિવ્ય જીવન જીવનારા આવા યુગપુરુષ મહંત સ્વામી મહારાજને એમની જન્મજયંતીએ કરોડો વંદન. ◆



# પરાભક્તિ

અમર વારસો ગુણાતીતનો



■ પૂજ્ય અક્ષરવત્સલદાસ સ્વામી

ગુણાતીતનો અમર વારસો તેઓમાં નીખરતી પરાભક્તિ દ્વારા ઝળકે છે.
મેઘલી મધરાતે ભગવાન સ્વામિનારાયણનાં દર્શન માટે ઊભા રહેલા ગુણાતીતાનંદ સ્વામીના જીવનમાં જોવા મળતી પરાભક્તિ પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં ઝળહળતી સૌએ નીરખી છે. પ્રમુખસ્વામી મહારાજની પરાભક્તિના એ જ સર્વ આયામો વર્તમાનકાળે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજમાં પણ સૌને અનુભવાય છે.

વિદ્વાનો, ચિંતકો, તત્ત્વજ્ઞાનીઓ, કથાકારો સૌ કોઈ અનેક રીતે પ્રમુખસ્વામી મહારાજની વ્યાખ્યા કરવાનો પ્રયાસ કરી ચૂક્યા છે, પરંતુ એ અનેક વ્યાખ્યાઓમાં ચરમ શિખરે પહોંચી શકે એવી એક વિશિષ્ટ વ્યાખ્યા છેઃ આદર્શ પરાભક્તિનું મૂર્તિમંત સ્વરૂપ.

પ્રમુખસ્વામી મહારાજ એટલે પરાભક્તિનું જાણે ઍવરેસ્ટ શિખર. ઠાકોરજી એટલે એમનો પ્રાણ, ઠાકોરજી એમનો શ્વાસ, ઠાકોરજી એમના લોહીનો લય, ઠાકોરજી એમના હૃદયનો ધબકાર. ઠાકોરજી વિના એક પળ પણ, એક સેકન્ડ પણ એમના માટે ન સંભવે. એક વસ્તુ પણ ઠાકોરજીને અર્પણ કર્યા વિના ન ખપે, ભલેને એ પુષ્પની પાંદડી જ હોય! એ પરાભક્તિને કારણે પ્રમુખસ્વામી મહારાજ એટલા બધા ઈષ્ટદેવમય અને ગુરુમય બની ગયા હતા કે તેઓ પોતાનું સમગ્ર અસ્તિત્વ ભૂલી ગયા હતા. એમને યાદ પણ નહોતું કે મારું કેવું અસ્તિત્વ છે કે મેં કેવાં મહાન કાર્યો કર્યાં છે? અસ્તિત્વના તમામ ભાનથી તેઓ પર થઈ ગયા હતા. એ જ પરાભક્તિનું મૂર્તિમંત દર્શન આજે આપણને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજમાં દેખાય છે. ચહેરો બદલાયો છે, પણ એ ગુણાતીતની પરાભક્તિનો વારસો એવો ને એવો પ્રબળ અનુભવાય છે. એટલે જ એવી પરાભક્તિમાં રત પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ પણ પોતાના અસ્તિત્વની સભાનતાથી પર થઈ ચૂક્યા છે.


ગત વર્ષે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ પંજાબમાં જાલંધર મંદિરના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં પધાર્યા હતા. પંજાબમાં પહેલું બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર પ્રતિષ્ઠિત થઈ રહ્યું હતું. ગર્ભગૃહમાં ભગવાન સ્વામિનારાયણની પ્રાણપ્રતિષ્ઠા કરીને મહંત સ્વામી મહારાજ બહાર આવ્યા ત્યારે તેઓએ ભાવમય થઈને આત્મસ્વરૂપદાસ સ્વામીને કહ્યું હતું કે 'આજે શ્રીજીમહારાજે શ્રીજીમહારાજની પ્રતિષ્ઠા કરી છે!' પરાભક્તિને કારણે જેઓ શ્રીજીમહારાજમય થઈ ગયા છે, જેમણે પોતાનું હું પદ ત્યજી દીધું છે, એવા મહંત સ્વામી મહારાજ પ્રમુખસ્વામી મહારાજનું સ્વરૂપ થઈને એ જ આધ્યાત્મિક ઊંચાઈએ બિરાજે છે. એટલે જ ગુણાતીત વારસાનો આપણને પળેપળે અનુભવ થાય છે.

ગત વર્ષે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પ પ્રમાણે ભગવાન શ્રી સ્વામિનારાયણની દિવ્ય જીવન-લીલાઓનો એક ખૂબ સુંદર ચિત્રગ્રંથ પ્રકાશિત થયો. વિશ્વપ્રસિદ્ધ ભારતીય ચિત્રકાર શ્રી વાસુદેવ કામથે રચેલાં

ચિત્રોનો આ ગ્રંથ મહંત સ્વામી મહારાજના હસ્તે અમદાવાદ ખાતે ઉદ્ઘાટિત થયો. ઉદ્ઘાટન બાદ મહંત સ્વામી મહારાજે આ ચિત્રગ્રંથ ખૂબ શાંતિથી નિહાળ્યો. એક એક ચિત્રમાં રહેલાં શ્રીહરિના લીલા-પ્રસંગોનું તેઓએ જાણે આકંઠ પાન કર્યું! બીજા અનેકે આ ચિત્રગ્રંથ નિહાળ્યો હશે, પરંતુ મહંત સ્વામી મહારાજ અને અન્યમાં ફરક એ વાતનો હતો કે બીજા લોકો ચિત્ર કે કલા તરીકે જોતા હતા, જ્યારે મહંત સ્વામી મહારાજ આ ચિત્રમાં ચિત્ર ને બદલે સાક્ષાત્ ભગવાનને નીરખતા હતા. એ ચિત્રગ્રંથમાં એમણે શ્રી નીલકંઠવર્ણીની તપોમૂર્તિનાં દર્શન કર્યાં. ચિત્રમાં રહેલા કલા-સૌંદર્યને તો સૌ કોઈ જુએ, પણ તેમાં ભગવાન જોવા વાળા મહંત સ્વામી મહારાજ એવા નીલકંઠમય બની ગયા કે સતત પંદર દિવસ સુધી રોજ એમના ખંડની અંદર નીલકંઠ બેઠેલા દેખાય. રોજ એ સ્થાનનો નિર્દેશ કરીને મહંત સ્વામી મહારાજ બધા સંતોને કહેતાં ભાવમય થઈ જતા હતા કે અહીં સાક્ષાત્ નીલકંઠવર્ણી તપ કરતા બિરાજ્યા છે અને દર્શન આપે છે! આ કેવો સાક્ષાત્કાર! આ કેવી પરાભક્તિ!

મહંત સ્વામી મહારાજના વ્યવહારમાં પણ એ પરાભક્તિ પડઘાય છે. પરાભક્તિ એટલે ભગવાન સિવાય બીજા કોઈની પરવા નહીં - એવું નહીં, પરાભક્તિ એટલે ભગવાન સિવાય બીજા પ્રત્યે તુચ્છભાવ - એવું નહીં, પરંતુ દરેકમાં ભગવાનને નીરખીને તેમાં ભગવાન જેવો ભાવ. દરરોજ સવારે પ્રાતઃપૂજા પછી મહંત સ્વામી મહારાજ સૌને વંદન કરે છે. એકબીજાને નમસ્કાર કરીને અભિવાદન કરવાનું સ્વાભાવિક છે, પરંતુ મહંત સ્વામી મહારાજ તો એકેએક હરિભક્ત કે સંતમાં આંખોમાં આંખો મેળવી, એમનામાં રહેલા સાક્ષાત્ શ્રીજીમહારાજને પ્રણામ કરે છે. પરમાત્માના ભાવથી પ્રણામ કરે છે. બાકી મસ્તક ૧૮૦ ડિગ્રી ઘુમાવીને પ્રણામ કરતાં વાર શું લાગે? પરંતુ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને સંતો-હરિભક્તોને પ્રણામ કરવાનો કેટલો બધો સમય લીધા પછી પણ સંતોષ થતો નથી. ક્યારેક સ્ટેજ પર વ્યવસ્થા એવી હોય કે હરિભક્તોનાં દર્શન બરાબર ન થાય તો પોતાના આસન પરથી ઊભા થઈને સૌનાં દર્શન કરવા માટે આગળ આવે છે.

ગત વર્ષે મહંત સ્વામી મહારાજ યુ.એસ.એ.માં રોબિન્સવિલ ખાતે પધાર્યા હતા. ત્યાં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પ અનુસાર નિર્માણાધીન અક્ષરધામમાં સ્તંભ સ્થાપનનો શાનદાર કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ દરમ્યાન ભવ્ય સભાગૃહમાં મંચ ઉપર સ્તંભોની સુંદર પંક્તિઓ રચવામાં આવી હતી. સ્તંભોના





પરાભક્તિને કારણે પ્રમુખસ્વામી મહારાજ એટલા બધા ઇષ્ટદેવમય અને ગુરુમય બની ગયા હતા કે તેઓ પોતાનું સમગ્ર અસ્તિત્વ ભૂલી ગયા હતા. એમને યાદ પણ નહોતું કે મારું કેવું અસ્તિત્વ છે કે મેં કેવાં મહાન કાર્યો કર્યાં છે? અસ્તિત્વના તમામ ભાનથી તેઓ પર થઇ ગયા હતા.

ગોખમાં મુક્તાનંદ સ્વામી અને નિષ્કુળાનંદ સ્વામીના આરસના સ્ટેચ્યૂની જેમ બે કિશોરોને આરસની પ્રતિકૃતિ રૂપે ઊભા રાખવામાં આવ્યા હતા. મુક્તાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામીના પરિવેશમાં ઊભા રાખવામાં આવેલા એ કિશોરોને એવી રીતે સજાવવામાં આવ્યા હતા કે સૌને એમ જ લાગે કે આ આરસનાં સ્ટેચ્યૂ છે. મંચ પરનો પરદો ખૂલ્યો અને મહંત સ્વામી મહારાજ મંચ પર પધાર્યા ત્યારે તે સ્ટેચ્યૂ જીવંત બની ગયાં, તેમણે પોતાના હાથમાં રહેલો હાર મહંત સ્વામી મહારાજને પહેરાવ્યો ત્યારે તેમને અને સૌ સભાજનોને ખબર પડી કે ઓહ! આ સ્ટેચ્યૂ નથી, આ તો સાક્ષાત્ છે. મહંત સ્વામી મહારાજને એમ કહેવામાં આવ્યું કે સ્તંભ પર જમીનથી આશરે ત્રણેક ફૂટની ઊંચાઈના ગોખમાં ઊભા રહેલા આ કિશોરો મુક્તાનંદ સ્વામી અને નિષ્કુળાનંદ સ્વામી છે ત્યારે સ્વામીશ્રીએ અત્યંત ભાવથી એ કિશોરોનો ચરણસ્પર્શ કર્યો! તેઓ એટલા ભાવથી ચરણસ્પર્શ કરી રહ્યા હતા કે સૌ દંગ બની ગયા. પ્રાણપ્યારા ગુરુહરિને પોતાનો ચરણસ્પર્શ કરતાં જોઈને એ કિશોરો સંકોચ પામી ગયા. એમ કે સ્વામી, આપ રહેવા દો, અમે તો વેશ ભજવીએ છીએ. એ કિશોરો સ્તંભના સ્થાન પરથી નીચે ઊતર્યા અને મહંત સ્વામી મહારાજને દંડવત્ કરવા લાગ્યા ત્યારે મહંત સ્વામી મહારાજ એમને રોકવા માંડ્યા કે તમારે મને દંડવત્ ન કરાય. તમે તો સાક્ષાત્ મુક્તાનંદ સ્વામી અને નિષ્કુળાનંદ સ્વામી છો, મારે તમને દંડવત્ કરવાના હોય! પેલા કિશોરો કહે કે અમે તો વેશ ભજવીએ છીએ. પણ પરાભક્તિમાં રત મહંત સ્વામી મહારાજને એવો સાક્ષાત્કારનો ભાવ કે સ્વામિનારાયણ ભગવાનના આ સાક્ષાત્ પરમહંસો છે. આ પરાભક્તિ હોય તો જ સંભવે. મહંત સ્વામી મહારાજમાં પરાભક્તિ અને મહિમા એકબીજામાં એવાં ઓતપ્રોત થઈ ગયાં છે કે જેની આપણે કલ્પના પણ ન કરી શકીએ.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ અંતર્ધાન થયા પછી બહુ જ મોટો હૃદયમાં આઘાત સૌ કોઈના હૃદયમાં છવાયો હતો, પરંતુ મહંત સ્વામી મહારાજના દિવ્ય સાંનિધ્યમાં ધીરે ધીરે સૌમાં એ વિરહનો ભાવ ઓસરવા માંડ્યો. મહંત સ્વામી મહારાજમાં પ્રમુખસ્વામી મહારાજની પ્રતીતિ સાથે જોડાવા લાગ્યા. જ્યાં જ્યાં જાય ત્યાં એમના પ્રભાવથી સૌ સ્વાભાવિકપણે સૌ મહંત સ્વામી મહારાજનો જયજયકાર કરે. જયજયકાર માનવમાત્રને ગમે છે. જયકારને સૌ કોઈ આવકારે છે. પરંતુ પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજ તેમાં અપવાદ છે. 'મહંત સ્વામી મહારાજની જય.. મહંત સ્વામી મહારાજની જય..' એ જયનાદોમાં એમને અકળામણ થાય. તેઓ જયકાર કરનારાઓને રોકે અને કહે, મારી જય નહીં, પહેલાં પ્રમુખસ્વામી મહારાજની જય બોલાવો... તેમણે વારંવાર સૌને ટોક્યા. અટલાદરા, મુંબઈ, અમદાવાદ, આણંદ, નડિયાદમાં ટોક્યા. એક વખત તો મહંત સ્વામી મહારાજે ત્યાં સુધી કહ્યું 'તમે પ્રમુખસ્વામી મહારાજની જય બોલાવ્યા વિના મારી જય બોલાવો છો તો મને એમ લાગે છે કે મારી બે ભુજાઓ કાપી નાંખો છો!' એક વખત કહે, 'આવી જયથી મને તો ગભરામણ થઈ જાય છે!' ગુરુ પ્રત્યેની કેવી અનન્ય ભક્તિ અને પરાભક્તિ હોય ત્યારે હૃદયના આવા ઉદ્ગારો બહાર આવે! આ માત્ર ઉદ્ગારો નથી, આ એમનું જીવન છે.

અમર વારસો ગુણાતીતનો...

એ ગુણાતીતનો પરાભક્તિનો અમર વારસો આજે એવો ને એવો જીવંત અનુભવાય છે. ઈષ્ટદેવ અને ગુરુ પ્રત્યેની એ પરાભક્તિ એવી ને એવી જીવંત છે. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનું સ્મરણ કરતાં ગદ્ગદ થઈ જતા પ્રમુખસ્વામી મહારાજને આપણે નિહાળ્યા છે. આજે આપણે જોઈ શકીએ છીએ કે મહંત સ્વામી મહારાજ યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજનું સ્મરણ કરતાં એમાં લીન થઈ જાય છે.

પ્રમુખસ્વામી મહારાજ સાક્ષાત્ પરાભક્તિનું મૂર્તિમંત એવરેસ્ટ શિખર હતા. એમના રોમે રોમમાંથી અને એમના સમગ્ર અસ્તિત્વમાંથી પરાભક્તિ નીતરતી હતી. પરાભક્તિ એ જ એમની ખરી ઓળખ હતી. આજે પરાભક્તિના એવી ને એવી પરભક્તિના એવરેસ્ટ શિખર સમાન મહંત સ્વામી મહારાજનાં ચરણોમાં કોટિ કોટિ વંદન.

◆


(અનુસંધાન પૃ. ૧૭ પરથી) હવે ત્રીજું ઑપરેશન કરીને વાલ્વ બદલવો પડે તેમ છે. તેમને ઈચ્છા હતી કે મારે સ્વામીશ્રીને મળવું છે, પણ છેલ્લા દિવસે અહીં આવ્યા એટલે આપને મળી નથી શક્યા. તો આપ આશીર્વાદ આપજો.' સ્વામીશ્રી આ સાંભળીને ચિંતા કરવા લાગ્યા. સ્વામીશ્રીએ કહ્યું કે 'આપણે એ ભક્તનું સારું કરવું જોઈએ. મદદ કરવી જોઈએ.' એમ કહીને સેવક સંતને કહ્યું કે 'તમે તેની બધી વિગત પૂરેપૂરી જાણીને મને કહો.' રાત્રે સ્વામીશ્રી આરામમાં પધાર્યા. વહેલી સવારે જ્યારે સ્વામીશ્રી જાગીને પરવારતા હતા, એ વખતે સ્વામીશ્રીએ ફરી વખત એ હરિભક્તના સમાચાર પૂછ્યા, એ વખતે વાતચીતમાં ખબર પડી કે મહંત સ્વામી મહારાજ રાત્રે અઢી વાગ્યાથી સાડા ત્રણ વાગ્યા સુધી એ જ ભક્તનો વિચાર કરતા હતા અને એના માટે જ પ્રાર્થના કરતા હતા! સ્વામીશ્રીની કૃપાદૃષ્ટિથી એના પ્રશ્નનો ઉકેલ પણ મળ્યો.

આમ, ગમે તેવી પરિસ્થિતિમાં હરિભક્ત નાનો હોય કે મોટો હોય પણ પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજ તેની ચિંતા કરતા જ રહ્યા છે.

આ ગુણાતીત ગુરુને આપણા પર વાત્સલ્ય છે. એટલે આપણા ભાવ પૂર્ણ કરવામાં એ થાકતા નથી. પ્રમુખસ્વામી મહારાજે એકવાર એવું કહ્યું હતું કે 'હરિભક્તોને જોઈને અમારાથી રહેવાતું નથી.'

સંતોએ સ્વામીશ્રીને કહ્યું કે 'સ્વામી! આપે ઓછી પધરામણી, ખૂબ ઓછા ફોન કોલ, ઓછી મુલાકાત કરવી જોઈએ, જેથી આપને શ્રમ ન પડે.' ત્યારે પ્રમુખસ્વામી મહારાજે કહ્યું: 'જ્યારે હરિભક્તોને જોઈએ છીએ ત્યારે કોઈ નિયમ અમારાથી રહેતા નથી.' મહંત સ્વામી મહારાજના જીવનમાં પણ આ જ ભાવ જોવા મળે છે.

સન ૧૯૯૭માં મહંત સ્વામી મહારાજ ન્યૂઝીલેન્ડ પધાર્યા હતા. વૅલિંગ્ટન નામના શહેરમાં વિચરણનો છેલ્લો દિવસ હતો. રાત્રે સભા મોડી પૂરી થઈ હતી. એ વખતે એક યુવક ત્યાં આવ્યો અને તેણે મહંત સ્વામી મહારાજને કહ્યું કે 'સ્વામી! મારે ત્યાં પધરામણી કરવા આવો ને!' સંતોએ એ યુવકનો સમજાવ્યો કે અત્યારે રાત્રે મોડું થયું છે. વહેલી સવારે અહીંથી ફ્લાઈટમાં નીકળવાનું છે. પણ, મહંત સ્વામી મહારાજે એ યુવાનનો ભાવ જોયો. સ્વામીશ્રી કહે કે 'ચાલો અત્યારે જ જઈએ.' પધરામણી પૂરી કરી ત્યાં સવા બાર વાગી ગયા. એ વખતે યુવકના પિતાશ્રીને એક ભાવના જાગી. એમણે કહ્યું કે 'સ્વામી! અહીં આ માઉન્ટ વિક્ટોરિયા છે અને તેના પરથી વૅલિંગ્ટન શહેર બહુ સારું દેખાય છે તો તમે અમારી સાથે ત્યાં એ જોવા આવો.' સંતો એ હરિભક્તને સમજાવવા લાગ્યા, પણ સ્વામીશ્રી કહે કે 'ના તેમની ઈચ્છા છે તો આપણે જઈએ'. તે વખતે રાતના ૧.૦૦ વાગે ત્યાં પહોંચ્યા. દોઢ વાગ્યે જ્યારે ગાડીમાં બેઠા તે વખતે ધોધમાર વરસાદ પડ્યો અને સ્વામીશ્રીનાં વસ્ત્રો ભીંજાઈ ગયા. ત્યાંથી સ્વામીશ્રી ઉતારે પધાર્યા. વહેલી સવારે તો સ્વામીશ્રીને ત્યાંથી નીકળી જવાનું હતું. આમ, કોઈ હરિભક્તના હૃદયની સંવેદના તૂટે નહીં તેનું ધ્યાન તેમણે જીવનભર રાખ્યું છે.



ગુણાતીત ગુરુહરિની ભક્તવત્સલતાનું, તેમના હેતનું સૌથી મોટું પ્રમાણ તો એ જ છે કે તેમણે આપણને વચન આપ્યું છે કે આપણી સાથે હંમેશાં રહેવાના છે. પ્રમુખસ્વામી મહારાજે કહ્યું છે કે 'આઇ વિલ ઓલવેઝ બી વિથ યુ...' આ વચન આજેય આપણને અનુભવાય છે.

ગુણાતીત ગુરુહરિની ભક્તવત્સલતાનું, તેમના હેતનું સૌથી મોટું પ્રમાણ તો એ જ છે કે તેમણે આપણને વચન આપ્યું છે કે આપણી સાથે હંમેશાં રહેવાના છે. પ્રમુખસ્વામી મહારાજે કહ્યું છે કે 'આઈ વિલ ઓલવેઝ બી વિથ યુ...' આ વચન આપણને આજે અનુભવાય છે.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ આજથી થોડા સમય પહેલાં અમદાવાદમાં બિરાજમાન હતા. સ્વામીશ્રી જ્યારે આરામમાં પધારતા હતા એ વખતે એક સંતે સ્વામીશ્રીને કહ્યું કે 'સ્વામી પોઢો'. સ્વામી હસતાં હસતાં બોલવા માંડ્યા કે 'અમે પોઢતા જ નથી.' આ વાત સાંભળીને બધાને આશ્ચર્ય થયું એટલે એક સંતે પૂછ્યું કે 'સ્વામી! આપ પોઢતા નથી, તો આપ શું કરો છો? ક્યાં જાઓ છો?' એ વખતે સ્વામીશ્રીએ રહસ્યનું ઉદ્‌ઘાટન કર્યું. સ્વામીશ્રી બોલ્યા કે 'બધા હરિભક્તો પાસે જઈએ છીએ. આ બધા એકાંતિક મુક્તો છે. આખો દિવસ એમનું જ સ્મરણ રહ્યા કરે છે કે બધા હરિભક્તોનું સારું થાય.'

ખરેખર! આપણે કદાચ ગુરુને ભૂલી જઈએ છીએ પણ આ ગુણાતીત ગુરુ આપણને ક્યારેય ભૂલતા નથી. એમની ભક્તવત્સલતા અદ્વિતીય છે, અજોડ છે. ◆

# ભક્તવત્સલતા

અમર વારસો ગુણાતીતનો



■ પૂજ્ય આત્મતૃપ્તદાસ સ્વામી

**ગુણાતીતનો અમર વારસો અનુભવાય છે ભક્તવત્સલતામાં.**
**અડધી રાત્રે મંદિરના કોઠારમાંથી તાકાઓ ફાડીને હરિભક્તોને પહેરાવનાર ગુણાતીતાનંદ સ્વામીની ભક્તવત્સલતાનું પ્રતિબિંબ પ્રમુખસ્વામી મહારાજમાં સૌએ નિહાળ્યું હતું. હરિભક્તોના અનાજને પણ ઓળખી જાય એવી ગુણાતીતાનંદસ્વામીની આત્મીયતા પ્રમુખસ્વામી મહારાજમાં પણ સૌએ નિહાળી છે. એ જ ભક્તવત્સલતા વર્તમાનકાળે મહંત સ્વામી મહારાજમાં પણ સૌ નિહાળી રહ્યા છે.**

ગુણાતીતાનંદ સ્વામીએ તેમની વાતોમાં કહ્યું છે કે ‘આપણને એમ લાગે છે કે આપણને ભગવાન અને સંતમાં હેત છે, પરંતુ આપણા કરતાં ભગવાન અને સંતને આપણા પર ઘણું જ હેત છે. આ વાત્સલ્યનો અનુભવ પ્રમુખસ્વામી મહારાજના સાંનિધ્યમાં સૌએ કર્યો છે અને આજે પણ કરી રહ્યા છીએ - એમના જ સ્વરૂપ મહંત સ્વામી મહારાજમાં.

ગુણાતીત ગુરુઓના આ વાત્સલ્યનો આપણને અનુભવ થાય છે, હરિભક્તોને મળવાની તેમની ઉત્કંઠામાં. સન ૧૯૯૫માં પ્રમુખસ્વામી મહારાજના અમૃત મહોત્સવ પ્રસંગે હજારો ભક્તો ઉપસ્થિત હતા ત્યારે સ્વામીશ્રી બોલ્યા કે ‘આપ દૂર દૂરથી આવ્યા છો. આપ બધાના અંતરમાં હોય કે મારે સ્વામીને મળવું છે. મને પણ એમ છે કે હું બધાને મળું.’ આટલું કહેતાં સ્વામીશ્રી ગળગળા થઈ ગયા. માફી માંગી અને કહ્યું કે ‘દૂર બેઠા હોય, નજીક બેઠા હોય પણ આપણે મળ્યા જ છીએ. અંતરથી એમ માનીને સૌ રાજી રહેજો. મને માફ કરજો.’ પ્રમુખસ્વામી મહારાજની આ જ ભાવના મહંત સ્વામી મહારાજના અંતરમાં પણ એવી ને એવી જ વહી રહી છે, એવું આપણે અનેકવાર અનુભવ્યું છે.

ગત વર્ષે મહંત સ્વામી મહારાજ અમદાવાદમાં બિરાજમાન હતા. તેઓનું સ્વાસ્થ્ય થોડું નાજુક હતું એટલે બહાર આવીને હરિભક્તોને મળવાનું શક્ય નહોતું, પરિણામે સંતઆશ્રમ ઉપરના ઝરૂખામાંથી બધા જ ભક્તોને દર્શન થાય તેવું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વામીશ્રી ત્યાં ઝરૂખામાં આવ્યા અને અચાનક જ સ્વતઃ જ બોલવા લાગ્યા કે ‘બધાને મળવાની બહુ જ ઇચ્છા થઈ છે.’ એ વખતે સ્વામીશ્રીની આ ભાવના બધા હરિભક્તોને સમજાય એટલા માટે સ્વામીશ્રીના હાથમાં માઇક આપવામાં આવ્યું. સ્વામીશ્રી એકદમ બોલવા મંડ્યા કે ‘બધાને દંડવત્ કરવાનું મન થાય છે. ખૂબ ઇચ્છા થઈ છે મળવાની...’ આટલું કહેતાં કહેતાં સ્વામીશ્રી ભાવમય થઈ ગયા.

ગત વર્ષે મહંત સ્વામી મહારાજ અમેરિકામાં હ્યુસ્ટન શહેરમાં હતા અને પ્રમુખસ્વામી મહારાજની પ્રથમ પુણ્યતિથિનો દિવસ હતો. એ દિવસે મહંત સ્વામી મહારાજની ઉપસ્થિતિમાં એરિના સ્ટેડિયમ ખાતે ભાવનાત્મક કાર્યક્રમ રજૂ થયો હતો. બહુ જ મોટી સંખ્યામાં ભક્તો-ભાવિકો ઉપસ્થિત હતા. કાર્યક્રમના અંતે સ્વામીશ્રીએ

પોતાના આશીર્વાદની શરૂઆત કરી ત્યારે કહ્યું કે 'પ્રથમ તો બીજું બધું મૂકીને મારે નાના-મોટા બધાને મળવું છે.' પછી બોલ્યા કે 'નાના-મોટા બધાને મળવા માટે હું તરસ્યો છું, ભૂખ્યો છું.' જાણે ભક્તોને મળવા માટે તલસતા હોય એ ભાવના આપણને ગુણાતીત ગુરુપરંપરામાં જોવા મળે છે. આ ભાવના અન્યત્ર દુર્લભ છે. જે સ્વયં રજોગુણ, તમોગુણ અને સત્ત્વગુણથી પર છે, જે ગુણાતીત છે, જે ક્યાંય બંધાયા નથી, એ ભગવાન અને ભગવાનના ભક્તોમાં બંધાયા છે. આ સ્નેહને લીધે જ તેમની ભક્તવત્સલતાનો પ્રવાહ નિરંતર વહ્યા કરે છે.

આપણે અનેકવાર અનુભવ્યું છે કે પ્રમુખસ્વામી મહારાજને હરિભક્તોની પેઢીઓની પેઢીઓ યાદ રહેતી! એ ભક્તને શું ભાવે છે ને અને શું નથી ભાવતું એ સહેજે એમને યાદ હોય! ભક્તોના જીવનમાં જે ઘટનાઓ બની હોય એ બધી તેઓને ખબર હોય. આ બધાના મૂળમાં છે તેઓની ભક્તવત્સલતા. મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં પણ અનેકવાર સંતો-હરિભક્તોએ આ બાબત અનુભવી છે. આશ્ચર્ય ઉપજાવે એવી એમની સ્મરણશક્તિ, હકીકતમાં એમની ભક્તો પ્રત્યેની આત્મીયતા છે.


સન ૧૯૮૯માં કલકત્તાના રેલવે સ્ટેશન પર એક યુવકે મહંત સ્વામી મહારાજ સમક્ષ એક કીર્તન ગાયું હતું. ૩૦ વર્ષ પછી એ યુવક મહંત સ્વામી મહારાજને મળવા માટે આવ્યા ત્યારે તરત જ સ્વામીશ્રી એ પ્રસંગ સંભારીને કહે, 'તમે તે સમયે આ સુંદર કીર્તન ગાયું હતું.'

અનેક ગામોના હરિભક્તોનાં ઘર, તેની ગલી પણ સ્વામીશ્રી યાદ રાખે અને આખું એડ્રેસ બોલી જાય. ગોંદિયા શહેરના એક હરિભક્તનો ઉલ્લેખ થયો અને સ્વામીશ્રીએ એનું એડ્રેસ બતાવી દીધું કે તમે આ નામની ગલીમાં રહેતા. કોઈ હરિભક્ત વર્ષો પછી મળે, ત્યારે સ્વામીશ્રી તેમને કહી દે કે તમારી લાલ રંગની ગાડીમાં અમે બેઠા હતા, તો કોઈને એવું કહી દે કે એ વખતે તમે આવો ડ્રેસ પહેર્યો હતો!

સ્વામીશ્રી પૂનામાં બિરાજમાન હતા. તે વખતે અમેરિકાથી એક હરિભક્ત સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. સ્વામીશ્રીએ અચાનક જ તેમને પેસ્તનજી નામથી બોલાવ્યા. ઉપસ્થિત સૌને આશ્ચર્ય થયું. એ હરિભક્ત પણ થોડીવાર તો સમજી ન શક્યા! પણ જ્યારે યાદ આવ્યું ત્યારે એકદમ હસવા લાગ્યા. તે હરિભક્તે કહ્યું કે 'સન ૧૯૭૭માં આફ્રિકામાં હું ૧૦-૧૨ વર્ષનો હતો ત્યારે એક સભામાં મેં પેસ્તનજી નામનું એક પાત્ર ભજવ્યું હતું. સ્વામીશ્રીને હજી પણ એ યાદ છે!' સ્વામીશ્રી આપણને યાદ રાખે છે એ તેમનું આપણા પરનું વાત્સલ્ય છે.

ફક્ત સ્થૂળ દૃષ્ટિએ મળવાની વાત નહીં, ફક્ત કોઈને યાદ રાખવાની વાત નથી, પરંતુ હરિભક્તોના વ્યવહારની ચિંતા પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજે કરી છે. આપણે જાણીએ છીએ કે સન ૧૯૯૦માં લંડનમાં મધરાતે પ્રમુખસ્વામી મહારાજ જાગી-જાગીને પ્રાર્થના કરતા હતા. શાના માટે? કોઈને દુઃખ ન પડે, દુકાળ ન થાય, વરસાદ પડે, તેના માટે. સન ૨૦૧૮ના જાન્યુઆરી મહિનામાં મહંત સ્વામી મહારાજ સુરતમાં બિરાજમાન હતા. રાત્રે આરામમાં જતી વખતે સેવક સંતે સ્વામીશ્રીને વાત કરી કે 'હિંમતનગરના રૂપાભાઈ નામના એક સામાન્ય પરિસ્થિતિના હરિભક્તનાં ધર્મપત્નીને હૃદયના વાલ્વની તકલીફ થઈ છે. બે વાર ઑપરેશન કરાવ્યા બાદ પણ નિષ્ફળ ગયા.

**(અનુસંધાન પૃ. ૧૫૨)**



# અહંશૂન્યતા

અમર વારસો ગુણાતીતનો



■ પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામી

ગુણાતીતનો વારસો નીખરે છે, અહંશૂન્યતામાં. સાક્ષાત્ અક્ષરબ્રહ્મ હોવાને નાતે અનંતકોટિ બ્રહ્માંડોને ધારણ કરનાર ગુણાતીતાનંદ સ્વામીએ સંતો-ભક્તોના જોડા પોતાના માથે ધારણ કર્યા એ ગુણાતીતની અહંશૂન્યતા પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજમાં સૌએ સોળે કળાએ ખીલેલી જોઈ હતી. અને આજે પણ અહંશૂન્યતાની એ વિરાસતનો દિવ્ય અનુભવ મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં અનુભવાય છે.

થોડા સમય પહેલાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને પૂછવામાં આવેલું કે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં અનેક સદ્‌ગુણો હતા, પણ સૌથી વધારે તમને કયો સદ્‌ગુણ સ્પર્શે છે? તે વખતે મહંત સ્વામી મહારાજે વાત કરી હતી કે નિર્માનીપણું, અહંશૂન્યતા.

અહં એ માણસના વ્યક્તિત્વનો પરિચય આપે છે. જ્યારે પોતાની આઈડેન્ટિટી (ઓળખ) સંપૂર્ણપણે ભગવાનમાં લીન થાય ત્યારે તે વ્યક્તિ આદર્શ રીતે અહંશૂન્ય કહેવાય. પ્રમુખસ્વામી મહારાજમાં જે અહંશૂન્યતા હતી એવાં જ દર્શન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજમાં થઈ રહ્યાં છે.

જે વ્યક્તિ અહંશૂન્ય હોય એ બધાને નમી શકે. મહંત સ્વામી મહારાજનો પહેલેથી નિત્યક્રમ રહ્યો છે કે તેઓ ઠાકોરજીને ભાવથી પગે લાગે, દંડવત્ કરે, આરતી પૂર્ણ થયા બાદ સૌ સંતોને તેઓ ચરણસ્પર્શ કરતા. આજે સૌ જોઈએ છીએ કે તેઓ પ્રાતઃપૂજા બાદ સાતથી આઠ મિનિટ સુધી ઉપસ્થિત સંતો-હરિભક્તોને બહુ ભાવથી વંદન કરે છે. બાળકોને નજીક બોલાવે અને તેમને પણ પગે લાગે છે. ગત વર્ષે રોબિન્સવિલમાં મહંત સ્વામી મહારાજે બાળકોને પૂજા પછી ત્રણ દિવસ સુધી નજીક બોલાવ્યા અને જય સ્વામિનારાયણ કહ્યા. ચોથે દિવસે મહંત સ્વામી મહારાજે પૂછ્યું કે 'તમને થતું હશે કે શા માટે બાળકોને બોલાવું છું?' ત્યારબાદ તેમણે જ ઉત્તર કર્યો કે 'આ બધા બાળકો અક્ષરમુક્તો છે. બધાયને આ અક્ષરમુક્તોનાં દર્શન થાય તેના માટે બાળકોને ઊભા કરું છું.'

એક વખત મહંત સ્વામી મહારાજ ન્યૂઝીલેન્ડના ઑકલેન્ડમાં શહેરમાં હતા. તેઓ પસાર થઈ રહ્યા હતા અને એક પિતા પોતાના બાળકને તેડીને ઊભા હતા. બાળકે મહંત સ્વામી મહારાજના મસ્તક પર હાથ મૂક્યો. તે વખતે મહંત સ્વામી મહારાજ એકદમ પ્રેમથી બોલ્યા, 'આશીર્વાદ આપો.'

આનંદવિહારીદાસ સ્વામી વિદ્યાર્થી તરીકે હતા ત્યારે મહંત સ્વામી મહારાજ સાથે સેવામાં જોડાયા હતા. સોળેક વર્ષની તેમની ઉંમર. એક દિવસ એકાદશીનું પર્વ હતું. મહંત સ્વામી મહારાજ બોચાસણ પધાર્યા હતા. આનંદવિહારીદાસ સ્વામી મહંત સ્વામી મહારાજના રૂમનું બાથરૂમ સાફ કરી રહ્યા હતા. એ જ સમયે મહંત સ્વામી મહારાજ તેમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા લાગ્યા. આ જોઈને સોળ વર્ષની ઉંમરના વિદ્યાર્થી યુવક તરીકે સેવા કરતા આનંદવિહારીદાસ સ્વામી એકદમ જ ઝબકી ગયા અને

મહંત સ્વામી મહારાજને કહ્યું કે ‘સ્વામી! આ શું કરો છો?’ સ્વામીશ્રીએ કહ્યું કે ‘એકાદશીનો દિવસ છે અને તમને નિર્જળા ઉપવાસ છે છતાં તમે આ સમયે આ સેવા કરો છો એટલે દંડવત્ કરું છું.’

સિમલામાં નૂતન મંદિરના પ્રતિષ્ઠા મહોત્સવ બાદ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ દિલ્હી પધાર્યા હતા. ત્રણ દિવસ સુધી અક્ષરધામ પરિસરમાં પૂજા કરી. એક દિવસ અક્ષરધામના પોડિયમ પર પૂજા કરીને આશીર્વાદ આપતાં સ્વામીશ્રી બોલ્યા કે ‘આજે બહુ મજા આવી પૂજામાં. આખી પૂજામાં દંડવત્ જ કર્યા છે. સદ્‌ગુરુ સંતોને મનમાં સંભારીને દંડવત્ કર્યા. વડીલ સંતો અહીં બેઠા છે તેમને દંડવત્ કર્યા. બીજા બધા સંતો તેમને પણ દંડવત્ કર્યા. અહીં જે હરિભક્તો છે તેમને પણ દંડવત્ કર્યા. અક્ષરધામના ખૂણે ખૂણે દર્શન અને દંડવત્ કર્યાં.’ આ વચનો પરથી ખ્યાલ આવે છે કે તેઓ કેવા અહંશૂન્ય છે અને સૌને કેવા દિવ્ય માને છે!

એક વખત યોગીજી મહારાજે ગોંડલમાં મહંત સ્વામી મહારાજનો મહિમા કહ્યો કે ‘માનત સ્વામીનાં (મહંત સ્વામી) દર્શન કરવાં હોય તો તમારે મુંબઈ જવું પડે. માનત સ્વામીમાં માન-અપમાન નથી.’

સન ૧૯૬૮માં પ્રમુખસ્વામી મહારાજે કહ્યું હતું કે ‘મહંત સ્વામી મહારાજનાં દર્શન કરીએ છીએ તો આપણને શાંતિ થાય છે.’ અભિમાની માણસને શાંતિ ન હોય, તે બીજાને શાંતિનો અનુભવ કરાવી ન શકે. જે બીજાને શાંતિ આપી શકતા હોય તેની પાસે પરમ શાંતિ હોય. અહંશૂન્ય પુરુષ સિવાય આ કોઈની સામર્થી કે શક્તિ નથી.

મહંત સ્વામી મહારાજને એક વખત પૂછવામાં આવ્યું કે ‘સ્વામી! આપની ઓળખ આપો. આપ કોણ છો?’ ત્યારે તેમણે એક જ શબ્દમાં ઓળખાણ આપી કે ‘સેવક’.

તેમણે એક વખત એવી વાત કરી હતી કે ‘હું મહંત છું, હું ગુરુ છું, એવું ક્યારેય મનાતું જ નથી.’ તેમની અહંશૂન્યતા અને નિર્માનીપણું વિલક્ષણ છે, એ લાચારીમાંથી કે ડરમાંથી ઉત્પન્ન થયેલું નિર્માનીપણું નથી. એ નિર્માનીપણું સહજ છે, ભગવાનને રાજી કરવા માટે છે. એ કોઈ ગોઠવણ નથી. ગોઠવણી ટકતી નથી. એવી દંભી ગોઠવણ કરી હોય તો જાહેર જીવનમાં જણાયા વગર રહે નહીં. પરંતુ આ તો સહજ છે. આ નિર્માનીપણું અખંડ છે. આ નિર્માનીપણું મહિમામાંથી ઉદ્‌ભવ્યું છે. આ નિર્માનીપણું ભગવાનના સાક્ષાત્કારના એક ભાગરૂપે છે. આજના દિવસે તેમનાં પુનિત ચરણોમાં પ્રાર્થના કરીએ કે તેઓ આપણા સૌ પર દૃષ્ટિ કરે કે આપણા જીવનમાં પણ નિર્માનીપણું દૃઢ થાય. ◆



# દિવ્ય પ્રભાવ

અમર વારસો ગુણાતીતનો



■ પૂજ્ય આત્મસ્વરૂપદાસ સ્વામી

**દીવો પ્રગટે એટલે ઉજાસ ફેલાય જ, એમ જ્યાં અહંશૂન્યતા, પરાભક્તિ, ધર્મનિયમ છે, જ્યાં વાત્સલ્ય છે એવા ગુણાતીત સત્પુરુષનો પ્રભાવ સહજતાથી છવાય છે. વરસાદ જેમ જમીનમાં ઊતરે તેમ પ્રભાવ હૃદયમાં ઊતરે અને માણસને હરિયાળો બનાવી દે છે. પ્રમુખસ્વામી મહારાજના સંપર્કમાં આવનારા પ્રત્યેક વ્યક્તિ પર તેમનો પ્રભાવ અનુભવાતો હતો, એવો ગુણાતીત પ્રભાવ મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં પણ અનુભવાય છે.**

ગુણાતીત પુરુષો કોઈના પર પ્રભાવ પાડવા માટે જીવન જીવતા નથી, પણ તેમનું જીવન જ એવું હોય છે કે સહેજે સહેજે સૌ પર પ્રભાવ પડે છે.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન કરતાં અમેરિકન રાષ્ટ્રપ્રમુખ શ્રી બિલ ક્લિન્ટન સહજતાથી બોલી ઊઠ્યા હતા કે ‘પ્રમુખસ્વામીનું હૃદય શુદ્ધ સુવર્ણ સમાન છે.’ બ્રિટિશ રાજવી શ્રી પ્રિન્સ ચાર્લ્સ પણ પ્રમુખસ્વામી મહારાજની સ્વાનુભૂતિ વર્ણવતાં કહ્યું હતું કે ‘પ્રમુખસ્વામી મહારાજ અહંશૂન્ય મહાન પુરુષ છે.’

ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી જ્ઞાની ઝૈલસિંહે પણ કહ્યું હતું કે *‘ન કામ, ન ક્રોધ, ન લોભ, ન મોહ, ન રોગ, ન સોગ, ન ભોગ, ન ભય હૈ.’*

પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામે પ્રમુખસ્વામી મહારાજ માટે જણાવ્યું કે ‘અહં અને મમત્વથી પર પરાત્પર પુરુષ પ્રમુખસ્વામી મહારાજ છે.’ દિવ્ય જીવન સંઘના પ્રસિદ્ધ સંત પૂજ્ય ચિદાનંદ સ્વામીએ કહ્યું હતું કે ‘સ્ટેથોસ્કોપને જોતાં જેમ ડૉક્ટરની યાદ આવે તેમ પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન કરતાં ભગવાનની યાદ આવે છે.’

પ્રમુખસ્વામી મહારાજનો એવો દિવ્ય પ્રભાવ નાના-મોટા, આબાલવૃદ્ધ સૌ કોઈના પર પડ્યો છે. એવો ગુણાતીત વારસાનો પ્રભાવ આજે મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં પણ અનુભવાય છે. એમની સહજાનંદી સાધુતાના પ્રતાપે જ પ્રભાવ પડે છે.

બેંગલોરમાં મહંત સ્વામી મહારાજને મળતાં પ્રસિદ્ધ ધર્મગુરુ શ્રી શ્રી રવિશંકરજી બોલી ઊઠ્યા હતા, ‘કહતે હૈં સંત હૃદય નવનીત સમાના... સચ્ચે સંત કા હૃદય નવનીત સમાન હોતા હૈ. સ્વામીજી કા હૃદય નવનીત સમાન હૈ. વે જહાં જાતે હૈ વહાં સબકા ભલા હી સોચતે હૈં.’

દક્ષિણ ભારતમાં રામાનંદ સંપ્રદાયના આચાર્ય પૂજ્ય જિઅર સ્વામીને મહંત સ્વામી મહારાજ મળવા જવાના હતા તેના આગળના દિવસે અમે ફોન કર્યો કે આપને ત્યાં મહંત સ્વામી મહારાજ પધારશે. બીજા દિવસે તેમના આશ્રમમાં સ્વામીશ્રી પધાર્યા ત્યારે તેમણે વાત કરી કે ‘આપ પધાર્યા તેનો અત્યંત આનંદ થયો છે. સ્વામી! ગઈકાલે આપના સમાચાર આપતો ફોન આવ્યો કે આપ આવો છો તેનાથી હું એટલો આનંદિત થઈ ગયો હતો કે આખી રાત આનંદમાં ને આનંદમાં સૂતો નથી.’

બેંગલોર ખાતે ઈસ્કોન મંદિરના અધ્યક્ષ મધુપંડિતદાસજી સ્વામીશ્રીને મળતાં બોલી ઊઠ્યા હતા કે, 'સ્વામી! આપ ફક્ત બધાને દર્શન આપો એમાં બધાને શક્તિ મળી જશે. આપના સાંનિધ્યમાં જે કોઈ આવે છે તેના જીવનમાં સારા સારા ગુણો ટ્રાન્સફર થઈ જાય તેવું આપનું જીવન છે.'

અમે દેશ-પરદેશમાં મહંત સ્વામી મહારાજ સાથે વિચરણમાં ફરીએ છીએ. ત્યાં તેમની પ્રતિભા કેવી રીતે સૌને આકર્ષિત કરે છે તે વિશેષ જોવા મળ્યું છે. કેનેડાના ટોરોન્ટો નગરના કોંગ્રેસમેન જોન વિલ્સન સ્વામીશ્રીને મળ્યા ત્યારે સ્વામીશ્રીને કહ્યું કે 'ભગવાનના સાચા દાસના દાસ તો મેં આજે જોયા.'


એટલાન્ટામાં જ્યોર્જિયા સ્ટેટના લેફ્ટનન્ટ ગવર્નર શ્રી કેસી કેગલે ખૂબ સરસ વાત કરી હતી કે 'મહંત સ્વામી મહારાજનું હૃદય વિશાળ છે. તેઓ એક એવી વ્યક્તિ છે કે તેઓ સૌનું ભલું ઇચ્છે છે. એ વિશ્વનું ભલું ઇચ્છે છે, દેશનું ભલું ઇચ્છે છે, વ્યક્તિ વ્યક્તિનું ભલું ઇચ્છે છે.'

સિમલામાં હિમાચલ પ્રદેશના ડાઈરેક્ટર જનરલ ઓફ પોલીસ શ્રી સીતારામ મરડી સાહેબે મહંત સ્વામી મહારાજનાં દર્શન કર્યાં ત્યારે તેમના મુખમાંથી સહજ ઉદ્‌ગારો સરી પડ્યા હતા કે 'સ્વામીજી! તમારી મુસ્કુરાહટ એ ઠાકુરજીની મુસ્કુરાહટ છે. મેરા યહ શિર હંમેશાં આપકે ચરણો મેં હી રહેગા.'

ઇન્કમટેક્સ ટ્રિબ્યુનલના ચીફ જસ્ટિસ ડૉ. જી. કૃષ્ણમૂર્તિએ મહંત સ્વામી મહારાજનાં દર્શન કર્યાં અને દિવ્ય અનુભવ કર્યો. તેમણે જણાવ્યું કે 'સ્વામીજીની આંખોમાં તેજ છે અને તેમનામાં જબરદસ્ત જ્ઞાન છે. તેમનાં દર્શનથી મારું અંતર એકદમ નિર્મળ થઈ ગયું એટલે જ તેઓ સાચા સંત છે.'


સ્વામિનારાયણ સંપ્રદાયની એક અન્ય શાખાના સંતો મહંત સ્વામી મહારાજનાં દર્શને ગાંધીનગર પધાર્યા હતા. તેમણે કહ્યું કે 'અમારા ગુરુએ અમને કહ્યું છે કે મહંત સ્વામી મહારાજને જ્યારે મળો ત્યારે તેમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરજો અને પ્રાર્થના કરજો કે તેમના જેવી સાધુતા અમારામાં આવે.'

મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં અસંખ્ય લોકોને પ્રમુખસ્વામી મહારાજના પ્રગટપણાની અનુભૂતિ થઈ છે. એપલ કંપનીના પાંચ વર્ષ સુધી સાઉથ એશિયાના સીઈઓ રહી ચૂકેલા શ્રી આલોક શર્મા એક ખૂબ પ્રભાવશાળી મહાનુભાવ છે. તેમણે બે વખત પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન કર્યાં છે. તેઓને મહંત સ્વામી મહારાજના પ્રથમ દર્શને જ દિવ્ય અનુભૂતિ થઈ. તેમણે કહ્યું કે 'મેંને



પ્રમુખસ્વામી મહારાજ કે દર્શન દો બાર કિયે હૈં ઉનમેં જૈસા દિવ્ય તેજ થા, ઉતના હી તેજ આજ મહંત સ્વામી મહારાજ મેં દિખતા હૈ.'

અબુધાબીમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા થઈ રહેલા મંદિર-નિર્માણ માટે આર.એસ.પી. નામની વિશ્વવિખ્યાત આર્કિટેક્ટ કંપની કાર્ય કરી રહી છે. તેના મૅનેજિંગ ડિરેક્ટર શ્રી લાઈ એક ચીની મહાનુભાવ છે. આ કંપની પંદર દેશમાં ફેલાયેલી છે. શ્રી લાઈ સાથે ૧,૩૦૦ આર્કિટેક્ટ્સ કાર્ય કરે છે. સિંગાપોરનું ચાંગી ઍરપોર્ટ તેમણે જ બાંધ્યું છે. દુનિયાનો સૌથી મોટો મોલ દુબઈમાં તેમણે રચ્યો છે. તેઓ મહંત સ્વામી મહારાજનાં દર્શન કરવા આવ્યા ત્યારે તેમણે બહુ સ્પષ્ટપણે કહ્યું કે 'હું ભગવાનમાં માનતો નથી.' આમ છતાં મહંત સ્વામી મહારાજનાં દર્શન કરીને તેઓ વિદાય લેતા હતા ત્યારે તેમણે સંતોને કહ્યું કે 'ભગવાનમાં તો હું માનતો નથી પણ હું ભગવાનથી સૌથી નજીક જો ક્યારેય આવ્યો હોઉં ને તો મને લાગે છે કે હું મહંત સ્વામીને મળ્યો ત્યારે જ એવું લાગ્યું છે હું ભગવાનની નજીક આવ્યો છું.'



સ્વામીશ્રીએ વ્યક્તિગત રીતે એ યુવાનોને ઉપદેશ આપ્યો નથી કે તમે સાધુ થાઓ. પરંતુ ગુણાતીત ગુરુઓના દિવ્ય પ્રભાવથી તેમને વિશ્વાસ બેઠો છે કે અમારું આત્યંતિક કલ્યાણ થશે. ગુણાતીતનો આ અમર વારસો છે. તેમનું પ્રગટપણું અમર છે અને તેમનો પવિત્ર તથા દિવ્ય પ્રભાવ પણ અમર છે.

શીખબંધુ શ્રી અમરજિતસિંહને સ્વામીશ્રીનાં દર્શને આવવા આમંત્રણ આપ્યું ત્યારે તેમણે કહ્યું કે 'હું તો ગુરુ ગોવિંદસિંહને પગે લાગું, બીજા કોઈને પગે લાગતો નથી.' આમ છતાં, તેઓ જેવા સ્વામીશ્રીના કક્ષમાં આવ્યા કે તરત જ મહંત સ્વામી મહારાજનાં ચરણોમાં પડી ગયા અને બોલી ઊઠ્યા, 'ગુરુ ગોવિંદસિંહ... ગુરુ ગોવિંદસિંહ...' તેમને સ્વામીશ્રીમાં ગુરુગોવિંદસિંહનાં દર્શન થયાં. તેમના હૃદયમાં કેટલોક અસદ્‌ભાવ હતો તે સહેજે ઓસરી ગયો.

ઇંદોરના એક બિલ્ડર અને વકીલને મનમાં ગેરસમજને કારણે મંદિર પ્રત્યે થોડો રોષ હતો. તેઓ સ્વામીશ્રીની મુલાકાતે આવ્યા. સ્વામીશ્રીનાં દર્શન કરતાં જ તેમનો રોષ ઓગળી ગયો. તેઓ બોલી ઊઠ્યા કે 'સ્વામીજી! હમેં ક્ષમા કરો, હમારી ગલતી હો ગઈ.' મહંત સ્વામી મહારાજે તેમને કહ્યું કે 'આપકી કોઈ ગલતી નહીં હુઈ. લેકિન ઐસા હુઆ તો યહ મોકા મિલા ઔર આપસે હમારી મુલાકાત હુઈ.'

સ્વામીશ્રીના દિવ્ય પ્રભાવથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થામાં અનેક વિક્રમ સર્જક કાર્યો થઈ રહ્યાં છે. જેમ કે, તાજેતરમાં કુલ ૬૭ યુનિવર્સિટીઓના કુલપતિઓએ અક્ષરપુરુષોત્તમ દર્શનનું સ્વામિનારાયણીય ભાષ્ય લખનાર ભદ્રેશદાસ સ્વામીનું બહુમાન કર્યું.

મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં અનેક લોકોનું પરિવર્તન પણ થાય છે. મુંબઈના ફિલ્મ ઉદ્યોગના બહુ ઊંચા દરજ્જાના ડાઈરેક્ટર શ્રી અરવિંદ બબ્બલ ૩૫ વર્ષથી રોજની ૪૫ સિગારેટ પીતા હતા. સ્વામીશ્રી સાથેની એક જ મુલાકાતમાં તેઓએ વ્યસન છોડી દીધું. એટલું જ નહીં હવે તો બીજાને પણ તેઓ વ્યસન છોડાવે છે. આ સ્વામીશ્રીની સાધુતાનો પ્રભાવ છે.

સ્વામીશ્રીના યોગમાં અનેકનો અસદ્‌ભાવ પણ ઓસરી જાય છે. અણુને તોડવો સહેલો છે, પણ અસદ્‌ભાવ તોડવો ખૂબ જ અઘરો છે, પણ સ્વામીશ્રીના સાંનિધ્યમાં અસદ્‌ભાવ તૂટે છે તેવા ઘણા અનુભવો થયા છે. અમદાવાદમાં એક

મહંત સ્વામી મહારાજના પ્રભાવે અનેક લોકોમાં નિ:સ્વાર્થ સેવાભાવના પણ પ્રવર્તાવી છે. આ વર્ષે તેઓ ઑસ્ટ્રેલિયા પધાર્યા હતા ત્યારે સાઉથ ઑસ્ટ્રેલિયા સ્ટેટના પ્રીમિયર જય વેધરિલે સ્વામીશ્રીને મળતાં કહ્યું હતું કે 'અમારા ખરેખરા નાગરિકો તો આપના અનુયાયીઓ છે. કારણ કે તેઓ હંમેશાં નિ:સ્વાર્થભાવે સેવા કરતા રહ્યા છે. આપના અનુયાયીઓનું વર્તન એવું છે કે જેને લઈને અમારો સમાજ સુઘડ કહેવાય છે. અમારું ગૌરવ વધારે એવા આપના શિષ્યો છે.'

સ્વામીશ્રી અમેરિકા પધાર્યા ત્યારે પાંચ શહેરોના મેયરશ્રીઓએ 'કી ટુ ધ સિટી' આપીને તેમનું સન્માન કર્યું. અમેરિકાના મોરિસવિલ સિટીના મેયર શ્રી માર્ક પર તો મહંત સ્વામી મહારાજનો વિશેષ પ્રભાવ પડ્યો. તેમણે મહંત સ્વામી મહારાજને પંચાગ પ્રણામ કર્યા. બીજા દિવસે તે ઝભ્ભો લેંઘો પહેરીને સ્વયંસેવક તરીકે મંદિરે સેવામાં આવી ગયા! મેયરશ્રીએ વૃદ્ધો અને અશક્ત હરિભક્તોને મંદિર લઈ જવાની ગોલ્ફકાર્ટ ચલાવવાની સેવા કરી. મેયરશ્રીએ સવારે ૭થી લઈને રાત્રે ૧૦ વાગ્યા સુધી નિ:સ્વાર્થભાવે સેવા કરી!

આ સ્વામીશ્રીનો પ્રભાવ છે.

ગુણાતીત સત્પુરુષનો વારસો એવો છે કે તેમના સાંનિધ્યમાં સૌને કંઈક કરી છૂટવાની ભાવના જાગ્રત થાય છે. સ્વામીશ્રી ગત વર્ષે વિચરણ માટે પેરિસ પધાર્યા હતા. તે દેશની માનસિકતા થોડી નાસ્તિકતાવાદી છે. ત્યાંની સરકાર કોઈપણ પ્રકારની ધાર્મિક સ્વતંત્રતા આપતી જ નથી. સ્વામીશ્રી પેરિસ પધાર્યા ત્યારે ત્યાં બુસી ઉપનગરના મેયર તેઓનાં દર્શને આવ્યા હતા. તેમણે સ્વામીશ્રી સાથે થોડી જ ક્ષણો ગાળી એ દરમ્યાન સ્વામીશ્રી લગભગ મૌન રહ્યા હતા. ફક્ત હાથ જોડીને જય સ્વામિનારાયણ કહ્યા હતા. આમ છતાં, તેઓ સ્વામીશ્રીનાં દર્શન કરીને બહાર આવ્યા ત્યારે મેં તેમને સ્વામીશ્રીના અનુભવ વિશે પૂછ્યું. તેમણે કહ્યું કે 'હું બુદ્ધિસ્ટ સાધુ સાથે એકવાર પ્રાર્થના કરવા બેઠો હતો ત્યારે જે શાંતિ મળી હતી, તેવી જ શાંતિ મને સ્વામીજીના સાંનિધ્યમાં મળી છે. હવે તો મને લગની લાગી છે કે વહેલી તકે તમારું મંદિર મારા શહેરમાં થાય.'

સ્વામીશ્રી ઘણા મોટા મોટા દેશના પ્રૅસિડેન્ટને પણ મળ્યા છે. સૌ પર સ્વામીશ્રીનો પવિત્ર પ્રભાવ અનુભવાયો છે. અમેરિકાના પૂર્વ પ્રૅસિડેન્ટ શ્રી બરાક ઓબામાને સ્વામીશ્રીની અહંશૂન્યતા સ્પર્શી ગઈ. કેન્યાના પ્રૅસિડેન્ટને મળ્યા ત્યારે ત્યાં દુકાળ હતો. સ્વામીશ્રીએ પ્રાર્થના કરી ને ધમધમાટ વરસાદ પડ્યો અને દુકાળની પરિસ્થિતિ નિવારણ પામી. આ જોઈને પ્રૅસિડેન્ટ ખૂબ જ રાજી થયા અને બોલ્યા કે 'યુ આર અ હોલી પર્સન' પછી તેઓ સ્વામીશ્રીને કહે કે 'કમ હિયર અગેઈન એન્ડ અગેઈન એન્ડ અગેઈન.' 'અહીં વારંવાર પધારતા રહેજો.'

સ્વામીશ્રીની સાધુતાના પ્રભાવથી અત્યારે અમેરિકા, લંડન, ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડમાં રહેનારા સેંકડો યુવાનો સમર્પિત થઈને સાધુ થવા તૈયાર થયા છે. સ્વામીશ્રીએ વ્યક્તિગત રીતે કોઈને ઉપદેશ આપ્યો નથી કે વાતો કરી નથી. ગુણાતીત ગુરુઓના દિવ્ય પ્રભાવથી તેમને વિશ્વાસ બેઠો છે કે અમારું આત્યંતિક કલ્યાણ થશે. ગુણાતીતનો આ અમર વારસો છે. તેમનું પ્રગટપણું અમર છે અને તેમનો પવિત્ર તથા દિવ્ય પ્રભાવ પણ અમર છે. ◆

---

**(અનુસંધાન પૃષ્ઠ ૭ પરથી)** તેમણે આ સત્સંગને સદા સનાથ બનાવી દીધો. પરમ કલ્યાણના સદાવ્રતને જીવંત રાખ્યું.

સહજાનંદ શ્રીહરિ પોતે જેમ સમગ્ર સત્સંગનું જતન કરતા તે જ રીતે મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી દ્વારા પ્રગટ રહી તેમણે સમગ્ર સત્સંગને રક્ષ્યો, પોષ્યો અને સર્વના પરમ કલ્યાણનું જતન કર્યું. ત્યારબાદ પણ એ જ અક્ષરબ્રહ્મ ગુણાતીત ગુરુની પરંપરામાં પ્રગટેલા બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ દ્વારા સહજાનંદ શ્રીહરિએ જ પોતાના સત્સંગને એવો ને એવો જ જાળવ્યો. અને આજે પણ પ્રગટ બ્રહ્મસ્વરૂપ ગુરુહરિ મહંત સ્વામી મહારાજ દ્વારા પ્રગટ રહીને સ્વયં સહજાનંદ શ્રીહરિ જ, એ જ 'સહજાનંદી સત્સંગ'ને સંપૂર્ણપણે જાળવી રહ્યા છે, પોષી રહ્યા છે અને જગછતરાયો કરી રહ્યા છે.

## જેવો ત્યારે – તેવો જ આજે

આમ, 'સહજાનંદી સત્સંગ'માં સહજાનંદ સદા પ્રગટ છે. આથી જ, આ સત્સંગમાં આજે પણ એવી આધ્યાત્મિક જાગૃતિ છે, જેવી સહજાનંદ શ્રીહરિના સમયમાં હતી.

આજે પણ વિષય, વ્યસન ને વહેમ જેવાં દૂષણોથી રહિત જીવનો ઝળહળી રહ્યાં છે, જેવા સહજાનંદ શ્રીહરિના સમયમાં ઝળહળતા હતા.

આજે એ જ પરબ્રહ્મ સ્વામિનારાયણ પ્રબોધિત અક્ષર-પુરુષોત્તમનો તત્ત્વસિદ્ધાંત સૌ સત્સંગીઓના જીવમાં પ્રતિષ્ઠિત થઈ રહ્યો છે, જેવો સહજાનંદ શ્રીહરિની ઉપસ્થિતિમાં સૌ સત્સંગીઓના જીવમાં પ્રતિષ્ઠિત થઈ રહ્યો હતો.

આજે એવી જ અનન્ય અને સર્વોપરી ભાવથી યુક્ત સહજાનંદ શ્રીહરિની સ્વરૂપનિષ્ઠા સૌ સત્સંગીઓ આત્મસાત્ કરી રહ્યા છે, જેવી સહજાનંદ શ્રીહરિના સમાગમથી સત્સંગીઓ આત્મસાત્ કરતા હતા.

આજે એવી જ સહજાનંદ શ્રીહરિની અક્ષરરૂપ થઈ, દાસ-ભાવથી મઘમઘતી પરાભક્તિ જીવંત છે, જેવી તેમની ઉપસ્થિતિમાં સૌ આશ્રિતોમાં જીવંત હતી.

આજે એ જ પ્રગટ પ્રમાણ પરમાત્માનો સહજ આનંદ સૌ સત્સંગીઓ માણી રહ્યા છે, જેવો પ્રગટ પ્રમાણ સહજાનંદ શ્રીહરિના સહવાસમાં માણી રહ્યા હતા.


ખરેખર, આજે આપણા સત્સંગમાં એ બધું જ છે, જે સહજાનંદ શ્રીહરિના સમયમાં હતું, કારણ કે આપણા સત્સંગમાં એ જ સહજાનંદ શ્રીહરિ છે, જે ત્યારે હતા.

આથી જ આપણે ગર્વભેર કહી શકીએ કે આપણો સત્સંગ એટલે **'સહજાનંદી સત્સંગ'**!

## ઉપસંહાર

આ રીતે આપણે સહજાનંદી સત્સંગની કેટલીક વિશેષતાઓ આ અંકમાં જાણી. આ સહજાનંદી સત્સંગની વ્યાખ્યા શી છે? સત્સંગ શબ્દમાં આવતા સત્ શબ્દનું શું તાત્પર્ય છે? સંગ શબ્દનો શો અર્થ છે? વગેરે બાબતો પછીના અંકમાં જાણીશું.

અસ્તુ. ◆



પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના વિચરણ સમાચાર

# સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

## અમદાવાદ ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે વહાવેલી અધ્યાત્મવર્ષામાં ઝબકોળાઈ કૃતાર્થ બન્યા હજારો ભાવિક-ભક્તો

પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણથી લઈને ગુણાતીત ગુરુવર્યોનાં પાદારવિંદથી પાવન થયેલું મહાનગર એટલે અમદાવાદ.

તા. ૨-૯-૨૦૧૮ થી તા. ૨૩-૯-૨૦૧૮ સુધી ગુજરાતના મહાનગર અમદાવાદ ખાતેના શાહીબાગ વિસ્તારમાં આવેલા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે બિરાજીને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સત્સંગ-ભક્તિની અમૃતધારા વહાવી સૌમાં આધ્યાત્મિક ઊર્જાનો સંચાર કર્યો હતો. સતત ૨૨ દિવસ સુધી સ્વામીશ્રીનાં દર્શનની વિરલ સ્મૃતિઓ હજારો હરિભક્તોનાં હૈયે સદાયને માટે કંડારાઈ ગઈ હતી.

રોજ વહેલી સવારના આહ્‌લાદક વાતાવરણમાં અહીં દિવ્યાનંદનો માહોલ રચાતો હતો. નિત્યકર્મથી પરવારી ઠાકોરજીનાં દર્શને પધારતા સ્વામીશ્રીનાં દર્શનની એક ઝલક પામી હજારો ભક્તો ધન્યતાથી છલકાઈ ઊઠતા હતા. મંદિરની ચારેબાજુનું પ્રાંગણ અને પોડિયમની સામેનો શાહીબાગ-માર્ગ પણ સ્વામીશ્રીનાં દર્શનની એક ઝાંખી મેળવવા માટે ઊમટેલા હરિભક્તોથી નિત્ય હકડેઠઠ ભરાઈ જતો હતો. સવારે ૫-૦૦ વાગ્યાથી 'યજ્ઞપુરુષ સભાગૃહ'માં યોજાતી સ્વામીશ્રીની પ્રાત:પૂજામાં સંગીતજ્ઞ સંતો-યુવકો-કલાકારોના સુમધુર કંઠે ગવાતાં ભક્તિપદોથી વાતાવરણ વિશેષ ભક્તિસભર બનતું હતું. શિશુઓ-બાળકો-યુવકોએ

*પણ વિવિધ ભક્તિમય રજૂઆતો કરી સ્વામીશ્રીની કૃપાદૃષ્ટિ ઝીલી હતી. પૂજા બાદ મંગળ પ્રવચનમાં સ્વામીશ્રીના મુખેથી અસ્ખલિત વહેતી અમૃતવાણીની પ્રેમલધારાઓમાં ઝબકોળાઈ સૌએ પવિત્ર પ્રેરણાઓ પ્રાપ્ત કરી હતી. અમદાવાદનાં વિવિધ પરાં વિસ્તારો તથા આજુબાજુનાં ગામોમાંથી ઊમટતા પદયાત્રીઓ તથા વિશિષ્ટ વ્રત-તપ કરનાર હરિભક્તોને સ્વામીશ્રીના આશીર્વાદ પ્રાપ્ત થયા હતા. બંને સભાગૃહમાં દૂર દૂર બેઠેલા હરિભક્તોના હૈયે મંચ પરના વિશાળ એલ.ઈ.ડી. સ્ક્રીન પર શ્રી હરિકૃષ્ણ મહારાજ તથા સ્વામીશ્રીની પ્રાતઃપૂજાનાં દર્શનની સ્મૃતિઓ સદાયને માટે અંકિત થઈ ગઈ હતી.*

*અમદાવાદ ખાતેના સ્વામીશ્રીના રોકાણ દરમ્યાન આબાલવૃદ્ધ સૌ કોઈને સ્વામીશ્રીનાં દર્શનનું અજબનું ઘેલું લાગ્યું હતું. દૂર-સુદૂરથી વિશાળ સંખ્યામાં ઊમટતા હરિભક્તો-ભાવિકોને સ્વામીશ્રીનાં દર્શનનો સારી રીતે લાભ પ્રાપ્ત થાય તે માટે મંદિરની ડાબી બાજુએ શમિયાણો બાંધવામાં આવ્યો હતો અને તેમાં એલ.ઈ.ડી. સ્ક્રીનની વ્યવસ્થા કરવામાં આવી હતી. અહીં અમદાવાદના વિવિધ વિસ્તારના હરિભક્તો-કાર્યકરોને નિત્ય વ્યક્તિગત દર્શન, મુમુક્ષુઓને વર્તમાન-ધારણ વિધિ તેમજ ભોજનદર્શનનો લાભ પ્રાપ્ત થયો હતો. ઉપરાંત રાજકીય પુરુષો, ઉચ્ચ પદાધિકારીઓ, સામાજિક અગ્રણીઓ, ઉદ્યોગપતિઓ, વેપારીઓ, ડૉક્ટરો, પત્રકારો, લેખકો, વિવેચકોએ જુદા જુદા સમયે સ્વામીશ્રીનાં દર્શન-આશિષ પ્રાપ્ત કર્યાં હતાં. સભાગૃહમાં પણ હજારો ભક્તોને સ્વામીશ્રીના સમીપદર્શનનો લાભ પ્રાપ્ત થયો હતો.*

*સ્વામીશ્રીના સાંનિધ્યમાં સાયંકાળે યોજાતી સત્સંગ સભાઓનો લાભ પ્રાપ્ત કરવા અમદાવાદ ઉપરાંત નજીકનાં બી.એ.પી.એસ. સત્સંગ કેન્દ્રોમાંથી ઊમટતા હજારો ભક્તો-ભાવિકોથી બંને સભાગૃહ હકડેઠઠ ભરાઈ જતા હતા. ૫-૩૦ વાગે ધૂન-પ્રાર્થનાગાનથી આરંભાતી સભાના પ્રારંભમાં વિદ્વાન સંતોના મુખેથી સંત-પારાયણનો લાભ પ્રાપ્ત કરી સૌ અધ્યાત્મના રંગે રંગાયા હતા. સ્વામીશ્રી નિજનિવાસેથી બહાર પધારી, મંદિરના ચોકમાં બેઠેલા ભક્તસમુદાયને દર્શનસુખ આપતાં પ્રથમ નીચેના સભાગૃહમાં હરિભક્તોને દર્શનદાન આપી, 'યજ્ઞપુરુષ સભાગૃહ'માં પધારતા હતા ત્યારે સૌનાં હૈયે ભક્તિની ભરતી ચઢતી હતી. સૌ કોઈ ગુરુહરિનાં દર્શનમાં નિમગ્ન બની જતા હતા. સ્વામીશ્રી ઉપસ્થિત સૌ કોઈને વ્યક્તિગત રીતે મળી રહ્યા હોય એ રીતે દર્શનસુખ આપીને, મંચ પર ઉચ્ચાસને વિરાજમાન અક્ષરપુરુષોત્તમ મહારાજ, ગુણાતીત ગુરુવર્યો તથા શ્રી હરિકૃષ્ણ મહારાજની આરતી ઉતારી ભક્તિઅર્ઘ્ય અર્પતા હતા. આરતી બાદ સ્વામીશ્રીની પાવન ઉપસ્થિતિમાં વિવિધ દિનની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવતી હતી. દિનને અનુરૂપ મંચને નિત્ય વિવિધ સુશોભનોથી સજાવવામાં આવતો હતો. સભાઓમાં શિશુઓ-બાળકો-યુવકો-કાર્યકરો દ્વારા રજૂ થયેલા વિવિધ ભક્તિભર્યા સાંસ્કૃતિક કાર્યક્રમો માણી સૌ કોઈ ભક્તિરસમાં તરબતર થયા હતા.*

*અમદાવાદ ખાતેના નિવાસ દરમ્યાન સ્વામીશ્રીના સાંનિધ્યમાં યોજાયેલા વિવિધ ભક્તિદિનની એક ઝલક અહીં માણીએ...*

## સ્વાગત

તા. ૨-૯-૨૦૧૮ના રોજ અટલાદરાથી સ્વામીશ્રી અમદાવાદ પધાર્યા ત્યારે આકાશમાંથી વર્ષા થઈ રહી હતી. સભાગૃહ ઉપરાંત વરસતા વરસાદમાં ભીંજાતાં હજારો હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શનની પ્યાસ શમાવવા તલપાપડ હતા. મંદિરમાં પ્રવેશીને સૌનું સ્વાગત સ્વીકારતા સ્વામીશ્રીએ અભિષેક મંડપમ્‌માં અભિષેક તથા ગુરુવર્યોનાં દર્શન કરી મંદિર પર દર્શન કરી ઠાકોરજીની આરતી ઉતારી.

ગુરુહરિના સ્વાગત માટે ઊમટેલા ભક્તોને દર્શનલાભ આપવા સૌપ્રથમ નીચેના સભામંડપમાં પધારી સ્વામીશ્રીએ હકડેઠઠ ભક્તમેદનીને આશીર્વાદ આપ્યા. ત્યારબાદ સ્વામીશ્રીએ યજ્ઞપુરુષ સભાગૃહમાં પધારી સૌને દર્શનલાભ આપ્યો. અહીં ભગવાન સ્વામિનારાયણ અને ગુરુપરંપરાના કલાત્મક હિંડોળા સાથે મંચને સુંદર રીતે સજાવવામાં આવ્યો હતો. કલાત્મક હિંડોળામાં શ્રી હરિકૃષ્ણ મહારાજને પધરાવી સ્વામીશ્રીએ પ્રેમથી ઝુલાવ્યા. ત્યારપછી સ્વામીશ્રી હિંડોળામાં બિરાજ્યા. સૌએ મનભરીને મૂર્તિ અંતરમાં ઉતારી.

બાળ-યુવાવૃંદે '*સ્વાગત કરીએ રે, ગુરુચરણે નમીએ રે*' ગીત પર સુંદર સ્વાગતનૃત્ય કર્યું. સમગ્ર અમદાવાદ સત્સંગ સમુદાય વતી ઈશ્વરચરણદાસ સ્વામીએ શ્રી હરિકૃષ્ણ મહારાજ અને સ્વામીશ્રીને કલાત્મક હારથી વધાવ્યા. સૌને વંદન કરતાં સ્વામીશ્રી નિજનિવાસે પધાર્યા.

## જન્માષ્ટમી ઉત્સવ

તા. ૩-૯-૨૦૧૮ના રોજ સ્વામીશ્રીના સાંનિધ્યમાં જન્માષ્ટમી ઉત્સવ ભક્તિભાવપૂર્વક ઊજવાયો હતો. આજના પ્રસંગે મંદિરમાં ઠાકોરજીને સુંદર અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. દર્શન કરી સ્વામીશ્રી




સભામાં પધાર્યા.

પ્રારંભમાં આત્મસ્વરૂપદાસ સ્વામી, ભક્તિસાગરદાસ સ્વામી અને ઈશ્વરચરણદાસ સ્વામીનાં પ્રસંગાનુરૂપ પ્રવચનો બાદ દિલ્હી સ્થિત ઈગ્નુ યુનિવર્સિટીના કુલપતિ શ્રી નાગેશ્વર રાવે પણ સંબોધન કર્યું. યુવાવૃંદે *'ગોવિંદા આલા રે, આલા...'* ગીત પર સરસ ભક્તિનૃત્ય રજૂ કર્યું.

આજના ઉત્સવે શુભાશિષ અર્પતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''આપણે બહુ નસીબદાર છીએ. પ્રમુખસ્વામી મહારાજ, યોગીજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ જેવા સાચા ગુરુ મળ્યા. આપણે તો એમનું વર્તન જોયું છે ને બધાને પ્રતીતિ આવી છે.

શાસ્ત્રીજી મહારાજના પ્રતાપે આપણે શુદ્ધ ઉપાસના પામ્યા છીએ. માટે લીલાલહેર છે. ભજન-ભક્તિ કરતા રહેવું. અવળાઈ કરવી નહીં. હઠ-માન ને ઈર્ષા ત્યાગ કરીને સારાં, સાચાં મૂલ્યો-મહિમા, ગુણગ્રહણ વગેરે... ધારણ કરવાં.''

આશિષ બાદ શ્રી હરિકૃષ્ણ મહારાજને પારણે પધરાવી સ્વામીશ્રી અને વડીલ સંતોએ જન્મોત્સવની આરતી ઉતારી. ત્યારપછી પારણે ઝુલાવી સૌને વિશેષ સ્મૃતિ પ્રદાન કરી સ્વામીશ્રી નિજનિવાસે પધાર્યા.

અમદાવાદ ખાતેના રોકાણ દરમ્યાન મુમુક્ષુઓને સ્વામીશ્રીનાં વિરલ દર્શનની સ્મૃતિ રહે એ માટે સતત પાંચ દિવસ સુધી સંધ્યાસભામાં સમીપ દર્શનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જે અંતર્ગત તા. ૪, ૫, ૭, ૮ અને ૧૦ સપ્ટેમ્બરના રોજ યજ્ઞપુરુષ સભાગૃહમાં સ્વામીશ્રીનાં સમીપ દર્શનનો લાભ પ્રાપ્ત કરી હજારો ભક્તોએ કૃતાર્થતા અનુભવી હતી.

તા. ૭-૯-૨૦૧૮ના રોજ ત્રણ એમેઝોન કિંડલ પ્રકાશનો પ્રકાશિત થયાં. જેમાં 'Yogiji Maharaj: An Unforgettable Guru'(અંગ્રેજી) અને 'યુગવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજ' (ગુજરાતી) પુસ્તકનું સ્વામીશ્રીએ વિમોચન કર્યું. ઈશ્વરચરણદાસ સ્વામીએ 'સાધુતાનું શિખર મહંત સ્વામી મહારાજ' ગુજરાતી પુસ્તકનું વિમોચન કર્યું હતું.

## બાળ દિન

તા. ૯-૯-૨૦૧૮ના રોજ સ્વામીશ્રીના સાંનિધ્યમાં યોજાયેલી રવિસભા 'બાળ દિન' નિમિત્તેની વિશિષ્ટ સભા બની રહી હતી. સભાનો લાભ લેવા ઊમટેલા હજારો હરિભક્તોથી બંને સભાગૃહ છલકાઈ ઊઠ્યાં હતાં.

સ્વામીશ્રીએ સભામાં પધારી પ્રથમ ઠાકોરજીની આરતી ઉતારી ભક્તિઅર્ઘ્ય અર્પ્યું. ત્યારપછી બાળકોએ યોગીજી મહારાજની બોધકથા લીંડિયોની બાળવાર્તા નૃત્યનાટિકાના રૂપમાં પ્રસ્તુત કરી. 'વનરાજ' શીર્ષક સાથે રજૂ થયેલી આ બાળવાર્તાને અનુરૂપ મંચ સજાવવામાં આવ્યો હતો. મંચની પાર્શ્વભૂના વિશાળ સ્ક્રીન પર પ્રસંગાનુરૂપ દૃશ્યો દર્શાવાયાં હતાં. બાળ-કલાકારો દ્વારા બોલાયેલા સુંદર સંવાદો, તેને અનુરૂપ બાળનૃત્યો મનભાવન હતાં.

અંતે વાર્તાનો સાર કહેતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''આ વાર્તા યોગીબાપાએ કહેલી છે ને એમાં ઘણું બધું સમજવાનું છે. આમ જોવા જઈએ



તો આપણે લીંડિયો નથી ને સિંહ પણ નથી. અનંત જન્મથી 'ઘેટા-સિંહ' છીએ. દરેક વખતે ભૂલ કરીએ છીએ. અસલી સિંહ મળ્યો નથી એટલે આ બધા લોચા-લાપસીમાં પડ્યા છીએ. 'ઘેટા-સિંહ'માંથી બહાર આવવાનું છે, આપણું સ્વરૂપ સમજવાનું છે કે આપણે કોણ છીએ? દેશકાળ આવે, મુશ્કેલી આવે તો બેં બેં કરીએ, ઘેટું થઈ જઈએ. એટલે ઘણો સમાગમ કરવાનો છે ને આપણું સાચું સ્વરૂપ સમજવાનું છે. આ મહારાજ-સ્વામી જ કરાવી શકે. સિંહનો જોગ થયો છે એટલે આપણે આત્મારૂપે વર્તવાના છીએ. બધી ખામી દૂર કરીને ગુણાતીત થવાનું છે ને થવાશે. ગુણાતીત થયા વિના પત્તો નહીં પડે. ગુણાતીત થયા પછી મુક્તિ થશે ને અનંત અનંત સુખના અધિકારી થવાશે.''

આશીર્વાદની સમાપ્તિ બાદ બી.એ.પી.એસ. બાળવૃંદના બાળ-કલાકારો અને કાર્યકરોને સમીપ-દર્શન તથા તેઓના મસ્તક પર હાથ મૂકી અપાર વાત્સલ્ય વરસાવતાં સ્વામીશ્રીએ સભામાંથી વિદાય લીધી.

## ઈ-વિવેક દિન

તા. ૧૧-૯-૨૦૧૮ના રોજ સ્વામીશ્રીના સાંનિધ્યમાં સંધ્યા સમયે યોજાયેલી સત્સંગ સભા વિવેક શીખવતી પ્રેરણા સભા બની રહી હતી.

'ઈ-વિવેક દિન' તરીકે ઊજવાયેલી આજની સભાનો મુખ્ય કાર્યક્રમ હતો: 'જાગ્યા ત્યારથી સવાર' સંવાદ. આ સંવાદનો મુખ્ય ઉપદેશ હતો: ઈન્ટરનેટની ભ્રામક દુનિયામાં ફસાવાથી કેવાં કેવાં પરિણામો ભોગવવાં પડે છે ને તેમાંથી બચવાનો ઉપાય શો? તેનું નિદર્શન.

અમદાવાદ સત્સંગ મંડળના યુવકો દ્વારા પ્રસ્તુત થયેલા આ સંવાદમાં કેટલાક માહિતીસભર અને રસપ્રદ સંવાદોએ સૌને ચોંકાવી દીધા. ચોટદાર સંવાદો સાથે સમગ્ર સંવાદમાં 'એક કિશોરનું મોબાઈલથી અધઃપતન થયું અને તેને સ્કૂલમાંથી બરતરફ કરવામાં આવ્યો.' તે દર્શાવવામાં આવ્યું હતું.

સંવાદના સારરૂપે કહેવામાં આવ્યું, 'સત્પુરુષ અને ભગવાનનો આજ્ઞારૂપી હાથ પકડીએ તો જ તેઓનો પળે પળે સંગાથ અનુભવાય અને આ ભ્રામક દુનિયાથી બચી શકાય. માટે તેઓનું સાંનિધ્ય સેવીએ તો આજથી જ સવાર.'


સંવાદની પૂર્ણાહુતિ બાદ સીધી લીટીનું માર્ગદર્શન આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''સંવાદમાં બતાવાયું એવી દશા ઠેરઠેર થઈ છે. આ સુગરકોટેડ પોઈઝન છે. તે એટલું મોહામણું છે કે ભલભલા એના ચક્કરમાં આવી જાય ને પછી નીકળવું અશક્ય.


સત્સંગમાં આવે તો ઘણી રક્ષા થાય. તોય વિવેક તો રાખવો જ પડે. જાણપણું રાખવું જ પડે. આ બધાથી બચવાનો એક જ રસ્તો છે તેને સત્સંગમાં મોકલવો. એનાથી ઘણી સલામતી થાય. નહીં તો રડવાનો વારો આવે. ભગવાનને રાજી કરવા હોય, મહારાજ-સ્વામીને રાજી કરવા હોય તો બચી શકાય તેમ છે. એ રાજીપો લીધા જેવો છે. આવી ખતરનાક વસ્તુમાંથી નીકળવાનું એક જ બારું છે - સત્સંગ.''

## કળશ-પૂજન

અમદાવાદ ખાતેના શાહીબાગ વિસ્તારમાં આવેલું બી.એ.પી.એસ.







સ્વામિનારાયણ મંદિર નવીનીકરણ પામી રહ્યું છે. આ મંદિરના કળશ અને ધજાદંડનો પૂજનવિધિ તા. ૧૨-૯-૨૦૧૮ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા યોજાયો હતો. પ્રારંભમાં શ્રી હરિકૃષ્ણ મહારાજની પાવન નિશ્રામાં અને પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીની ઉપસ્થિતિમાં ભૂદેવોએ કરાવેલા વૈદિકવિધિને અનુસરતાં યજમાન હરિભક્તોએ પ્રાથમિક પૂજનવિધિ કર્યો હતો. ત્યારપછી ઉત્તરાર્ધવિધિને અનુસરતાં સ્વામીશ્રીએ કળશ અને ધજાદંડનું પૂજન કરી, પ્રાસાદિક પુષ્પો પધરાવી પ્રત્યેક કળશ-ધજાદંડને પ્રસાદીભૂત કર્યા હતા. અંતમાં સ્વામીશ્રી અને ઈશ્વરચરણદાસ સ્વામીએ ઠાકોરજી સહિત કળશ અને ધજાદંડની આરતી ઉતારી સૌને અનન્ય સ્મૃતિઓ આપી હતી.

## કાર્યકર દિન

તા. ૧૨-૯-૨૦૧૮ના રોજ 'કાર્યકર દિન' યોજાયો હતો. અમદાવાદ ખાતે સત્સંગ પ્રવૃત્તિમાં સેવારત હજારો કાર્યકર્તાઓએ આજે સ્વામીશ્રી સમક્ષ પોતાની વિવિધ રજૂઆતો કરી હતી. નિજનિકેતથી બહાર પધારી સ્વામીશ્રી, શિશુઓ અને નવા મુમુક્ષુઓને વર્તમાન ધારણ કરાવી સભામાં પધાર્યા ત્યારે સત્સંગના સ્તંભસમાન શિસ્તબદ્ધ કાર્યકરો તથા ભક્તોથી સભાગૃહ ભરચક હતો.

સભાના મુખ્ય કાર્યક્રમ રૂપે આજે બ્રહ્મપ્રકાશદાસ સ્વામી લિખિત 'કમાલ કરે છે સ્વામી...' સંવાદ રજૂ થયો. તે નિહાળવા સ્વામીશ્રીએ શ્રોતાગણ મધ્યે શ્રી હરિકૃષ્ણ મહારાજની બાજુમાં આસન ગ્રહણ કર્યું. પ્રેરણાદાયી સંવાદમાં ગમ્મત સાથે જ્ઞાન કરાવતાં દૃશ્યો નિહાળી સભા હિલોળે ચઢી. ત્રણ ગુણથી પર થાય તે ગુણાતીત, અને ગુણાતીત થવા માટે ગુણાતીત ગુરુ જોઈએ. વર્તમાન કાળે એવા ગુણાતીત ગુરુ મહંત સ્વામી મહારાજ છે. એવો સંવાદનો સંદેશ સૌએ હર્ષભેર વધાવી લીધો.

સંવાદના અંતે સ્વામીશ્રીએ આશીર્વાદ વરસાવતાં કહ્યું: 'ભગવાન સ્વામિનારાયણ અને ગુણાતીતાનંદ સ્વામી મનુષ્યદેહ ધરીને આવ્યા. લીલાઓ કરી. હજારો એકાંતિક ભક્તો બનાવ્યા, જેમણે ધર્મ-જ્ઞાન-વૈરાગ્યયુક્ત એકાંતિકી ભક્તિ કરી. એટલે ભગવાનમાં દૃઢ પ્રીતિ થઈ અને ભગવાન વશ થયા.

એકાંતિકી ભક્તિ ભગવાનને ખૂબ ગમે છે, આપણે એકાંતિકપણું પામવાની વાત છે. બીજું બધું તો ઠીક છે, આ જન્મનું આ જન્મમાં નાશ થાય, એટલે એમાં લેવાવું નહીં. જ્ઞાન થાય તો કામ થાય. દેહભાવ છે એ જ મોટો લોચો છે, એ લોચામાંથી બહાર આવીએ. બાળકના હાથમાં હીરો હોય, એ કાંઈ જાણતો ન હોય, બે ચૉકલેટના લોભમાં કીંમતી હીરો બીજાને આપી દે... પણ જો એની પાસે રહે તો પછી ગમે ત્યારે સમજણ આવે ને કામ થાય. તેમ આપણે મુદ્દો હાથમાં આવ્યો છે. જેમ જેમ સત્સંગ થાય તેમ તેમ વધુ ને વધુ દૃઢતા થાય ને છેવટે એકાંતિક ભક્ત થવાય. એકાંતિકભાવે શ્રીહરિને સંપૂર્ણ ધારીએ એ પૂર્ણાહુતિ. ત્યાં સુધી બધાએ પહોંચવાનું છે.' ગુણાતીત ગુરુની આ ગુણાતીત શીખને સૌએ હૈયે ધારણ કરી.

# અમદાવાદ ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના ૮૫મા જન્મજયંતી દિને ભાવવંદના કરતા હજારો ભક્તો...

તા. ૧૩-૯-૨૦૧૮, ગણેશ ચતુર્થીની વહેલી પ્રભાતનાં સોનેરી કિરણોથી અમદાવાદ મહાનગરની આભા સોળે કળાએ ખીલી હતી. વળી, શાહીબાગ ખાતેનું બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર પણ આજે અનેરા અવસરને પોતાના અંકમાં સમાવી લેવા માટે વિવિધ સુશોભનોથી સજ્જ હતું. દૂર-સુદૂરથી ઊમટેલા ભક્તોનો ઉત્સાહ આસમાનને આંબી લે તેવો હતો. મંદિર પરિસરમાં સર્વત્ર આનંદ-ઉત્સાહનો માહોલ છવાયો હતો. વાતાવરણમાં અનેરી ભક્તિની ભરતી ચઢી હતી. કારણ હતું : ગુરુહરિ મહંત સ્વામી મહારાજનો તારીખ પ્રમાણે ૮૫મો જન્મજયંતી દિન.

આજના પાવન પ્રસંગે વહેલી પરોઢે ઠાકોરજીનાં દર્શન કરી સ્વામીશ્રી પ્રાતઃપૂજામાં પધાર્યા ત્યારે બંને સભાગૃહ ભક્તોથી છલકાતાં હતાં. સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં ઠાકોરજી સમક્ષ ૮૫ કિલોની વિશાળ કેક ધરાવવામાં આવી હતી. ભક્તિપૂર્ણ ભાવવંદનાઓના વાતાવરણમાં સૌ કોઈ પ્રાતઃપૂજામાં ગુરુહરિનાં દર્શન કરી કૃતાર્થ થયા.

જન્મજયંતી ઉત્સવની મુખ્ય સભા સંધ્યા સમયે યોજાઈ હતી. 'વંદું સંત મહંત સ્વામી ગુરુને...' મધ્યવર્તી વિચાર સાથે ધૂન-પ્રાર્થનાગાનથી આરંભાયેલી સભાના પ્રારંભમાં શ્રીજીસ્વરૂપ સ્વામી, બ્રહ્મવિહારીદાસ સ્વામી, આનંદસ્વરૂપદાસ સ્વામી, આત્મસ્વરૂપદાસ સ્વામી વગેરે સંતોએ સ્વામીશ્રીનાં ગુણાનુગાન તથા સ્વાનુભૂતિઓ પ્રાસંગિક ઉદ્બોધનમાં રજૂ કરી.

નિયત સમયે સ્વામીશ્રી ઉત્સવ સભામાં પધાર્યા. પ્રથમ નીચેના સભાગૃહમાં હકડેઠઠ બેઠેલા ભક્તોને દર્શન આપતાં કહે, 'આ યોગીબાપાએ દૃષ્ટિ કરી છે. બધાને જય સ્વામિનારાયણ. રાજી રહેજો.' સૌ ભક્તો માટે જન્મજયંતીનો આ અમૂલ્ય લહાવો હતો.

અહીંથી સ્વામીશ્રી 'યજ્ઞપુરુષ સભાગૃહ'ના મંચ પર પધાર્યા ત્યારે અહીંનો માહોલ જ કંઈક અનેરો હતો. હજારો હરિભક્તોથી સજ્જ સભાગૃહના મુખ્ય મંચને આજના ઉત્સવને અનુરૂપ સુંદર રીતે સજાવવામાં આવ્યો હતો. સ્વામીશ્રી હાથ જોડી સૌનાં દર્શન કરતાં, દર્શનદાન આપતાં આસનસ્થ થયા. ત્યારપછી યુવાવૃંદે અક્ષરજીવન સ્વામી રચિત *'શત શત વંદન હો સહજાનંદ...'* કીર્તન પર ભક્તિનૃત્ય કરી ગુરુહરિના જન્મદિવસે વધામણાં કર્યાં. નૃત્યના એક ભાગરૂપે આરતીની પંક્તિઓ ગુંજવા લાગી. સ્વામીશ્રીએ તરત જ ઠાકોરજીને અંકમાં ધારણ કરી






આરતી તેમને અર્પણ કરી. સૌને સ્વામીશ્રીની ઇષ્ટદેવ પ્રત્યેની અનન્ય ભક્તિનાં દર્શન થયાં. ખૂબ જ સુંદર અને રંગારંગ પ્રસ્તુતિથી સૌના મનમયૂર નાચી ઊઠ્યા.

ઈશ્વરચરણદાસ સ્વામીએ કહેલા મહંત સ્વામી મહારાજના પ્રસંગોચિત મહિમાગાન બાદ વડીલ સંતોએ વિવિધ કેન્દ્રોમાંથી આવેલા કલાત્મક હારતોરા અને ચાદર વડે સ્વામીશ્રીને ભક્તિભાવથી વધાવ્યા.

આ અવસરે શુભાશિષ અર્પતાં સ્વામીશ્રીએ જણાવ્યું : ''શ્રીજીમહારાજ સર્વ કર્તાહર્તા છે અને ગુણાતીતાનંદ સ્વામી એમના દાસ થઈને રહે છે. આ બે સ્વરૂપો આપણને મળ્યા છે. એટલે એમના દાસ થઈને રહીએ એમાં જ માલ છે, સુખ છે. એમાં એટલો આનંદ આવે કે ન પૂછો વાત. મહારાજ-સ્વામી પરના પર છે. આપણાં માતા-પિતા છે. એમના ખોળે માથું મૂકી દીધું છે. એ જ બધું કરે છે એટલે આપણે કોઈ ચિંતા કરવાની નથી.

'અક્ષરમ્ અહં પુરુષોત્તમદાસોસ્મિ' – આ વાત સાચી છે. આ મંત્રમાં બધું જ આવી જાય છે. કાંઈ બાકી નથી. સર્વ શાસ્ત્રનો સાર. જો આ મંત્ર બરાબર પચાવીએ તો આનંદના ફુવારા છૂટે.''

આશીર્વાદની સમાપ્તિ બાદ સૌએ ભાવવંદના કરતાં ગુરુ અને હરિનાં ચરણોમાં મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી. પુષ્પાંજલિ બાદ સ્વામીશ્રી સહિત સૌએ મંચસ્થ અક્ષરપુરુષોત્તમ મહારાજ, ગુરુવર્યો અને શ્રી હરિકૃષ્ણ મહારાજની આરતી ઉતારી ભક્તિભાવ અર્પ્યો.

આજના પાવન અવસરે સૌને અલભ્ય દર્શન લાભ આપી, સૌને વંદન કરતાં સ્વામીશ્રી નિજનિકેતે પધાર્યા.



## ભક્તિ દિન

તા. ૧૫-૯-૨૦૧૮ના રોજ સ્વામીશ્રીના સાંનિધ્યમાં ઊજવાયેલો 'ભક્તિ દિન' સૌ માટે વિશેષ પ્રેરણારૂપ બની રહ્યો હતો.

આજના દિનને અંતર્ગત યુવા તાલીમ કેન્દ્રના યુવકોએ સભામાં સ્વામીશ્રીની નિત્યપૂજાને કેન્દ્રમાં રાખીને માનસીપૂજાનો વિશિષ્ટ કાર્યક્રમ રજૂ કર્યો હતો.

આજના દિને પ્રેરણાવચનો આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું : ''આહ્નિક માત્રમાં એ વિચારવાનું છે કે ભગવાન મોટા છે. આ ધ્યાનમાં રાખીને આહ્નિક કરીએ તો આખો દિવસ કેફમાં અને બળમાં જાય. શ્રીજીમહારાજે જ આજ્ઞા કરી છે ને પોતે પણ આહ્નિક કરતા હતા. એટલે આપણે પૂજા, આહ્નિક કરવાનાં જ. લોકોનો રાજીપો તો ઠીક છે પણ ભગવાનનો રાજીપો મુખ્ય છે. ભગવાનના રાજીપા માટે બધું કરવું.''

આશીર્વચનમાં સભાજનોને આહ્નિકની સુંદર પ્રેરણા આપી 'સ્વસ્થાનમ્ ગચ્છ દેવેશ...' શ્લોકગાન સાથે સ્વામીશ્રીએ વિદાય લીધી.

## યુવા દિન

તા. ૧૬-૯-૨૦૧૮ના રોજ સાયંકાળે રવિ સભા અને 'યુવા દિન' નિમિત્તેની સભામાં સ્વામીશ્રી પધાર્યા. આજના દિનને અનુરૂપ મંચ સોહી રહ્યું હતું. યુવા દિનની સભાનો મધ્યવર્તી વિચાર હતો, સ્વામીશ્રીએ લખેલ બ્રહ્મવિદ્યાનો પાઠ – *'યુવાસભા એ સંસ્કારોની ગંગોત્રી છે'.*

યુવકોએ સુંદર કાર્યક્રમ આરંભ્યો. તેના પ્રથમ ચરણરૂપે એક સ્કિટ રજૂ થઈ. જેમાં પ્રમુખસ્વામી મહારાજના વચને યુવાનો સ્ત્રી-પુરુષ મર્યાદા પાળે છે તે દર્શાવવામાં આવ્યું. દ્વિતીય ચરણમાં યુવાસભામાં આવવાથી કેવા કેવા લાભ થાય છે, તે યુવકો અને તેમના વાલીઓએ સ્વાનુભૂતિઓ દ્વારા જણાવ્યું. તૃતીય ચરણમાં પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજે યુવાનોને પ્રેરણા આપતા જે પત્રો લખ્યા હતા, તેમાંથી ચુનંદા પત્રોનું પઠન કરવામાં આવ્યું. અને અંતિમ ચરણમાં સ્વામીશ્રીને પ્રસન્ન કરવા માટે અમદાવાદ યુવામંડળના યુવકોએ જે નિયમો ગ્રહણ કર્યા હતા તે મુદ્દાસર પ્રસ્તુત થયા. સ્વામીશ્રી સૌની ભક્તિથી અત્યંત રાજી થયા.

અંતમાં યુવકોની પ્રાર્થનાને સ્વીકારતાં સ્વામીશ્રીએ યુવકોને હાકલ કરતાં લખ્યું: 'હાલો યુવાસભામાં.' ત્યારપછી આશીર્વાદમાં જણાવ્યું : ''જે સંસ્કારોની ગંગોત્રીમાં ડૂબકી મારે છે તે પાકા થાય છે. આપણે બળ રાખવું. આપણી વાત સાચી છે. નિયમ પાળવા, તપ કરવું. અને બધાએ કર્યાં પણ છે. આપણા યુવકો હૉસ્ટેલમાંય ઉપવાસ, ધારણાંપારણાં ને વ્રત-તપ બધું કરે છે. બી.એ.પી.એસ.ના બળથી સંસ્કારમાં બધાએ ડૂબકી મારી છે. માટે બળિયા થયા છે ને થતા રહેશે. ચારિત્ર્યવાન બનો ને આખો ચારિત્ર્યવાન સમાજ તૈયાર કરો. સમાજ તો તમને જોઈને જ સંસ્કારી થશે.''

આજના દિને સ્વામીશ્રીએ સંસ્કારનું ભાથું બાંધી આપતાં ચારિત્ર્યવાન જીવન જીવવાની અદ્ભુત પ્રેરણાઓ આપી સભામાંથી વિદાય લીધી.

## ગ્રામ્ય દિન

તા. ૧૭-૯-૨૦૧૮ના રોજ સ્વામીશ્રીની પાવન નિશ્રામાં યોજાયેલી 'ગ્રામ્ય દિન' નિમિત્તેની સભાના મુખ્ય કાર્યક્રમરૂપે 'અદ્ભુત છે તમારું જ્ઞાન' નામક પરિસંવાદ રજૂ થયો હતો. જેમાં અક્ષરપુરુષોત્તમ ઉપાસના અંગેના વિવિધ પ્રશ્નોનાં સુંદર અને સચોટ સમાધાનો વચનામૃતનાં વચનોના આધારે તેમજ ઉદાહરણો-દૃષ્ટાંતો-દલીલો દ્વારા આપવામાં આવ્યાં હતાં.

અંતમાં સંવાદના જ અનુસંધાનમાં આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું : ''આવી રીતે આપણું અક્ષર-પુરુષોત્તમનું જ્ઞાન છે તે સમજ્યે જ છૂટકો. ખાલી 'હા, હા' નહીં ચાલે, કોઈ પ્રતિપક્ષીને જવાબ આપી શકીએ, આપણી દૃઢતા રહે તે રીતે આપણે તૈયાર થવું પડશે.

શાસ્ત્રીજી મહારાજે કૃપા કરી દરેકને આ વાત સમજાવી દીધી! તેઓને જેટલા દંડવત્ કરીએ એટલા ઓછા પડે. આ રીતે તૈયાર થઈને આપણે પોતાના જીવનું કલ્યાણ કરવું ને અનેક જીવનું કલ્યાણ કરવાનું છે.''

## સત્સંગ સભા

તા. ૧૮-૯-૨૦૧૮ના રોજ સભામાં બાળકાર્યકરો દ્વારા વિશિષ્ટ કાર્યક્રમની રજૂઆત થઈ હતી.

મંદિરના પ્રાંગણથી આરંભાયેલી સ્વાગત-સવારી સાથે સ્વામીશ્રી સભામાં પધાર્યા. શ્રી હરિકૃષ્ણ મહારાજની આરતી બાદ *'તસ્મૈ શ્રીગુરવે નમઃ'* શીર્ષક હેઠળ એક વિશિષ્ટ નૃત્યાંજલિ આરંભાઈ. શાસ્ત્રીજી મહારાજના વખતની ઇતિહાસ ગાથાથી લઈને ગુણાતીત ગુરુઓના મહિમાગાન કરતાં કીર્તનો ગુંજી ઊઠ્યાં. ઊપડતી લયનાં કીર્તનોના તાલે કાર્યકરોએ વિવિધ ભક્તિનૃત્યો કરી સૌને મંત્રમુગ્ધ કરી દીધા. સતત વીસ મિનિટ કરતાંય વધુ સમય સુધી ચાલેલા આ નૃત્યપ્રવાહમાં ૧૬૦ જેટલા બાળકાર્યકરોએ જબરજસ્ત પ્રસ્તુતિ કરી સભાજનોને ડોલાવી દીધા.

અંતમાં સૌ પર આશીર્વર્ષા કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું : ''આજે



મહારાજ-સ્વામીનું ભવ્ય સ્વાગત થયું. બધા કેફમાં ને મસ્તીમાં હતા. ને કેમ ન હોય કેફ! મહારાજ-સ્વામીનો યોગ થયો, એનાથી મોટી કોઈ વાત નથી.

શ્રીજીમહારાજે ગુણાતીત ગુરુઓ દ્વારા લાઈન ચાલુ રાખી, પ્રગટ રહ્યા ને ભવિષ્યમાંય પ્રગટ રહેશે. જેને પ્રતીતિ આવી ગઈ તેનાં ધન્યભાગ્ય. તે અલમસ્ત થકા આનંદમાં રહે છે. પણ અલમસ્તાઈમાં ધ્યાન રાખવાનું, નિયમધર્મમાં રહીને આનંદ કરવાનો, તો વાંધો ન આવે. નિયમ-ધર્મમાં રહીએ ને નિશ્ચય હોય પછી અક્ષરધામ છેટું જ નથી.''

## સમજણ દિન

તા. ૧૯-૯-૨૦૧૮ના રોજ 'સમજણ દિન' નિમિત્તે યોજાયેલી સભા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ છાત્રાલયોમાં અભ્યાસ કરી ચૂકેલા પૂર્વ વિદ્યાર્થીઓના સંમેલનની અનોખી સભા બની રહી હતી. સમગ્ર સભાનું આયોજન અને સંચાલન છાત્રોએ જ કર્યું. મંચ પર સ્વામીશ્રી સમક્ષ એક ગોષ્ઠિ યોજાઈ, જેમાં માણસ કેવા કેવા ટેન્શન અનુભવી રહ્યો છે અને તેનાથી મુક્ત થવા શું કરવું જોઈએ તે વિચાર છાત્રોએ સ્કિટ દ્વારા પ્રસ્તુત કર્યો.

સ્વામીશ્રીએ સ્ટ્રેસ-તનાવ દૂર થાય અને જે પ્રાપ્તિ થઈ છે તેનો કેફ અખંડ રહે તેવા શુભાશિષ આપતાં જણાવ્યું: ''આપણને એટલી મોટી પ્રાપ્તિ થઈ છે કે કલ્પનામાં આવે તેવી નથી. હાથમાં ચિંતામણિ હોય ને ભીખ માંગીએ એવું છે. વિચાર કરતા નથી એ ખોટ છે. કેવા ભગવાન, કેવા પુરુષ મળ્યા! પ્રાપ્તિનો વિચાર કરીએ તો કામ-ક્રોધાદિ દોષો પણ ઊભા ન રહે.

પ્રાપ્તિનો વિચાર કર્યા કરવો તો ટેન્શન નીકળી જશે. ભગવાન જે કરશે તે સારું કરશે. દાસના દુશ્મન હરિ કેદિ હોય નહીં, જેમ કરશે તેમ સુખ જ થાશે. આ બધી વાતો આપણે પ્રાપ્તિના વિચારમાં લાવવી ને પૉઝિટિવ જ રહેવું. બળમાં રહેવું, કેફમાં રહેવું. ટેન્શન-પ્રેશરની વાત સાચી છે. પણ આવા ભગવાન ને સંત મળ્યા એટલે આપણને એ વાત લાગુ ન પડે. સત્સંગીને ટેન્શન-પ્રેશર હોય જ નહીં. સમજણે કરીને, પ્રાપ્તિની વાતે કરીને બધું સૉલ્યુશન આવી જશે.''

## જળઝીલણી ઉત્સવ

તા. ૨૦-૯-૦૧૮ના રોજ જળઝીલણી એકાદશીના ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી. વહેલી સવારથી જ મંદિરમાં ઉત્સવનો માહોલ રચાયો હતો. ઉત્સવનો લાભ લેવાનો સૌને અદમ્ય આનંદ-ઉત્સાહ હતો.

સ્વામીશ્રી દર્શનાર્થે અભિષેક મંડપમ્‌માં પધાર્યા. સુંદર નાવ આકારના આસનમાં વિરાજમાન શ્રી સહજાનંદ વર્ણીનાં દર્શનને માણતાં સ્વામીશ્રીએ અભિષેક કર્યો. ગુરુવર્યોનાં દર્શન કરી પ્રદક્ષિણા કરી. અહીંથી મંદિરમાં ઠાકોરજીનાં દર્શને પધાર્યા ત્યારે આજના પ્રસંગને અનુરૂપ સુંદર શણગારો સજી ઠાકોરજી દર્શનદાન આપી રહ્યા હતા. સ્વામીશ્રીએ આરતી ઉતારી પરંપરાગત શૈલીમાં કીર્તનોનું ગાન કરી રહેલા ઓચ્છવિયા મંડળને

દર્શનલાભ આપ્યો.

આજના પવિત્ર પર્વે સ્વામીશ્રીનાં દર્શન-આશીર્વાદ માટે ઊમટેલા હરિભક્તો-ભાવિકોથી મંદિરનાં બંને સભાગૃહો છલકાતાં હતાં. સ્વામીશ્રીના આગમન પૂર્વે આજના ઉત્સવે ઠાકોરજી તથા ગણપતિજીનો પ્રારંભિક પૂજનવિધિ સંપન્ન થઈ ગયો.

સ્વામીશ્રી પ્રાતઃપૂજામાં બિરાજ્યા. શ્રી હરિકૃષ્ણ મહારાજ પણ નાની નૌકા અક્ષર ભવતારિકામાં વિરાજમાન હતા. આજના પ્રસંગને શોભાવતું મંચ પરનું સુશોભન મનોહર હતું. મંચની પાર્શ્વભૂમાં વિશાળ સ્ક્રીન પર નીલ સમુદ્ર મધ્યે નૌકામાં પ્રમુખસ્વામી મહારાજ બિરાજમાન હતા. સ્વામીશ્રીની પ્રાતઃપૂજા સાથે જ જળઝીલણીનો મુખ્ય ઉત્સવ આરંભાયો. મંચ પર જળકુંડ રચવામાં આવ્યો હતો. તેની આગળ જ શ્રી નીલકંઠવર્ણી, સ્વામીશ્રી સમક્ષ મુખારવિંદ રાખીને વિરાજિત હતા.

સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં સંગીતજ્ઞ સંતો અને યુવકોએ ઝીલણિયાં કીર્તનોનું ગાન કર્યું. તેની સાથે સાથે જળકુંડમાં વિહરતા મંદિરના હરિકૃષ્ણ મહારાજની આરતી અને થાળ થયાં. આ રીતે કુલ ચાર આરતી અને ચાર થાળ ધરાવાયાં. પ્રાતઃપૂજા બાદ સ્વામીશ્રીએ ઉપમંચના અગ્રભાગે પધારી પ્રત્યેક સંત-હરિભક્તને હાથ જોડી 'જય સ્વામિનારાયણ' કર્યા.

અંતે શ્રી હરિકૃષ્ણ મહારાજને જળકુંડમાં વિહરતી નૌકામાં પધરાવાયા. સ્વામીશ્રીએ ઉત્સવની પાંચમી અને અંતિમ આરતી ઉતારી. શ્રી હરિકૃષ્ણ મહારાજને થાળ ધરાવવામાં આવ્યો. ત્યારબાદ જયનાદ સાથે જળકુંડમાં સ્વામીશ્રીએ શ્રી ગણપતિજીનું વિધિવત્ વિસર્જન કર્યું. સભામંડપમાં *'મોરિયા રે બાપા મોરિયા રે...'*ના સૂરો ગુંજી ઊઠ્યા.

જળકુંડમાં વિહાર કરી રહેલા શ્રી હરિકૃષ્ણ મહારાજના સ્વામીશ્રીએ હાથ જોડીને લાંબા સમય સુધી દર્શન કર્યાં. હારતોરાવિધિ બાદ સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં જણાવ્યું: ''શ્રીજીમહારાજે ખરેખર કેટલી કૃપા કરી! કલ્પના કરવી જોઈએ. પ્રશાંત મહાસાગર કોઈ તરી શકે? ત્યાં ચાલીસ ચાલીસ ફૂટનાં મોજાં આવે, ભવસાગર તો તેના કરતાંયે અનેક ગણો દુષ્કર છે. તેને તરવા માટે કોઈ સાધન નથી. મહારાજ અને સ્વામીની અતિ કૃપા થઈ ત્યારે આ વાત બની. બાકી આપણે તેમાં ડૂબકાં જ ખાતાં હોત.''

આશિષ પૂર્ણ કરી સ્વામીશ્રીએ નીચેના સભાગૃહમાં બેઠેલા હરિભક્તોને દર્શનલાભ આપી ધન્યતાથી છલકાવી દીધા હતા.



તા. ૨૧-૯-૨૦૧૮ના રોજ સાંજે 'જમો ને જમાડું રે' કાર્યક્રમ અંતર્ગત પ્રેરણા સભા યોજાઈ હતી. અમદાવાદ સત્સંગ મંડળના બે નિષ્ઠાવાન હરિભક્તોએ સત્સંગ પ્રસારનું ખૂબ પ્રશંસનીય કાર્ય કર્યું હતું, તેમની સાથે પ્રશ્નોત્તરી યોજાઈ. તેઓએ સુંદર ઉત્તરો આપી જણાવ્યું, 'સત્સંગ કરાવવાથી મનને શાંતિ રહે છે, પૂર્ણતાનો આનંદ આવે છે અને સંસાર-વ્યવહાર તો મહારાજ-સ્વામી ચલાવે છે.' સ્વામીશ્રીએ બંને હરિભક્તોને આશીર્વાદ અર્પ્યા. ગત વર્ષે 'જમો ને જમાડું રે' કાર્યક્રમ અંતર્ગત જે હરિભક્તોએ ખૂબ સારો સંપર્ક કર્યો હતો તે સૌને બિરદાવવામાં આવ્યા. સૌ પર સ્વામીશ્રીએ અંતરના આશિષ વરસાવ્યા. અંતે સ્વામીશ્રી સાથે યોજાયેલી પ્રશ્નોત્તરીમાં અદ્‌ભુત ઉત્તરો આપી સૌને સત્સંગ પ્રચાર-પ્રસારના કાર્યમાં જોડાવા બળભર્યાં વચનો કહ્યાં.

અંતમાં સ્વામીશ્રીને વિનંતી થઈ કે 'સત્સંગ-પ્રચાર માટે અમે વ્યક્તિગત સંપર્ક કરીએ છીએ, તેનું ફળ શું?

સ્વામીશ્રીએ સુંદર અક્ષરોમાં લખી આપ્યું: 'પહેલા આપણો સત્સંગ દૃઢ થાય. બીજું કે આજ્ઞા પળાય. ત્રીજું, એક વ્યક્તિને સત્સંગ કરાવીએ તો બ્રહ્માંડ ઉગાર્યાનું ફળ છે.' સૌએ સ્વામીશ્રીના પ્રેરણાશબ્દોને તાળીનાદથી વધાવ્યા.

અમદાવાદ ખાતે સ્વામીશ્રીના સાંનિધ્યમાં સત્સંગ-ભક્તિની રસલહાણ સાથે આનંદ-કિલ્લોલ કરતાં બાવીસ દિવસ પલકારામાં પસાર થઈ ગયા. નિત્ય અનહદ સત્સંગલાભથી સ્વામીશ્રીએ સૌને વ્યવહાર અને મોક્ષનું ભાથું બાંધી આપ્યું. અહીંથી સૌની ભક્તિભરી વિદાય લઈ સ્વામીશ્રી સારંગપુર પધાર્યા.



## સારંગપુરમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનો કૃપાલાભ...

*તા. ૨૩-૯-૨૦૧૮ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અમદાવાદથી વિદાય લઈ તીર્થધામ સારંગપુર પધાર્યા ત્યારે સંતો-પાર્ષદો-સાધકો-ભક્તોએ ઉમળકાભેર અભિવાદન કર્યું હતું. સ્વાગત સભામાં યુવાવૃંદે જોમભેર ભક્તિનૃત્ય કરી સ્વામીશ્રીને આવકાર્યા. વડીલ સંતોએ કલાત્મક હારતોરા અર્પણ કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા. ગુરુહરિના આગમન નિમિત્તે વિશેષ વ્રત-તપ કરનાર તપસ્વી સંતો-પાર્ષદો-સાધકોને પારણાં કરાવી સ્વામીશ્રીએ રાજી થઈને આશીર્વાદ અર્પ્યા.*

*તા. ૨૩-૯-૨૦૧૮ થી તા. ૨૯-૯-૨૦૧૮ સુધી અક્ષરધામ તુલ્ય સારંગપુર તીર્થમાં બિરાજીને સ્વામીશ્રીએ સંતો-પાર્ષદો-સાધકો-હરિભક્તોને સત્સંગનું દિવ્ય સુખ આપ્યું હતું. સતત એક સપ્તાહ સુધી સારંગપુર ખાતેના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીએ સૌનાં હૈયે દિવ્ય સ્મૃતિઓ અંકિત કરી દીધી હતી. નિત્ય નિજસ્થાનેથી ઠાકોરજીનાં દર્શને તેમજ પ્રમુખસ્વામી મહારાજના સ્મૃતિસ્થાને તથા શાસ્ત્રીજી મહારાજના સ્મૃતિમંદિરે પધારતા ગુરુહરિના સમીપ દર્શનનો લાભ પ્રાપ્ત કરી સૌ ધન્ય થયા હતા. યજ્ઞપુરુષ સભામંડપના ખુલ્લા મંચ પર નિત્ય વહેલી સવારે આરંભાતી સ્વામીશ્રીની પ્રાતઃપૂજાનાં દર્શન તેમજ આશીર્વચનનો લાભ પ્રાપ્ત કરી સૌ કૃતાર્થ બન્યા હતા.*

*સાધકો-પાર્ષદો-સંતોએ સ્વામીશ્રી સાથે યોજાયેલી આધ્યાત્મિક ગોષ્ઠીઓમાં અનેરું માર્ગદર્શન પ્રાપ્ત કર્યું હતું. સ્વામીશ્રીએ સૌને દર્શન-આશિષથી અભિષિક્ત કર્યા હતા.*

*સારંગપુર ખાતેના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીએ તા. ૨૪-૯-૨૦૧૮ના રોજ રામપરા ગામના મંદિરની ઈષ્ટિકાઓનું વૈદિક પૂજન કર્યું હતું.*

*તા. ૨૭-૯-૨૦૧૮ના રોજ સ્વામીશ્રીએ સુરતના સૈયદપુરામાં નવનિર્મિત બી.એ.પી.એસ. મંદિરની મૂર્તિઓ અને ભાણગઢ સ્થિત બી.એ.પી.એસ. છાત્રાલયમાં સ્થાપિત થનારી પટ-મૂર્તિઓની વેદોક્ત પ્રતિષ્ઠાવિધિ કરી, આરતી ઉતારી, મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી હતી.*

*સારંગપુર ખાતે સ્વામીશ્રીના સાંનિધ્યમાં ઊજવાયેલા બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્મૃતિપર્વનો અહીં લાભ પ્રાપ્ત કરીએ...*

## તીર્થધામ સારંગપુર ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના પાવન સાંનિધ્યમાં ભક્તિભાવપૂર્વક ઊજવાયું બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજનું સ્મૃતિપર્વ...

તા. ૨૮-૯-૨૦૧૮ના રોજ સારંગપુર ખાતે સ્વામીશ્રીની પાવન ઉપસ્થિતિમાં બી.એ.પી.એસ. સંસ્થાના સંસ્થાપક બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના સ્મૃતિપર્વે તેમના અનંત ઉપકારોની સ્મૃતિ કરીને તેઓના વિરલ કાર્યને ભાવાંજલિ અર્પવામાં આવી હતી. આજના પ્રસંગનો લાભ લેવા દૂર-સુદૂરથી ઊમટેલા હજારો હરિભક્તો-ભાવિકોથી મંદિર પરિસર છલકાતું હતું. પ્રાતઃસમયથી જ શાસ્ત્રીજી મહારાજનાં સંસ્મરણો સાથે સ્મૃતિપર્વનો આરંભ થયો. મંદિરના મધ્યખંડની બરાબર પાર્શ્વભૂમાં આવેલી બેઠક પર શાસ્ત્રીજી મહારાજની મૂર્તિ મૂકવામાં આવી હતી. સાથે શાસ્ત્રીજી મહારાજે કરેલી કથાના ઓડિયો-રેકોર્ડિંગનો નાદ વાતાવરણમાં દિવ્યાનંદ રેલાવી રહ્યો હતો. શાસ્ત્રીજી મહારાજના વખતનું દૃશ્ય અત્યારે જીવંત કરવામાં આવ્યું હતું. સ્વામીશ્રી તે જોઈને રાજી થયા અને શાસ્ત્રીજી મહારાજનો દિવ્ય અવાજ સાંભળીને વિશેષ રાજી થયા. રંગમંડપમાં પ્રાસાદિક વસ્તુઓનાં ભાવપૂર્વક દર્શન કર્યાં.

પ્રાંગણમાં સૌને દર્શનલાભ આપતાં સ્વામીશ્રી સ્મૃતિમંદિરે પધાર્યા ત્યારે સમગ્ર ગર્ભગૃહને પુષ્પોના સુશોભનોથી શણગારવામાં આવ્યું હતું. શાસ્ત્રીજી મહારાજને પણ પુષ્પોના શણગાર ધરાવવામાં આવ્યા હતા. સ્વામીશ્રીએ વિશેષ પ્રાર્થના સહ ગુરુનાં દર્શન કરી પ્રેમથી દૂધપાક ધરાવ્યો. સંતોએ અક્ષરપુરુષોત્તમ દર્શનના પ્રખર પ્રવર્તક શાસ્ત્રીજી મહારાજની જય બોલાવી. ખરેખર સમગ્ર વાતાવરણ શાસ્ત્રીજી મહારાજમય, અસ્મિતામય અને ઊર્જાસભર બની ગયું હતું. સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં પણ આજના દિનને અનુરૂપ શાસ્ત્રીજી મહારાજના દિવ્ય જીવન-કાર્ય અને ગુણોને ભક્તિપદો દ્વારા ભાવાંજલિ અર્પવામાં આવી. પૂજા બાદ સ્વામીશ્રીએ મંગલ આશીર્વાદમાં શાસ્ત્રીજી મહારાજનાં મહિમાભર્યાં ગુણગાન ગાયાં.

આજના પાવન પર્વનો વિશેષ લાભ આપવા માટે સ્વામીશ્રી પ્રમુખ ઉદ્યાનમાં પધાર્યા. અહીં દર વખતની જેમ સ્વામીશ્રીએ પ્રમુખસ્વામી મહારાજની રીતે રીત સંતો, પાર્ષદો, સાધકોને દૂધપાકનો પ્રસાદ પીરસ્યો. સતત દોઢ કલાક સુધી સ્વામીશ્રીએ સંતો, પાર્ષદો, સાધકો અને હરિભક્તોને દૂધપાક પીરસી રાજી કરી લીધા.






આજના પર્વની મુખ્ય સભા સંધ્યાકાળે યજ્ઞપુરુષ મંડપમ્‌ના બહિર્ભાગમાં યોજાઈ હતી. બરાબર ૭-૦૦ વાગે સ્વામીશ્રી મસ્તક પર બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ જેવી જ પાઘ ધારણ કરી સભામાં પધાર્યા. સૌએ આ અદ્‌ભુત દર્શનને તાળીનાદથી વધાવ્યા.

સ્વામીશ્રીના આગમન પૂર્વે વડીલ સંતોએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શાસ્ત્રીજી મહારાજનો અપરંપાર મહિમા ગાયો હતો. હવે સભાના મુખ્ય કાર્યક્રમરૂપે શાસ્ત્રીજી મહારાજના વખતના સિંહ સમા હરિભક્તો ગલભાઈ, સોમાભગત, મોતીભાઈ ભગવાનદાસ, આશાભાઈ, મગનભાઈ, પ્રભુદાસ લાલાજી અને મણિભાઈ સલાડવાળાનું પાત્ર ભજવતાં ભક્તોએ ક્રમશઃ મંચ પર આવી શાસ્ત્રીજી મહારાજ કેવા દિવ્ય પુરુષ હતા તે હકીકત કહી. હરિભક્તોના સ્વાનુભાવોથી સૌને શાસ્ત્રીજી મહારાજનો વિશેષ મહિમા સમજાયો.

અંતમાં સૌને નિષ્ઠાનું બળ દૃઢાવતા સ્વામીશ્રીએ કહ્યું : ''હમણાં શાસ્ત્રીજી મહારાજ વખતના હરિભક્તો જોયા. તેમને કેટલું બળ હતું! એવું જરાક પણ બળ હોય તો આપણું કામ થઈ જાય. આ ભક્તો આપણા જેવા જ દેખાતા હતા પણ અંદર નિષ્ઠાનું બળ હતું.

શાસ્ત્રીજી મહારાજને શ્રીજી-મહારાજ અને ગુણાતીતાનંદ સ્વામીનું પીઠબળ હતું માટે તેઓ બધું કરી શકતા. નિષ્ઠાથી જ બધું કામ થાય. નિષ્ઠા વગર અક્ષરધામનો ડંકો ન વાગે. અક્ષર અને પુરુષોત્તમની નિષ્ઠા જબરજસ્ત રાખવી ને એ જ સાચા છે.



મહારાજ-સ્વામી અંતરમાં પધરાવી દીધા હોય તેને કોઈની જરૂર નહીં. નિષ્ઠાનું બળ રાખી મહારાજ-સ્વામીને રાજી કરવા એ જ મોક્ષ. એમાં બધું જ આવી જાય. એટલે નિષ્ઠા દૃઢ કરવી. ભગવાનના બળ વગર મોટા સમાજ-કાર્ય કરનાર ડગી ગયા છે, પણ ભગવાનનું બળ હોય તે ડગે નહીં. અક્ષરપુરુષોત્તમ મહારાજમાં એક નિષ્ઠા ધરાવવી ને ગુણાતીત ગુરુ પરંપરામાં હેત પ્રીત કરવી. એ ભગવાનમાં જ જોડે, બીજે ક્યાંય જોડે નહીં. શાસ્ત્રીજી મહારાજ ન હોત તો આપણે ક્યાંય ફરતા હોત ને ક્યાંય જોડાયા હોત. શાસ્ત્રીજી મહારાજે ભજન કર્યું, કરાવ્યું ને અક્ષરધામનું ભાથું તૈયાર કરાવ્યું.''

આશીર્વાદની સમાપ્તિ બાદ વિવિધ મંડળોમાંથી આવેલા કલાત્મક હારતોરા વડીલ સંતોએ સ્વામીશ્રીનાં કરકમળોમાં અર્પણ કર્યા. અંતમાં સ્વામીશ્રી સહિત સૌએ શ્રી હરિકૃષ્ણ મહારાજ અને ગુણાતીત ગુરુવર્યોની આરતી ઉતારી ભક્તિઅર્ઘ્ય અર્પ્યું.

આમ, આજના પર્વે સૌને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ જેવી જ સ્મૃતિઓથી અલંકૃત કરી સ્વામીશ્રી નિજસ્થાને પધાર્યા.

સંત તાલીમકેન્દ્રમાં તાલીમ લઈ રહેલા સાધકોના વાલીઓની એક સભા ૨૪ સપ્ટેમ્બરે યોજાઈ હતી. સ્વામીશ્રીએ સૌના ભક્તિભાવને બિરદાવી, સૌના દેશકાળ સારા થાય તે માટેના આશિષ પાઠવ્યા હતા.

સતત એક સપ્તાહ સુધી સારંગપુરમાં દિવ્યાનંદ રેલાવી સ્વામીશ્રીએ ભાવનગર જવા વિદાય લીધી.

(બ્રહ્મવત્સલદાસ સ્વામી લિખિત અહેવાલ પરથી સંકલિત) ◆



# ભાવનગર ખાતે ઊજવાયો ગુરુહરિ મહંત સ્વામી મહારાજનો ૮૫મો જન્મ જયંતી મહોત્સવ

ભગવાન શ્રી સ્વામિનારાયણની ગુણાતીત ગુરુપરંપરાના છઠ્ઠા ગુરુદેવ પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનો ૮૫મો જન્મજયંતી મહોત્સવ ભાવનગર ખાતે ભવ્યતાથી ઊજવાઈ ગયો.

ભગવાન શ્રી સ્વામિનારાયણથી લઈને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ પર્યંત અનેક દિવ્ય અને ઐતિહાસિક અવસરોનું સાક્ષી ભાવનગર એક વધુ ઐતિહાસિક અવસરનું પ્રાંગણ બન્યું હતું. આ દિન હતો ભાદરવા વદ નવમી, તા. ૩-૧૦-૨૦૧૮નો.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના પ્રાગટ્ય પર્વે આજે વહેલી સવારથી જ જન્મજયંતી દિનનાં વધામણાં આપવા માટે દૂરસુદૂરથી સંતો-ભક્તો આવી પહોંચ્યા હતા. આજ રોજ પ્રાતઃપૂજામાં સારંગપુરના સંતોએ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના જીવન અને કાર્યનું વર્ણન કરતાં પદોનું ગાન કરી ભક્તિ અદા કરી હતી. વરિષ્ઠ સંતોએ સમગ્ર બી.એ.પી.એસ. સત્સંગ સમાજ વતી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને કલાત્મક હાર અર્પણ કરી વધાવ્યા હતા. ત્યારબાદ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આશીર્વચનો પાઠવી સૌને કૃતાર્થ કર્યા હતા. આ અવસરે પરમ પૂજ્ય સ્વામીશ્રીએ એમેઝોન કિન્ડલ માટે ગુજરાતી પુસ્તકો પુરુષોત્તમ બોલ્યા પ્રીતે, યોગીવાણી, યુગવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજનું વિમોચન કર્યું હતું.

સંધ્યા સમયે ૫-૦૦ થી ૮-૦૦ દરમ્યાન મહારાજા કૃષ્ણકુમારસિંહજી વિશ્વવિદ્યાલય, ભાવનગરના વિશાળ પરિસરમાં જન્મજયંતી મહોત્સવનો મુખ્ય કાર્યક્રમ યોજાયો હતો. 'અમર વારસો ગુણાતીતનો...'ના મધ્યવર્તી વિચાર હેઠળ યોજાયેલા આ કાર્યક્રમના આરંભમાં વિવેકસાગરદાસ સ્વામીએ ગુણાતીત ગુરુપરંપરાના પ્રગટ વર્તમાન ગુરુવર્ય પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનો મહિમા સમજાવ્યો હતો. ત્યારબાદ વિશાળ સભાગૃહમાં એ જ પ્રગટ ગુણાતીત ગુરુહરિ મહંત સ્વામી મહારાજનું આગમન થયું. સંતો-ભક્તોએ કલાત્મક રથમાં બિરાજમાન કરી ભક્તમેદની વચ્ચેથી શ્રીહરિકૃષ્ણ મહારાજ સાથે સ્વામીશ્રીને મહોત્સવ સ્થળે વધાવ્યા. કલાત્મક રથ દ્વારા વિશાળ સભાગૃહના મધ્ય પથ પરથી પસાર થઈને ભક્તમેદનીને દર્શન આપતાં આપતાં સ્વામીશ્રી મંચ પર પધાર્યા. મંચ પર તેઓના આગમન સાથે જ આજના મુખ્ય કાર્યક્રમનો આરંભ થયો. અમર ગુણાતીત વારસાના સદ્‌ગુણો નિયમધર્મ, પરાભક્તિ, ભક્તવત્સલતા, અહંશૂન્યતા, પ્રભાવ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજમાં કેવા સામ્યથી નીખરી ઊઠે છે, તેની હૃદયસ્પર્શી રજૂઆત વિવિધ માધ્યમો દ્વારા થતી રહી. વિષયને અનુરૂપ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી

મહારાજના સદ્‌ગુણનું દર્શન કરાવતા વીડિયો તથા તે જ સદ્‌ગુણ વર્તમાનકાળે મહંત સ્વામી મહારાજમાં કેવી રીતે સહેજે નીરખી શકાય છે તેની રજૂઆત સંતોના ઉદ્‌બોધન દ્વારા કરવામાં આવી હતી. પ્રત્યેક સદ્‌ગુણની રજૂઆત વચ્ચે *'અમર વારસો ગુણાતીતનો, સતત ચાલતો શ્રીહરિ તણો...'* એ શ્લોકના ગાન સાથે બાળ-યુવા વૃંદે નૃત્ય પ્રસ્તુતિ કરીને મધ્યવર્તી વિચારને વધુ દૃઢ કરાવ્યો હતો. ગુણાતીતના અમર વારસાની વિવિધ પ્રસંગહારમાળાને નારાયણમુનિદાસ સ્વામી, અક્ષરવત્સલદાસ સ્વામી, આત્મતૃપ્તદાસ સ્વામી, આનંદસ્વરૂપદાસ સ્વામી અને આત્મસ્વરૂપદાસ સ્વામીએ મનનીય વ્યાખ્યાનો દ્વારા પ્રસ્તુત કરી. (વિશેષ વિવરણઃ પૃ. ૮ થી ૨૩ દરમ્યાન) પ્રત્યેક વિષયને અનુરૂપ પ્રમુખસ્વામી મહારાજની પ્રેરક અમૃતવાણીનો આસ્વાદ પણ સૌ વીડિયો દર્શન દ્વારા માણતા રહ્યા.

ગુણાતીતના અમર વારસાની અનુભૂતિઓ પ્રસ્તુત કરીને કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીએ મહંત સ્વામી મહારાજના ચરણે ભાવવંદના કરી. તેઓએ જણાવ્યું, 'ભગવાનના સંબંધથી ભગવાનના અનંત કલ્યાણકારી ગુણો પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજમાં સૌને સહેજે સહેજે દેખાય છે. આવા ગુણાતીત સંત અને ભગવાનમાં એકતા છે. સન ૧૯૫૦માં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને જ્યારે પ્રમુખપદ સોંપ્યું ત્યારે સભા ભરાઈ હતી. એ સમયે પ્રમુખસ્વામી મહારાજે હરિભક્તોનાં એઠાં વાસણ ઊટક્યાં હતાં. જો પ્રમુખસ્વામી મહારાજે ધાર્યું હોત તો બીજાને વાસણ ઊટકવાનું કહી શક્યા હોત, પણ તેમણે જાતે જ વાસણો ઊટક્યાં. એ જ રીતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ પણ વર્તે છે. સન ૧૯૬૧ પછી અમે મુંબઈમાં સંતો રહેતા હતા. ત્યારે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે અમને સૌને કહ્યું હતું કે 'તમારે સૌએ મહંત સ્વામીની આજ્ઞામાં રહેવું.' મહંત સ્વામી મહારાજ મહંત તરીકે બિરાજતા તો પણ મંદિરની વિવિધ સેવાઓમાં જોડાઈ જતા. વિશેષમાં બપોરે વાસણ માંજવાનું કામ પણ મહંત સ્વામી મહારાજે વર્ષો સુધી કર્યું છે. કોઈ પણ સેવામાં વેઠ નહીં, પણ સારામાં સારી રીતે તેમણે સેવા કરી છે. ઉત્સાહથી તમામ સેવા કરી છે. એટલે આ શુભભાવના મહાપુરુષોના જીવનમાં સહેજે જ જોવા મળે છે.

સન ૧૯૭૪માં પ્રમુખસ્વામી મહારાજને અચાનક જ નૈરોબીથી રાતે ૧ વાગ્યે પુનઃ મુંબઈ આવવાનું થયું. હરિકૃષ્ણ મહારાજને થાળ ધરાવવાનો બાકી હતો. સ્વામીશ્રીએ રાત્રે હરિકૃષ્ણ મહારાજ માટે થાળ તૈયાર કરાવ્યો અને દંડવત્ કરીને માફી માંગી. તેમને ઠાકોરજીની સતત ચિંતા હતી. આ પ્રકારની પરાભક્તિનાં દર્શન પ્રમુખસ્વામી મહારાજમાં થયેલાં. એવી જ પરાભક્તિ મહંત સ્વામી મહારાજમાં પણ જોવા મળી છે. મહંત સ્વામી મહારાજ મુંબઈમાં બિરાજતા ત્યારે જબરેશ્વર મહારાજને ખૂબ લાડ લડાવતા. જ્યારે ચંદનના વાઘા કરવાના હોય તો એ પણ ખૂબ જ ભાવથી કરતા. ઠાકોરજીને પારણે ઝુલાવવાના હોય તો વિવિધ પ્રકારનાં પારણાં પણ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ ભક્તિભાવપૂર્વક બનાવતા. પ્રમુખસ્વામી મહારાજ લાખો ભક્તોના ગુરુપદે બિરાજતા હતા, છતાં પણ નાનામાં નાના બાળક, કિશોર, યુવાન, વડીલને બે હાથ જોડીને જ મળતા. એવાં જ દર્શન અત્યારે મહંત સ્વામી મહારાજના જીવનમાં થાય છે. આવા સમર્થ અને લાખોના ગુરુપદે બિરાજતા હોવા છતાં નાનામાં નાના બાળકોને બે હાથ જોડીને જ તેઓ વાત કરે છે. દરેકની આગળ આવી રીતે તેઓ નમ્ર જ રહે છે. ગુણાતીત સત્પુરુષોના જીવનમાં આપણને એક સરખી સામ્યતા દેખાય છે એટલે આ ગુણાતીત વારસો અખંડ છે.'

આ અવસરે ગુજરાતના ભારતીય જનતા પક્ષના પ્રદેશ પ્રમુખ અને સ્થાનિક ધારાસભ્ય શ્રી જિતુભાઈ વાઘાણીએ પોતાની ભાવોર્મિઓ વ્યક્ત કરી મહંત સ્વામી મહારાજનાં ચરણે ભાવવંદના કરી.

પરમ પૂજ્ય ડૉક્ટર સ્વામીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં જણાવ્યું, 'યોગીજી મહારાજની સાથે યુવક વિનુભાઈ તરીકે મહંત સ્વામી અને હું વિચરણમાં જોડાયા હતા. અમે કંડારી ગામમાં હતા. ત્યાં યોગીજી મહારાજે વિનુભાઈને પૂછ્યું કે 'તમારે શું થવું છે?' ત્યારે વિનુભાઈએ કહ્યું કે 'સાધુ.' યોગીજી મહારાજે ધબ્બો મારીને કહ્યું કે 'સાધુ થઈ ગયા.' આ રીતે યોગીજી મહારાજના મહંત સ્વામી મહારાજ પર પહેલેથી આશીર્વાદ હતા.

યોગીજી મહારાજે ભણેલા ગણેલા ૫૧ યુવાનોને દીક્ષા આપવાનું નિર્ધાર્યું હતું. તેમાં સૌથી પહેલા મહંત સ્વામી મહારાજને દીક્ષા આપી હતી. મહંત સ્વામી મહારાજે બી.એસસી. પાસ કરીને તરત જ દીક્ષા પ્રાપ્ત કરી હતી. મહંત સ્વામી મહારાજના એક મોટા ભાઈ પરદેશ રહેતા હતા. તેઓ આર્થિક મદદ કરતા નહોતા. બીજા એક ભાઈ ધામમાં ગયેલા. એટલે તેમના પરિવારની જવાબદારી પિતા પર હતી. બીજા એક ભાઈ સામાન્ય નોકરી કરતા હતા. એમનું પણ માંડ પૂરું થાય એવી પરિસ્થિતિ હતી. એટલે વિનુભાઈ પ્રત્યે બધાને અપેક્ષા રહેતી જ. એક વખત



યોગીજી મહારાજે વિનુભગતને કહ્યું કે 'તમને દીક્ષા આપવાની છે.' એટલે તેમના ઘરના સભ્યોમાંથી એક વ્યક્તિએ મને વાત કરી કે 'તમે યોગીજી મહારાજને વિનંતી કરો કે વિનુભાઈને દીક્ષા આપે તેમાં તો અમે બધા રાજી જ છીએ, પણ સન ૧૯૬૧માં બીજા યુવકોને દીક્ષા આપવાના છે, તે વખતે તેમને દીક્ષા આપે. કારણ કે અત્યારે અમારે આર્થિક કટોકટી છે તેમાં કંઈક મદદ થાય.' આ વાત મેં યોગીજી મહારાજને કરી. તો યોગીજી મહારાજ કહે કે 'તેમને કહેજો કે જરાય ચિંતા ન કરે, હું મહંત સ્વામીને એવા બનાવીશ કે તેમના સંકલ્પે લાખો રૂપિયા આવશે.' અને યોગીજી મહારાજનાં વચનો અનુસાર આપણે એવું કાર્ય જોઈએ જ છીએ.

અહીં ગુણોની વાત થઈ તેમાં સૌથી મોટો ગુણ છે 'સબગુણ પૂરણ પરમ વિવેકી, ગુણ કો માન ન આવે...' આ એક બહુ મોટી વાત છે. આટલા બધા માણસો માનતા હોય, આટલું સન્માન મળતું હોય, તોપણ માન ન આવે, એ બહુ જ અઘરી બાબત છે. જેમાં આવું નિર્માનીપણું છે, તેમાં ભગવાન પ્રગટ જ બિરાજે છે. એટલે આ બધાં જ કાર્યો થાય છે.

જન્મજયંતી કોઈ એક દિવસનો વિષય નથી. ભલે આટલા બધા ભેગા ન થાય, બે જ વ્યક્તિઓ હોય, પણ તમે એ વ્યક્તિને સંસ્થા માટે, સ્વામી માટે સદ્‌ભાવ થાય, એવી રીતે કંઈક વર્તો તોપણ જયંતી જ છે. એનાથી જ કાર્ય થાય છે. તમે જ્યાં નોકરી કરો છો, વ્યવસ્થિત નોકરી કરો. વિદ્યાર્થી છો, પરીક્ષા આપો છો, વ્યવસ્થિત પરીક્ષા આપો. ચોરી કરીને પરીક્ષા આપો, એનું નામ જયંતી ન કહેવાય.

ભગવાન સ્વામિનારાયણે આપેલાં વચનો પ્રમાણે આપણે વર્તીશું તો કાર્ય શ્રેષ્ઠ રીતે જ થશે. આપણે અંતર્દૃષ્ટિ કરવાની છે અને એ પ્રમાણે વર્તવાનું છે. જો એ પ્રમાણે રહીશું તો પ્રચાર કર્યા સિવાય કાર્ય ચાલ્યા જ કરશે. આજના આ જન્મજયંતીના દિવસે શ્રી સ્વામિનારાયણ ભગવાન અને શ્રી ગુરુપરંપરાનાં ચરણોમાં પ્રાર્થના.'

આજના સમારોહમાં ગુણાતીતના અમર વારસાને દૃશ્ય-શ્રાવ્ય માધ્યમ દ્વારા માણી રહ્યા હતા. હવે, બાળયુવાવૃંદે એક નૃત્યાંજલિ દ્વારા ગુણાતીતના ગુણને પ્રદર્શિત કર્યો. 'ગુણોના મહાસાગર મહંત સ્વામી જગથી ન્યારા, ગુણાતીતના વારસ એ તો પ્રમુખસ્વામીના પ્યારા' આ પંક્તિઓ સાથે બાળ-યુવા વૃંદે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના જન્મજંયતી મહોત્સવની વધાઈઓ પાઠવી.

આજે સૌનો ઉત્સાહ આકાશને આંબી રહ્યો હતો. કારણ કે, ગુરુહરિ મહંત સ્વામી મહારાજને હૃદયની ભક્તિથી વધાવવા સૌ અહીં ઉપસ્થિત હતા. તે સૌ પર પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આશીર્વાદ વરસાવતાં જણાવ્યું, 'આ બધું જ સરળ છે, સહેલું છે, તમે પણ એકાંતિક ભાવને પામીને ભગવાનને અખંડ ધારી શકો છો. જો તમારા હાથમાં ચાવી આવી જાય, તો બધું સહેલું જ છે. મહારાજ-સ્વામી પરના પર છે. એમને બધું સોંપી દઈએ. તમે સોંપો કે ન સોંપો ભગવાન સર્વ કર્તા-હર્તા છે જ. એટલે કોઈનું ચાલે તેવું નથી. મહારાજ-સ્વામી મળ્યા પછી કોના પર પ્રભાવ પાડવાનો? ભગવાન મળ્યા, અનંતકોટિ મુક્તો છે એ બધા દાસભાવે સેવા કરે છે. આપણે ક્યાં પ્રભાવ પાડવાની વાત છે! એ બધી આ લોકની વાત છે. પણ, આપણે તો ભગવાન મળ્યા એ જ સાચું.

આપણે મહારાજ-સ્વામી ઉપર બધું સોંપી દેવું. એ જ બધું કરે છે. અને એ જ કર્તા છે. આપણે આપણા પર ભાર લઈએ તો તમારી મરજી છે. મહારાજ-સ્વામી પર ભાર

નાંખીએ તો કોઈ ચિંતા નહીં. મહારાજ-સ્વામી જ બધું કરે છે. અને એ જ કાર્ય કરવાના છે. એટલે આપણે નિરાંતે સૂઈ જવું. બધું મહારાજ-સ્વામી પર નાંખી દેવાનું.

પ્રમુખસ્વામી મહારાજની સાધુતા ગજબની હતી. શ્રીજી મહારાજને ગમે તેવી સાધુતા હતી. ઘણા બધા સાધુ સારા જ છે; પણ, શ્રીજી મહારાજને ગમે તેવી સાધુતા યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજે ધારણ કરી હતી. એ સાધુતા રાખવી એ બહુ મોટી વાત છે. યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજના પ્રસંગો સહેજે જ યાદ રહે છે. તેમના એટલા બધા પ્રસંગો છે એ બધા યાદ ના રહે પણ અમુક યાદ રાખીને તેને દીવાદાંડી તરીકે રાખીએ. એ અનુસાર ચાલીએ તો સહેજે જ એકાંતિક થઈ જવાય. પરમ આનંદને પામીએ અને આનંદ આનંદ રહે છે. કોઈ વાતની ચિંતા ન રહે.

શ્રીજી મહારાજે વાત કરી છે કે 'જે હરિભક્તને રે રહેવું હોય મારે પાસ, તો તમે મેલજો મિથ્યા પંચવિષયની આશ...' આપણે પણ નિયમધર્મનો માર્ગ લેવો પડશે. પછી કોઠે પડી જશે પછી વાંધો નહીં આવે. આ બહુ સરળ છે. આપણે પણ કરી શકીએ તેમ છીએ. કરવાનું જ છે. આ સત્સંગનો અર્થ જ એ છે.

ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે, તેને પોતાનું સ્વરૂપ માનીને ભગવાનની ઉપાસના કરવાની છે. આપણે બધા જાણીએ છીએ, પણ અમલમાં આવવું જોઈએ. યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં આ બધું જોવા મળતું. એ ફક્ત બોલતા નહોતા. તેમના જીવનમાં અમલમાં હતું. એ તો ભગવાન સ્વામિનારાયણને રાજી કરવા માટે કાર્ય કરતા જ રહ્યા. એ ધર્મ-નિયમમાં રહીને હરિભક્તોને રાજી કરતા. ધર્મ-નિયમમાં રહીને આપણે બધાને રાજી રાખવા એ સાર છે. પ્રમુખસ્વામી મહારાજે આખી જિંદગી આ જ કર્યું છે. પ્રમુખસ્વામી મહારાજે આખી જિંદગી પળે પળે બધાને રાજી રાખ્યા છે. આપણને એવું લાગે કે આપણે તેમને રાજી કરીએ છીએ, પણ ખરેખર જોવા જઈએ તો એ સત્પુરુષ જ આપણને રાજી કરતા હોય છે. એટલે આપણે પણ એ જ સમજવાનું કે સત્પુરુષ રાજી કઈ રીતે થાય? આજ્ઞા અને ઉપાસના બે દૃઢ રાખવાં તે સત્સંગની બે પાંખો છે. આજ્ઞા-ઉપાસના રાખીએ તો આપણે અક્ષરધામમાં ઊડીને જતા રહીએ. આ જગત છે તે ચાલ્યા કરે અને ચાલશે. અનંતકાળથી આ ઘટમાળ ચાલે છે. તેમાંથી આપણે બહાર નીકળ્યા છીએ. પાછા ન પડવું, ડૂબકાં ન ખાવાં અને મહારાજ-સ્વામીની ભક્તિ દાસભાવે કરી લેવી.'

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સારંગપુર ખાતે વરસાવેલા આશીર્વાદનો ઓડિયો-વીડિયો સંપુટ પૂજ્ય સંતોએ વરિષ્ઠ સંતો પાસે ઉદ્‌ઘાટિત કરાવ્યો હતો. સાથે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની વિશિષ્ટ સ્મૃતિ છબીઓ પણ વરિષ્ઠ સંતો પાસે ઉદ્‌ઘાટિત કરાવી હતી.

સ્વામીશ્રીના જન્મજયંતી મહોત્સવ ઉપક્રમે ભાવનગર ખાતે રક્તદાન યજ્ઞ પણ યોજાયો હતો. જેમાં હરિભક્તોએ ૨૧૦ બોટલ રક્તદાન કરીને સમાજસેવામાં ઉત્તમ યોગદાન આપ્યું હતું. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના સ્મૃતિપર્વ ઉપક્રમે આ અવસરે પાંચ હજાર વૃક્ષોના રોપાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

તાજેતરમાં કેરળમાં આવેલા પ્રલયકારી પૂરમાં અસરગ્રસ્ત થયેલા નાગરિકો માટે સંસ્થા દ્વારા આપવામાં આવનાર ૧૦,૦૦૦ જેટલી મૅડિકલ કિટ મહંત સ્વામી મહારાજે પ્રાસાદિક કરી આપી. સમગ્ર સત્સંગ સમાજ વતી પૂજ્ય ડૉક્ટર સ્વામી, પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી વગેરે સહિત અન્ય સંતોએ સ્વામીશ્રીને કલાત્મક હારથી વધાવ્યા. શ્રી ગિરીશભાઈ વાઘાણી (કુલપતિ શ્રી, મહારાજા કૃષ્ણકુમારસિંહજી વિશ્વવિદ્યાલય), શ્રી જિતુભાઈ વાઘાણી (સાસંદ, ભાવનગર), શ્રી મનભા મોરી (મેયર, ભાવનગર), શ્રી યુવરાજસિંહ ગોહિલ (ચૅરમૅન, સ્થાયી સમિતિ, ભાવનગર), શ્રી અશોકભાઈ બારૈયા (ઉપમેયર, ભાવનગર), શ્રી મહેશભાઈ (મહામંત્રી, ભાજપ શહેર સંગઠન સમિતિ), શ્રી રાજેન્દ્રસિંહ રાણા (પૂર્વ સાંસદ, ભાવનગર), શ્રી હરુભાઈ ગોંડલિયા (અગ્રણી, રથયાત્રા સમિતિ, ભાવનગર), શ્રી વિઠ્ઠલભાઈ મેંદપરા (પ્રમુખ, ડાયમંડ એશોસિયેશન), શ્રી રાજેશભાઈ જોશી (પ્રમુખ, શહેર કોંગ્રેસ), શ્રી જયદીપસિંહ ગોહિલ (વિપક્ષ નેતા) વગેરેએ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને કલાત્મક હારથી વધાવી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

અંતમા, સૌએ સમૂહમાં આરતી અર્ઘ્ય અર્પણ કરીને ઠાકોરજી તથા ગુરુહરિ મહંત સ્વામી મહારાજને વધાવ્યા હતા. આમ, આજના દિને ૩૦,૦૦૦ કરતાં વધુ ભક્તોએ ગુરુહરિને ૮૫મા જન્મજયંતી દિનની શુભેચ્છાઓ પાઠવીને ધન્યતા અનુભવી હતી. અહીં ઉપસ્થિત ન રહી શકનાર લાખો ભક્તોએ જીવંત પ્રસારણ માણીને ગુરુહરિને વધાવ્યા હતા. સમારોહને અંતે સૌને હૈયે એક જ નાદ ગુંજતો હતોઃ

*'અમર વારસો ગુણાતીતનો, સતત ચાલતો શ્રીહરિ તણો,*
*ભગતજી અને શાસ્ત્રી-યોગીજી, પ્રમુખજી અને શ્રી મહંતજી...'*

◆

New Kindle eBooks

Available on
**amazonkindle**

Type: 'Aksharpith Kindle' into Amazon.com

Swaminarayan Aksharpith


# સ્વામિનારાયણ અક્ષરપીઠનાં પ્રકાશનો ઇબુક્સ સ્વરૂપે એમેઝોન કિંડલ પર...

## Ebooks for Amazon Kindle

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ અક્ષરપીઠ દ્વારા amazon website ઉપર ebooks સ્વરૂપે નીચેનાં ગુજરાતી તથા અંગ્રેજી પ્રકાશનો પ્રકાશિત કરવામાં આવ્યાં છે. આ ebooks કોઈપણ સ્માર્ટફોન, આઈપેડ, ટેબ્લેટ, કમ્પ્યૂટર અથવા કિંડલ ડિવાઇસ પર સરળતાથી વાંચી શકાય છે. દરેક દેશની એમેઝોન વેબસાઇટ પરથી ખરીદી કરવા માટે નીચે દર્શાવેલાં પ્રકાશનો પ્રાપ્ત કરી શકાશે.

1. પુરુષોત્તમ બોલ્યા પ્રીતે
2. Yogiji Maharaj: An Unforgettable Guru
3. યોગીવાણી
4. યુગવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજ
5. સાધુતાના શિખર મહંતસ્વામી મહારાજ

amazon websiteની મુલાકાત લઈને 'Aksharpith kindle' સર્ચ કરો અને ઉપલબ્ધ ebooksની યાદી પરથી kindle અને અન્ય devices માટે ઇબુક્સ ખરીદીને ડાઉનલોડ કરો...



Purushottam Bolya Prite | Yogiji Maharaj: An Unforgettable Guru | Yogi Vani | Yugvibhuti Pramukh Swami Maharaj | Sadhuta nu Shikhar Mahant Swami Maharaj

On the occasion of Mahant Swami Maharaj's Birthday

# અક્ષરપીઠના બુકસ્ટોલ પરથી વસાવીએ પ્રેરક પ્રકાશનો...

**ગુજરાતી પુસ્તકઃ**

- ઘરસભા સહાયિકા ભાગ-૧ ₹ ૪૦/-
- ઘરસભા સહાયિકા ભાગ-૨ ₹ ૪૦/-
- ઘરસભા સહાયિકા ભાગ-૩ ₹ ૪૦/-
- ઘર બને એક મંદિર ઘરસભાથી ₹ ૩૫/-
- વારતા રે વારતા-૪ ₹ ૩૦/-
- તમે અને તમારા સંતાનો ₹ ૨૦/-

**અંગ્રેજી પુસ્તકઃ**

- Introduction to Mandir ₹ 75/-
- An Ideal Child ₹ 8/-
- Akshar-Purushottam Darshan ₹ 80/-
- Sucharitam-3 ₹ 50/-
- Gujarati Geetmala ₹ 50/-

**હિન્દી પુસ્તકઃ**

- घर सत्संग ₹ २०/–

**ઓડિયો પ્રકાશનોઃ**

- પ્રમુખસ્વામી મહારાજ અમૃતવાણી (MP3) ₹ ૨૦/-
- પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની દિવ્યવાણી-૧ (MP3) ₹ ૨૦/-
- પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની દિવ્યવાણી-૨ (MP3) ₹ ૨૦/-
- પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની દિવ્યવાણી સંપુટ-૨ (પેનડ્રાઇવ) ₹ ૪૫૦/-
- સહજાનંદ ચરણ કે ઉપાસી (પેનડ્રાઇવ) ₹ ૪૦૦/-

**બી.એ.પી.એસ. સ્વામિનારાયણ અક્ષરપીઠનાં તમામ વિક્રય કેન્દ્રો ઉપર ઉપલબ્ધ**

# બી.એ.પી.એસ. યુવા તાલીમ કેન્દ્ર દ્વારા યોજાયું અંતરજાગૃતિ પર્વ - ૨૦૧૮






બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે સ્થાપેલ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે પોષેલ યુવા તાલીમ કેન્દ્ર એટલે યુવાનોના સર્વાંગી ઘડતરનું સારંગપુર સ્થિત કેન્દ્ર. ૬ માસ દરમ્યાન અનેકવિધ તાલીમનાં માધ્યમો પૈકી તાલીમાર્થી માટે એક વિશિષ્ટ અનુભવ એટલે અંતર જાગૃતિ પર્વ. તાલીમાર્થીઓનું જીવનઘડતર થાય, ભગવાન સ્વામિનારાયણ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનો સંદેશ પ્રસરે, હરિભક્તોના પ્રેરણાદાયી જીવનમાંથી સત્સંગનાં અનેક મૂલ્યોની પ્રેરણા મળે તે હેતુથી અંતર જાગૃતિ પર્વ યોજવામાં આવે છે.



તાજેતરમાં જ ૨૦૧૮-દ્વિતીય સત્રના ૧૯૭ તાલીમાર્થી યુવકોએ કુલ ૪૭ વૃંદમાં તા. ૧૨-૯-૨૦૧૮ થી તા. ૧૯-૯-૨૦૧૮ સુધી ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાનનાં અલગ-અલગ ક્ષેત્રોમાં વિચરણ કર્યું હતું. કુલ ૩૭૩ ગામડાઓમાં આ તાલીમાર્થીઓએ વિચરણ કર્યું, જેમાં કુલ ૪,૯૮૧ ઘરોમાં સંપર્ક કર્યો, ભાવિકોના વ્યક્તિગત સંપર્ક દ્વારા અઠવાડિક સભા, નિત્યપૂજા, મંદિર-દર્શન, વચનામૃત-સ્વામીની વાતોનું વાંચન, એકાદશી, ઘરસભા જેવા ૩,૮૭૦ નિયમો ગ્રહણ કરાવ્યા હતા. વિચરણ દરમ્યાન ૨૨૩ સંયુક્ત સભાઓ યોજાઈ, જેમાં ૨૪,૩૬૬ શ્રોતાઓએ લાભ પ્રાપ્ત કર્યો હતો. સાથે-સાથે ૧૭૦ જેટલી બાળસભા અને ૨૦૨ શાળાઓમાં સભા થઈ, જેમાં ૪૧,૮૪૦ બાળકોએ લાભ પ્રાપ્ત કર્યો હતો. સાંજે ભક્તિ ફેરી કરવામાં આવી હતી, જેમાં ૬,૨૪૯ હરિભક્તો જોડાયા હતા. આ યુવાનોએ ૧,૩૪૨ જેટલા વ્યસનીઓને વ્યસનમુક્ત કર્યા હતા. યુવા તાલીમ કેન્દ્ર આયોજિત આ વિશિષ્ટ પ્રવૃત્તિ દ્વારા હજારો વ્યક્તિઓને ખૂબ સમાસ થયો અને જીવનમાં એક ડગલું આગળ વધવાની પ્રેરણા મળી. અને સૌથી વિશેષ તો તાલીમાર્થી યુવકોને એક વિરલ મહિમા-દૃષ્ટિ પ્રાપ્ત થઈ. ◆

# રાજસ્થાનની દેવનગરી દૌસા શહેર ખાતે નિર્માણ પામ્યું નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર





ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમ કૃપા અને બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી રાજસ્થાનમાં સત્સંગ પ્રતિદિન અભિવૃદ્ધિ પામી રહ્યો છે. પરિણામે આ રાજ્યમાં ચતુર્થ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર દૌસા શહેરમાં નિર્માણ પામ્યું છે, જેનો તા. ૧૩-૧૦-૨૦૧૮ના રોજ પ્રતિષ્ઠા ઉત્સવ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો.

રાજસ્થાનમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણીય સત્સંગ ગંગાની ગંગોત્રી દૌસાથી વહેતી થઈ હતી. તે સમયે શ્રી ખેંગારજીભાઈ ચૌહાણના મામા શ્રી કાળુભા સોલંકીના યોગથી શ્રી હરિસહાયજી ચૌધરી તથા અન્ય કેટલાય પરિવારોમાં સત્સંગ થયો હતો. આથી એ સૌના પ્રેમભાવને સ્વીકારીને સન ૧૯૨૮માં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે અહીં સર્વપ્રથમ દૌસા પધારીને કાર્તિક શુક્લ એકાદશીનો ઉત્સવ ઊજવ્યો હતો. ત્યારબાદ સન ૧૯૪૭માં કરાંચીથી વિચરણ કરીને બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજની સાથે દૌસા પધાર્યા હતા. આમ રાજસ્થાનમાં ભગવાન સ્વામિનારાયણ પ્રબોધિત અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના સિદ્ધાંત પ્રવર્તનની શરૂઆત થઈ. સમયે સમયે પ્રમુખસ્વામી મહારાજ અને સંતોનું વિચરણ રાજસ્થાનમાં થતું રહ્યું, પરિણામે જયપુરમાં સન ૨૦૦૫માં ભવ્ય શિખરબદ્ધ મંદિર રચાયું. આ શિખરબદ્ધ મંદિરની છત્રછાયામાં સંતોના વિચરણથી રાજસ્થાનના જુદા જુદા પ્રાંતોમાં સત્સંગની અભિવૃદ્ધિ થવા લાગી. દૌસામાં તો સત્સંગનાં બીજ ક્યારના રોપાઈ ગયાં હતાં. તેથી અહીં મંદિરની માંગ ઘણા સમયથી હતી. સન ૨૦૦૧માં શ્રી હરિસહાયજીના પૌત્ર શ્રી સત્યનારાયણ ચૌધરીજીએ પ્રમુખસ્વામી મહારાજનાં ચરણોમાં મંદિર માટે ભૂમિદાન કર્યું. સન ૨૦૦૩માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે દૌસા પધારીને મંદિર નિર્માણના આશીર્વાદ આપ્યા. સન ૨૦૧૫માં પૂજ્ય આત્મસ્વરૂપદાસ સ્વામીની ઉપસ્થિતિમાં નૂતન મંદિરનું ખાતમુહૂર્ત થયું. સંતોના માર્ગદર્શન હેઠળ અને સ્થાનિક આબાલવૃદ્ધ હરિભક્તોના ભક્તિમય પુરુષાર્થથી જોતજોતાંમાં બંસીપહાડપુરના ગુલાબી પથ્થરોમાંથી મંડિત સુંદર ત્રણ શિખરયુક્ત હરિમંદિરનું નિર્માણ થયું. મકરાણા નિવાસી શ્રી અખિલભાઈ ચંદ્રકાંતભાઈ સોમપુરાએ માર્બલની સેવાની સાથે સાથે ૨૫ કારીગરોની ટીમ સાથે પધારી અનન્ય સેવા કરી હતી. મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ આવી પહોંચતાં જ સૌનો ઉત્સાહ ખૂબ વધી ગયો.

મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવનો ઉદ્‌ઘોષ આજુબાજુનાં ગામડાંઓમાં થાય તે હેતુસર કલાત્મક ત્રણ રથ તૈયાર

કરવામાં આવ્યા. જેમાં શ્રી નીલકંઠવર્ણી મહારાજની અભિષેક મૂર્તિ અને ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા ગુણાતીત ગુરુપરંપરાની મૂર્તિઓને વિરાજિત કરીને આ રથોની વિવિધ ગામડાંઓમાં પધરામણી કરાવવામાં આવી. પ્રત્યેક ગામમાં રથના સ્વાગત માટે સૌ આબાલવૃદ્ધો એકઠા થાય અને તેઓને પ્રતિષ્ઠા ઉત્સવનું આમંત્રણ આપીને ગામમાં સુખાકારી માટે ધૂન-પ્રાર્થના કરવામાં આવે.





ઉપરાંત જનમંગલનામાવલિના પાઠગાન સાથે ભાવિકો શ્રી નીલકંઠવર્ણી મહારાજ પર અભિષેક કરીને મંગલ પ્રાર્થના કરે. આમ ત્રણેય રથોએ કુલ ૧૧૧ ગામોમાં પધરામણી કરીને મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવનો અપૂર્વ ઉદ્‌ઘોષ કર્યો હતો. આ મહોત્સવની પૂર્વ તૈયારીમાં જયપુરના સંનિષ્ઠ હરિભક્ત શ્રી રાજાબાબુ ખંડેલવાલ અને તેમનાં ધર્મપત્નીએ છેલ્લા અઢી મહિના દૌસામાં રહીને મોખરાની સેવાઓ કરી હતી. તેમણે ૮૦૦થી વધારે ઘરોમાં શ્રી નીલકંઠવર્ણી મહારાજની મૂર્તિ સાથે પધરામણી કરીને અભિષેકવિધિ કરાવ્યો હતો.

મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવની શરૂઆત તા. ૧૨ ઑક્ટોબરથી થઈ. સવારે ૯-૦૦ વાગ્યે પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની અપૂર્વ શોભાયાત્રા દૌસાના રાજમાર્ગો પર યોજાઈ. દેવનગરી દૌસાના પ્રસિદ્ધ મંદિર શ્રી સહજનાથ મંદિરથી શોભાયાત્રાની શરૂઆત થઈ. વિવિધ કલાત્મક રથોમાં પ્રતિષ્ઠિત થનાર દેવસ્વરૂપોનાં દર્શન કરીને સૌ ધન્યતા અનુભવતાં હતાં. સમગ્ર નગરમાં અનોખી દિવ્યતા પ્રસરાવતી આ શોભાયાત્રામાં ૩,૦૦૦થી વધુ ભાવિકો શામિલ થયા. ૧,૫૦૦થી વધારે બહેનો મસ્તક પર કળશ તથા પવિત્ર ગ્રંથની પોથીઓ ધારણ કરીને સંમિલિત થયાં. ગમનપથમાં વિવિધ સ્થાનો પર દૌસાવાસીઓએ દેવસ્વરૂપોનું સ્વાગત-સત્કાર કર્યો હતો. નગરયાત્રીઓને છાશ અને શરબત ભાવપૂર્વક અર્પણ કરીને સેવાનો લાભ લીધો હતો. શિસ્તબદ્ધ શોભાયાત્રાની દિવ્યતા અને ભાવિકોનો ઉત્સાહ જોઈને દૌસાવાસીઓએ કહ્યું કે આવી ઐતિહાસિક શોભાયાત્રા આ શહેરમાં પૂર્વે ક્યારેય નિહાળી નથી. ૭ કિ.મી અંતર કાપીને બી.એ.પી.એસ. મંદિર ખાતે શોભાયાત્રા વિરામ પામી હતી.

શોભાયાત્રાની પૂર્ણાહુતિ બાદ સાંજે ૫ વાગ્યે 'શ્રી સ્વામિનારાયણ વિશ્વશાંતિ મહાયજ્ઞ' યોજાયો. સંતોએ પૂર્વાર્ધવિધિ કરીને યજ્ઞની શરૂઆત કરાવી ત્યારબાદ યજમાન હરિભક્તો યજ્ઞવિધિમાં રત થયા. સંસ્થાના વિદ્વાન પુરોહિતોના વેદગાન વચ્ચે ૧૧૧ કુંડ પર ૧,૧૦૦થી અધિક યજમાનોએ યજમાનપદે બિરાજીને શ્રદ્ધાપૂર્ણ આહુતિ અર્પણ કરીને સૌની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. આ અવસરે 'શ્રી સ્વામિનારાયણ નગર'નું ઉદ્‌ઘાટન કરીને નગરજનો માટે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું.

તા. ૧૩-૧૦-૨૦૧૮નો સોનલવરણો સૂરજ દૌસાવાસીઓ માટે કંઈક નવી આભા ધારણ કરીને ઊગ્યો.

તા. ૩-૧૨-૨૦૧૭ના રોજ પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ જયપુરમાં બિરાજતા હતા ત્યારે તેઓનાં કરકમળો વડે વેદોક્ત વિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીની ઉપસ્થિતિમાં તા. ૧૩-૧૦-૨૦૧૮ના રોજ ૧૦-૦૦ વાગે ખૂબ જ દિવ્યતાપૂર્વક સંપન્ન થયો. ત્યારબાદ પ્રાસંગિક ઉત્સવ સમારોહ યોજાયો. પૂજ્ય મુનિવત્સલદાસ સ્વામીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં દૌસાના ઇતિહાસમાં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ અને ગુણાતીત ગુરુપરંપરાના વિચરણના પ્રસંગો વર્ણવ્યા. ત્યારબાદ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ જીવનમાં સત્સંગની મહત્તા સમજાવીને વિશેષમાં સૌ હરિભક્તોને નિયમિત મંદિરમાં પધારીને સત્સંગનો લાભ લેવા અનુરોધ કરીને કહ્યું કે અહીં ઠાકોરજી સાક્ષાત્

બિરાજમાન છે. દરેકના શુભસંકલ્પો પૂર્ણ કરશે.' આ પ્રસંગે ઉપસ્થિત દૌસાના ધારાસભ્ય શ્રી શંકરલાલજી શર્માએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરીને બી.એ.પી.એસ. સંસ્થાના સેવાકાર્યોને બિરદાવીને કહ્યું હતું કે 'અમે દૌસાવાસીઓ ખૂબ ભાગ્યશાળી છીએ. સંતોએ અહીં ભવ્ય મંદિરનું નિર્માણ કર્યું છે. આ મંદિરથી આપણી ભવિષ્યની પેઢીને સંસ્કાર મળતા રહેશે.'




## શ્રી સ્વામિનારાયણ નગર

પ્રતિષ્ઠાના પાવન પ્રસંગે સમગ્ર દૌસા જિલ્લાના હજારો ભાવિકો બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં દર્શન કરવા આવે અને પવિત્ર સંદેશ પ્રાપ્ત કરીને આધ્યાત્મિક ઉત્કર્ષ કરે એવા હેતુસર અહીં વિશાળ ઉત્સવ સ્થળ 'શ્રી સ્વામિનારાયણ નગર'નું નિર્માણ કરવામાં આવ્યું હતું.

૩૦ વીઘા ભૂમિ પર રચવામાં આવેલા શ્રી સ્વામિનારાયણ નગરમાં અનેક વિધ આકર્ષણો હતાં. મુખ્ય કલાત્મક દ્વાર, નિઃશુલ્ક રોગનિદાન યજ્ઞ, અખંડ ધૂન, પાંચ પ્રેરણાદાયી પ્રદર્શનો વગેરે આકર્ષણોથી ભરપૂર આ નગરમાં રોજ સવારે ત્રણ હજારથી વધુ વિદ્યાર્થીઓએ આ પ્રદર્શનો નિહાળ્યાં અને સાંજે હજારો ભાવિકોએ નગરનાં દર્શન કરીને પવિત્ર જીવન જીવવાની પ્રેરણા પ્રાપ્ત કરી. સૌના પ્રતિભાવોમાં એક સૂર પડઘાતો હતો કે આવું નગર અને આવો માહોલ અમે દૌસામાં આજ સુધી કદી જોયો નથી. 'મુક્તાનંદ' શોમાં વ્યસનમુક્તિની પ્રેરણા, 'નિત્યાનંદ' શોમાં પારિવારિક એકતાની વાત સૌને ખૂબ સ્પર્શી ગઈ હતી. સાથે સાથે 'સહજાનંદ' શોમાં ભગવાન શ્રી નીલકંઠની કલ્યાણયાત્રાના સૌએ દર્શન કર્યા અને અંતર દિવ્યતાથી ભરી લીધું. ઉત્સવ સ્થળ સ્વામિનારાયણ નગર માટે શ્રી લક્ષ્મીનારાયણજી ઘોષી અને શ્રી બાબુલાલજી ઘોષી પરિવાર તરફથી ભૂમિ સેવામાં પ્રાપ્ત થઈ હતી.

સ્વામિનારાયણ નગરમાં તા ૧૩થી ૧૯ ઑક્ટોબર દરમ્યાન નિત્ય બપોરે ૧ થી ૫ વાગ્યા દરમ્યાન સંગીતમય શ્રીમદ્‌ભાગવતની કથા-પારાયણનો લાભ પૂજ્ય યોગીપ્રેમદાસ સ્વામીએ આપ્યો હતો, જેમાં દરરોજ ૧,૫૦૦થી પણ વધારે ભાવિકોએ શ્રદ્ધાપૂર્વક કથાશ્રવણનો લાભ લીધો હતો.

આ ઉત્સવમાં જયપુરના કોઠારી પૂજ્ય રાજેશ્વરદાસ સ્વામીનું અમૂલ્ય માર્ગદર્શન પ્રાપ્ત થયું. જયપુર બી.એ.પી.એસ. મંદિરના સંતોની સાથે સાથે દિલ્હી, હિંમતનગર, અમદાવાદ, અટલાદરા, ઇંદોર તથા બોડેલીના સંતોએ પધારીને ઉત્સવ સેવાકાર્યમાં ખૂબ સહયોગ આપ્યો.

સમગ્ર ઉત્સવ દરમ્યાન જોધપુર, ઉદયપુર, ઝુંઝુનુ, સિરોહી, પાલી, સુમેરપુર, ફાલના, બાલી, સોમેસર, બાંસવાડા, ડુંગરપુર, કોટા, અજમેર, ડિડવાના, હિન્ડૌન, બયાના અને મુંબઈ, બેંગલોર, અમદાવાદ, સુરત, પુના, દિલ્હી જેવાં મહાનગરોથી રાજસ્થાની હરિભક્તો પધાર્યા હતા. સ્થાનિક મુખ્ય હરિભક્તો શ્રી પ્રેમનારાયણજી ચૌધરી, શ્રી સત્યનારાયણજી રાવત, શ્રી પ્રભુદયાલ શર્મા, શ્રી સંતોષ સેન, શ્રી રાજેન્દ્ર ખૂટેટા, શ્રી ગિરિરાજ ખંડેલવાલ, શ્રી જિતેન્દ્ર મુદ્‌ગલ, શ્રી મહેશ ખંડેલવાલ, શ્રી સત્યનારાયણ ડંગાયચ, શ્રી સંતોષ ખાનવાસ, શ્રી રામ-લક્ષ્મણ ચૌધરી, શ્રી વિકાસ ચૌધરી, શ્રી બાબુલાલજી ખૂટેટા, શ્રી બાબુલાલજી મીણા, શ્રી ગોવિંદ ગુપ્તા, શ્રી અનુજ ખંડેલવાલ, શ્રી દિનેશજી સોની વગેરેએ આર્થિક સહયોગની સાથે સાથે વિભિન્ન વિભાગોમાં જવાબદારીપૂર્વક સેવા નિભાવી ગુરુહરિ મહંત સ્વામી મહારાજની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. મંદિરના નિર્માણમાં સંસ્થાના આજીવન સભ્ય શ્રી જયસુખભાઈ ઝાલાએ પણ ખંતપૂર્વક સેવાઓ બજાવી હતી.

અહીં વિચરણ કરતા પૂજ્ય યોગીપ્રેમદાસ સ્વામી અને પરમમુનિદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ દૌસા સત્સંગમંડળ તેમજ સમગ્ર રાજસ્થાનનાં બી.એ.પી.એસ. સત્સંગમંડળોના અપૂર્વ ઉત્સાહથી અને સંપ, સુહૃદભાવ અને એકતાથી ઉત્સવ શાનદાર રીતે સંપન્ન થયો હતો. આમ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય સંકલ્પ અનુસાર, પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી, સંતો-ભક્તોના અનન્ય પુરુષાર્થથી દૌસા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર મહોત્સવ ભક્તિભાવપૂર્વક ઊજવાઈ ગયો અને રાજસ્થાનમાં એક વધુ વખત શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજના વિજય ડંકા વાગી ગયા. ◆

# ગિરનારની ગોદમાં વસેલા મજેવડી ગામમાં ઊજવાયો નૂતન બી.એ.પી.એસ. મંદિરનો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ...





ગરવા ગિરનારની ગોદમાં પાંગરેલું મજેવડી ગામ એટલે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના બ્રહ્મ પડછંદાનું સાક્ષી બનેલું ગામ. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ પણ આ ગામને યાદ કરી બ્રહ્મોપદેશ આપતાં જગતના જીવોની વિષય તરફથી દોડધામને બાળકોની ખોટી દોડધામ સાથે સરખાવી છે.

મજેવડી ગામમાં છેલ્લાં ૨૦ વર્ષથી બી.એ.પી.એસ. સત્સંગમંડળ કાર્યરત છે. જૂનાગઢ અક્ષરમંદિરથી અવારનવાર વડીલ સંતો તથા અહીં વિચરણ કરતા સંતોએ ગામજનોને વૈદિક અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતની દૃઢ નિષ્ઠા કરાવી છે. પરિણામે સ્થાનિક સંયુક્તમંડળ અને યુવકમંડળ ઉત્સવોમાં જૂનાગઢ બી.એ.પી.એસ. મંદિરમાં સેવામાં જોડાતું રહ્યું અને સૌની ભક્તિ અભિવૃદ્ધિ પામતી ગઈ. આ ભક્તિને વિશેષ પોષણ આપવા મંદિરની આવશ્યકતા જણાઈ. સૌએ મંદિર માટે પ્રાર્થના કરીને પુરુષાર્થ આદર્યો. મંદિર માટે જમીન સંપાદિત કરવામાં આવી. આબાલવૃદ્ધ સૌ સત્સંગીબંધુઓ તને, મને, ધને મંદિર નિર્માણકાર્યમાં જોડાયા. શ્રી જયેશભાઈ વારિયા અને રાજેશભાઈ વારિયાએ વિશેષ સહયોગ આપ્યો. મંદિર બાંધકામમાં અજિતસિંહ પઢિયાર, વિજયભાઈ વાગડિયા, પરેશભાઈ અમીપરા તથા જયસુખભાઈ ઢોલરિયાએ સમયનું વિશેષ યોગદાન આપીને મંદિર બાંધકામને પૂર્ણતાને આરે પહોંચાડ્યું.

મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના નિમિત્તે તા. ૧૦-૧૦-૨૦૧૮ના રોજ 'શ્રી સ્વામિનારાયણ વિશ્વશાંતિ મહાયજ્ઞ' યોજાયો, જેમાં ૨૧૦ યજમાનોએ યજ્ઞવિધિનો લાભ પ્રાપ્ત કરીને સૌનાં કુશળક્ષેમ માટે પ્રાર્થના કરી. સાંજે ૪ વાગ્યે કલાત્મક રથોમાં પ્રતિષ્ઠિત થનાર શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુરુપરંપરાની મૂર્તિઓની શોભાયાત્રા શાનદાર રીતે યોજાઈ. સંધ્યાસભામાં જૂનાગઢ યુવકમંડળે કીર્તનઆરાધના કરી સૌને ભક્તિરસમાં તરબોળ કર્યા હતા.

તા. ૧-૬-૨૦૧૭ના રોજ સારંગપુર ખાતે ગુરુહરિ મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા વિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૧૧-૧૦-૨૦૧૮ના મંગળ પ્રભાતે પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો. ત્યારબાદ યોજાયેલી સભામાં સંતોનાં પ્રાસંગિક પ્રવચનો બાદ પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીએ આશીર્વચન પાઠવીને સેવાધારી હરિભક્તોને સન્માનિત કર્યા હતા.

જૂનાગઢ મંદિરના કોઠારી ધર્મવિનયદાસ સ્વામી તથા અહીં વિચરણ કરતા કલ્યાણમૂર્તિદાસ સ્વામી, નિર્દોષસેવાદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ હરિભક્તોની ખંતપૂર્વક સેવાથી ઉત્સવ સંપન્ન થયો હતો. આમ, સોરઠની ધરા પર વધુ એક અક્ષરપુરુષોત્તમના બ્રહ્મ પડછંદા સુણાવતું બી.એ.પી.એસ. મંદિર પ્રતિષ્ઠિત થઈ ગયું. ◆

# તીર્થધામ સારંગપુરમાં યોજાઈ તબીબી છાત્રોની મૅડિકો-સ્પિરિચ્યુઅલ કૉન્ફરન્સ






પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પ્રેરણા અને આશીર્વાદથી પ્રમુખસ્વામી હેલ્થ સર્વિસીસ તથા સારંગપુર સ્થિત સંત તાલીમ કેન્દ્રના સહિયારા પુરુષાર્થથી તાજેતરમાં મૅડિકો-સ્પિરિચ્યુઅલ સ્ટુડન્ટ્સ કૉન્ફરન્સ યોજાઈ ગઈ. તા. ૨૧ થી ૨૩ સપ્ટેમ્બર, ૨૦૧૮ દરમ્યાન સારંગપુર ખાતે યોજાયેલી આ કૉન્ફરન્સમાં ૭૫૦થી વધુ તબીબી છાત્રોએ ભાગ લીધો હતો.

આ કૉન્ફરન્સનો મધ્યવર્તી વિચાર હતોઃ 'BAPS – Be A Perfect Student', જેનો મંગલ પ્રારંભ તા. ૨૧ મી સપ્ટેમ્બરના રોજ સાંજે ૪:૩૦ વાગે અક્ષરચરણદાસ સ્વામી અને ડૉ. નીલેશભાઈ સોલંકીએ દીપપ્રાગટ્ય કરી કર્યો. ત્યારબાદ વિવિધ સત્રોમાં સંસ્થાના વિદ્વાન અને અનુભવી સંતો – જ્ઞાનેશ્વરદાસ સ્વામી, નારાયણમુનિદાસ સ્વામી, બ્રહ્મદર્શનદાસ સ્વામી, આત્મતૃપ્તદાસ સ્વામી, આદર્શજીવનદાસ સ્વામી વગેરેએ સંતોએ મધ્યવર્તી વિચારને દૃઢાવતા પ્રેરક ઉદ્‌બોધનનો કર્યાં હતાં. સંનિષ્ઠ હરિભક્ત શ્રી દિલીપભાઈ જોશી અને શ્રી શૈલેશભાઈ સગપરિયાએ યુવાનોને સ્વાનુભાવ દ્વારા મોબાઇલ વિવેક અને નિયમ-ધર્મ સંબંધી પ્રેરણા આપી હતી.

ગુજરાત ઉપરાંત દેશનાં વિવિધ શહેરોની મૅડિકલ કૉલેજોમાંથી પધારેલા યુવાનોને તીર્થધામ સારંગપુર ખાતે બી.એ.પી.એસ. મંદિરનું અક્ષરધામ તુલ્ય દિવ્ય વાતાવરણ ખૂબ જ પસંદ આવ્યું હતું. કૉન્ફરન્સમાં પ્રવચનો ઉપરાંત વીડિયો, વર્કશોપ, ગ્રુપગોષ્ઠિ, પ્રશ્નોત્તરી વગેરે માધ્યમો દ્વારા છાત્રોમાં જીવનનાં ઉચ્ચ મૂલ્યોનું સિંચન કરવામાં આવ્યું હતું.

સમૂહપૂજાના કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને ખૂબ જ પ્રેરણા મળી હતી. તા. ૨૩ સપ્ટેમ્બરના રોજ બપોરે ૧૧:૩૦ વાગ્યે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના વીડિયો આશીર્વાદથી કૉન્ફરન્સની પૂર્ણાહુતિ થઈ હતી.

આ કૉન્ફરન્સ દ્વારા એલોપેથી, હોમિયોપથી, આયુર્વેદ, ફિઝિયોથેરાપી વગેરે તબીબી ક્ષેત્રોમાં ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અમૂલ્ય માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. બી.એ.પી.એસ. સંસ્થાના અનુભવી વિદ્વાન સંતોનાં પ્રવચનોથી સૌને જીવનનું ધ્યેય સ્પષ્ટ થયું. સાથે સાથે ભવિષ્યમાં તેઓને ચારિત્ર્યવાન ડૉક્ટરો બની સાચા અર્થમાં સેવાનું કાર્ય કરીને જીવનનું અંતિમ લક્ષ્ય સિદ્ધ કરવાની પ્રેરણા પ્રાપ્ત થઈ.


કૉન્ફરન્સની પૂર્ણાહુતિ બાદ પણ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ સારંગપુર ખાતે રોકાણ કરીને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં સાંનિધ્ય-દર્શન-આશીર્વાદનો લાભ પ્રાપ્ત કર્યો હતો અને જીવનનું વિશેષ આધ્યાત્મિક ભાથું ભર્યું હતું. ◆

# પવિત્ર માનસરોવરના તટે રચાયું શ્રી નીલકંઠવર્ણી અને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનું સ્મૃતિસ્થાન



માનસરોવર એટલે એવું એક પુરાણ-પ્રસિદ્ધ પવિત્ર જળતીર્થ જેનો મહિમા યુગોથી ગવાતો રહ્યો છે. કૈલાસ અને માંધાતા પર્વતનાં હિમશિખરો વચ્ચે ૩૨૦ ચોરસ કિલોમીટરમાં પથરાયેલું વિશ્વનું સૌથી ઊંચું મીઠા પાણીનું આ સરોવર હિંદુ, જૈન, બૌદ્ધ, શીખ અને સ્થાનિક તિબેટન ધર્મ વગેરે તમામ ધર્મોનું આસ્થાકેન્દ્ર રહ્યું છે. તિબેટની સપાટ ભૂમિ પર સમુદ્રતલથી ૧૫,૦૦૦ ફૂટની ઊંચાઈએ આવેલા આ સરોવરની યાત્રા અનેક યાત્રિકોએ કરી છે, પરંતુ એમાં એક અજોડ અને અદ્વિતીય યાત્રી હતા – ૧૧ વર્ષીય શ્રી નીલકંઠવર્ણી, એટલે કે ભગવાન શ્રી સ્વામિનારાયણ.

શિયાળાની ગાત્રો થિજાવતી ઠંડીમાં વિના વસ્ત્ર અને ખોરાકનો એક કણ પણ લીધા વિના એકાકી અહીં આવનાર શ્રી નીલકંઠવર્ણીએ માનસરોવરના કાંઠે ૬ દિવસ વિતાવ્યા હતા. આ દરમ્યાન તેમણે માનસરોવરમાં નિત્ય સ્નાન કર્યું, માનસરોવરની પરિક્રમા કરી, તપ-અનુષ્ઠાન કર્યાં, તેની વિશેષ વિગતો સંપ્રદાયના સાહિત્યમાં ઉપલબ્ધ નથી. પરંતુ યુગોથી માનસરોવર-કૈલાસની પરિક્રમાનો મહિમા રહ્યો છે, તેથી એમ ચોક્કસ કહી શકાય કે તેમણે પણ માનસરોવરની પરિક્રમા કરી જ હશે. તેમણે માનસરોવરના કયા કિનારે સ્નાન કર્યું હશે તેની પણ વિગતો ઉપલબ્ધ નથી. આમ છતાં, તિબેટના બૌદ્ધ ધર્મના ઇતિહાસમાં લખવામાં આવ્યું છે તે મુજબ માનસરોવરના તટે એક એવો બૌદ્ધ મઠ છે જેને 'માનસસ્નાનનું તીર્થ' કહેવામાં આવે છે. 'CHU GUO TEMPLE' તરીકે ઓળખાતા આ સ્થળના બૌદ્ધ ધર્મવડા શ્રી લ્યૂઓ સેંગ શાન ડેન ગ્રંથમાં જણાવે છે કે સંશોધિત ઇતિહાસ મુજબ ઓછામાં ઓછાં ૮૦૦ વર્ષ કરતાં વધુ વર્ષોથી આ બૌદ્ધ મઠ અહીં અસ્તિત્વ ધરાવે છે. પરિણામે શ્રી નીલકંઠે માનસરોવરની પરિક્રમા કરી ત્યારે તેમણે અવશ્ય અહીં સ્નાન-ધ્યાન કર્યું હોવું જોઈએ. ગત વર્ષે ૧૩ જૂન, ૨૦૧૭ના રોજ આ પવિત્ર સ્થળથી ૩૨૫ પગલાં દૂર માનસરોવરના જળમાં ઈશ્વરચરણ સ્વામી અને સંતવૃંદ દ્વારા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં અસ્થિપુષ્પોનું વિસર્જન કરવામાં આવ્યું હતું. શ્રી નીલકંઠની માનસયાત્રા અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં અસ્થિ-



એ સંશોધિત ગ્રંથનું પૃષ્ઠ, જેમાં માનસરોવરના તટે ૮૦૦ વર્ષ પુરાણા આ બૌદ્ધ મઠનો નિર્દેશ છે

પુષ્પોના વિસર્જનની ઐતિહાસિક તવારીખને ચિરંતન બનાવવા ઉપરોક્ત બૌદ્ધ મઠના પ્રાંગણમાં માનસરોવરના કાંઠે એક સુંદર સ્મૃતિ સ્થાન રચવામાં આવ્યું છે.

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા આ ઐતિહાસિક સ્મૃતિસ્થાન રચવામાં આવ્યું છે, જેમાં અંગ્રેજી, હિન્દી અને ચાઈનીઝ ભાષામાં લોહશિલાલેખ સ્થાપવામાં આવ્યા છે. પૂજ્ય મહંત સ્વામી મહારાજે અમદાવાદમાં તા. ૧૩ સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ આ શિલાલેખનું વિધિવત્ પૂજન કર્યું હતું.

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા વતી બ્રહ્મવિહારીદાસ સ્વામીએ સ્થાનિક બૌદ્ધ સાધુઓ, ચીની શુભેચ્છકો અને તિબેટના યાત્રાળુઓની ઉપસ્થિતિમાં ઝીરોથી નીચે તાપમાનમાં તા. ૨૭ સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ ભગવાન શ્રી સ્વામિનારાયણનાં ચરણારવિંદની સ્થાપન વિધિ વેદોક્ત મહાપૂજા-યજ્ઞ સાથે કરી હતી. માનસરોવરના કાંઠે સ્મૃતિસ્થાન રચવાનો પ્રસંગ ઇતિહાસમાં પહેલી વખત બન્યો છે. બૌદ્ધધર્મીઓ અને ચીન-તિબેટના અધિકારીઓએ આ પવિત્ર કાર્યમાં નોંધપાત્ર સહકાર આપ્યો હતો. આ પ્રસંગના મુખ્ય યજમાન તરીકે દુબઈના સંનિષ્ઠ હરિભક્ત રોહિતભાઈ પી. પટેલ, શ્રી જહોન વેન્ગ તથા અક્ષરાતીતદાસ સ્વામી પણ સેવામાં જોડાયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે આ પૂર્વે તા. ૨૨ સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ ચીનના મહાનગર બેઈજિંગ ખાતે સુપ્રસિદ્ધ ગુઆંગજી મઠ ખાતે બૌદ્ધ વડા શ્રી માસ્ટર યાન્જે સાથે બ્રહ્મવિહારીદાસ સ્વામીએ મુલાકાત કરી હતી. બૌદ્ધ એસોસિયેશન ઑફ ચાઈનાના વડા અને વિશ્વભરમાં ૩૦ કરોડ અનુયાયીઓ ધરાવતા આદરણીય શ્રી યાન્જુએ બ્રહ્મવિહારીદાસ સ્વામીનું સ્વાગત કર્યું હતું.

આ પ્રસંગે વરિષ્ઠ બૌદ્ધ સંતો, ભારતીય દૂતાવાસના અધિકારીઓ તથા અન્ય આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા. બ્રહ્મવિહારીદાસ સ્વામીએ તેઓને ભગવાન શ્રી સ્વામિનારાયણ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનો સંવાદિતાનો સંદેશ આપ્યો હતો. ભારતમાં શ્રી ગૌતમ બુદ્ધના અવતરણનું અને માનસરોવરની યાત્રા કરી ચૂકેલા ૧૧ વર્ષીય શ્રી નીલકંઠવર્ણીનું સ્મરણ કરીને આ ધર્મસંમિલનમાં વિશ્વશાંતિ માટે પ્રાર્થના કરવામાં આવી હતી.

આમ, ચીન-તિબેટની ધરતી પર રચાયેલું આ સ્મૃતિસ્થાન હજારો યાત્રિકોને ભગવાન શ્રી સ્વામિનારાયણ અને પ્રમુખસ્વામી મહારાજની સ્મૃતિ કરાવતું રહેશે. ◆









**પૂજ્ય મધુરદર્શનદાસ સ્વામી, શિકાગો, ઉં.વ. ૪૫, અક્ષરવાસઃ તા. ૫-૧૦-૨૦૧૮**



પૂર્વાશ્રમમાં ઇંગ્લેન્ડમાં ઊછરેલા પૂજ્ય મધુરદર્શનદાસ સ્વામીએ પશ્ચિમી જગતની સુખાકારીનો ત્યાગ કરી સન ૧૯૯૯માં તીથલ ખાતે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના ૭૯મા જન્મજયંતી ઉત્સવે સ્વામીશ્રી પાસેથી દીક્ષા ગ્રહણ કરી હતી. સ્વામીશ્રીની આજ્ઞાથી સન ૨૦૦૪થી શિકાગો મંદિર ખાતે પૂજારીની સેવા બજાવી રહ્યા હતા. ઠાકોરજીની સેવામાં નિપુણ તેઓને સુશોભનની આગવી સૂઝ હતી. બાંધકામ અને મેઇન્ટેનન્સનો પૂર્વાભ્યાસ કે અનુભવ ન હોવા છતાં, સ્વામીશ્રીની કૃપા અને ખંતને લઈ યુ.એસ.એ.ના મિડવેસ્ટ રિજિયનનાં ઘણાં મંદિરોનાં નૂતન બાંધકામ કે નવીનીકરણની સેવા ઉત્તમકક્ષાની ગુણવત્તા સાથે બજાવી હતી. પ્રેમાળ અને મળતાવડા સ્વભાવને લઈ તેઓ બાળકો, કિશોરો, યુવકો અને વડીલ હરિભક્તોના આત્મીય સ્વજન સમા હતા. સન ૨૦૧૭માં અચાનક બ્રેઇન ટ્યૂમરનું નિદાન થયા બાદ અસહ્ય પીડાદાયક સારવાર દરમિયાન પણ તબીબો તથા સંતો-ભક્તોને તેઓની આત્મનિષ્ઠા, ઇષ્ટદેવ-ગુરુમહિમા અને કેફનો અનુભવ થયો. સારવાર દરમિયાન અશક્ત શરીરમાં સખત વેદના અને વ્હીલચેરમાં હોવા છતાં નિત્ય મંગળા, શણગાર અને સંધ્યા આરતીમાં હાજર રહી ઠાકોરજીની દર્શનભક્તિનો આનંદ માણતા. અનન્ય ભક્તિ અને નિષ્ઠાથી બંને ગુરુવર્ય બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના કૃપાપાત્ર મધુરદર્શનદાસ સ્વામી શિકાગો બી.એ.પી.એસ. મંદિર ખાતે અક્ષરનિવાસી થઈ ભગવાન શ્રી સ્વામિનારાયણના શાશ્વતસુખના અધિકારી થયા છે. સેવા-ભક્તિ, નિષ્ઠા અને કેફથી તરવરતા આ યુવાન સંતના ધામગમનથી બી.એ.પી.એસ. સંસ્થા અને નોર્થ અમેરિકાના સત્સંગને ઘણી મોટી ખોટ પડી છે. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ. ◆

**ભક્તરાજ શ્રી ટપુભા મોડુભા ઝાલા, ગોંડલ, ઉં.વ. ૮૬, અક્ષરવાસઃ તા. ૨૧-૯-૨૦૧૮**



કંથારિયાના વતની ભક્તરાજશ્રી ટપુભા ઝાલાએ બાળવયમાં ચચાણા ખાતે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજની ઉપસ્થિતિમાં યોજાયેલા પારાયણમાં કથાવાર્તાનો લાભ લીધો હતો ત્યારથી તેમનામાં સત્સંગનાં બીજ રોપાઈ ગયાં હતાં. રાજકોટમાં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનો યોગ થતાં તેઓની સ્નેહલ વર્ષામાં એવા રંગાઈ ગયા કે દર વર્ષે ઉનાળામાં તેઓની સાથે વિચરણમાં જોડાઈ જતા હતા. યોગીબાપાએ સન ૧૯૬૦માં ગોંડલમાં યુવકમંડળની સ્થાપના દ્વારા સત્સંગ પ્રચાર-પ્રસારનું કાર્ય થાય તેવો સ્વ-હસ્તાક્ષરમાં પત્ર લખી આપ્યો હતો, તેઓ સાઈકલ લઈને ઘોઘાવદર, રામોદ અને દેવચડી વગેરે ગામોમાં સત્સંગ વિચરણ કરતા. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજમાં પણ એ જ અનન્ય નિષ્ઠાથી જોડાઈ ગયા હતા. નોકરી અર્થે ગોંડલ સ્થાયી થયા અને સત્સંગ મંડળના નિર્દેશક તરીકે વર્ષો સુધી સેવા કરી. નિવૃત્તિ બાદ અક્ષર મંદિરનાં બુક સ્ટોલમાં ૧૫ વર્ષ સુધી સેવા કરી. ઉપરાંત સાંજે આજુબાજુનાં ગામડાંમાં કથાવાર્તા માટે પણ જતા. સંસ્થા અને સત્પુરુષ પ્રત્યેનો અદ્વિતીય પક્ષ પણ તેમના હૈયે હતો. કથા-કીર્તનનું અંગ અને એકધાર્યું સાદું જીવન. સેવામય જીવન દ્વારા ચારેય ગુણાતીત ગુરુવર્યોની પ્રસન્નતા પ્રાપ્ત કરનાર આ ભક્તરાજને હાર્દિક શ્રદ્ધાંજલિ. ◆

**ભક્તરાજ શ્રી હરીશભાઈ ધીરુભાઈ ભટ્ટ, મુંબઈ, ઉં.વ. ૮૦, અક્ષરવાસઃ તા. ૧૯-૧૦-૨૦૧૮**




બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના અગ્રણી ભક્ત શ્રી પીતાંબર ભટ્ટના પૌત્ર અને સંસ્થાના સંનિષ્ઠ સેવક શ્રી ધીરુભાઈ ભટ્ટના પુત્ર શ્રી હરીશભાઈ સતત ૪૪ વર્ષ સુધી મુંબઈના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના એકાઉન્ટન્ટ તરીકે એવી ખંતપૂર્વક સેવા કરી હતી કે ઑડિટર્સ પણ તેમનાથી પ્રભાવિત હતા. સત્સંગ સેવા માટે ટાઇપિંગ અને શોર્ટહેન્ડ શીખીને યોગીજી મહારાજ દ્વારા સ્થપાયેલી સ્વામિનારાયણ સત્સંગ પત્રિકાના પ્રારંભના વર્ષોમાં ટાઇપિંગની સેવામાં પણ તેઓએ ખૂબ યોગદાન આપ્યું હતું. તેમના અક્ષરવાસથી ત્રણેય ગુરુવર્યોના કૃપાપાત્ર એવા એક આદર્શ અને મૂક સેવકની ખૂબ મોટી ખોટ પડી છે. – સાધુ ભક્તિપ્રિયદાસ (મુંબઈ)◆

**ભક્તરાજ શ્રી સુરેશભાઈ પુરોહિત, મુંબઈ, ઉં. વ. ૭૫, અક્ષરવાસઃ તા. ૧૯-૧૦-૨૦૧૮**



એક નિષ્ઠાવાના ભક્ત અને એક્યુપ્રેશર નિષ્ણાત તરીકે સત્સંગ સેવા કરનાર શ્રી સુરેશભાઈએ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની સેવા કરી તેઓની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી તેમના હાથે થતી એક્યુપ્રેશર સારવારમાં ચમત્કારિક પરિણામો પ્રાપ્ત થતાં હતાં. સંસ્થાના મોટા મહોત્સવોમાં સંસ્થાના વરિષ્ઠ સંતો ઉપરાંત સંતો-ભક્તો-સ્વયંસેવકોની પણ તેમણે મહિમાપૂર્વક સેવા કરી હતી. તેઓના અક્ષરવાસથી સેવાભાવી ભક્તની ખોટ પડી છે. હાર્દિક શ્રદ્ધાંજલિ. – સાધુ ભક્તિપ્રિયદાસ (મુંબઈ)◆




## તીર્થધામ ધારી અને ગઢડા ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનો સત્સંગલાભ...

(૧-૩) તા. ૧૪ થી ૧૮, ઑક્ટોબર, ૨૦૧૮ દરમ્યાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના જન્મસ્થાન ધારી ખાતે રોકાણ કરીને દિવ્ય સત્સંગલાભ આપ્યો હતો. સ્વામીશ્રીના પંચદિવસીય રોકાણ દરમ્યાન ભવ્ય સત્સંગ કાર્યક્રમો યોજાયા હતા. આ અવસરે સૌરાષ્ટ્રના વિખ્યાત ધર્મસ્થાન ચલાલાના મહંત પૂજ્ય વલ્કુબાપુ તથા સતાધારના મહંત પૂજ્ય વિજયબાપુ સ્વામીશ્રીની દર્શન-મુલાકાતે પધાર્યા હતા. (૪,૫) તા. ૧૮ થી ૨૩ ઑક્ટોબર દરમ્યાન સ્વામીશ્રીએ તીર્થધામ ગઢડા ખાતે દિવ્ય લાભ આપ્યો હતો. ગઢડા ખાતે અક્ષરવાડીમાં તથા મંદિરના પ્રાંગણમાં યોજાયેલા વિવિધ કાર્યક્રમોમાં સ્વામીશ્રીનો સત્સંગલાભ પ્રાપ્ત કરવા માટે હજારો ભક્તો-ભાવિકો ઊમટ્યા હતા.

Swaminarayan Prakash Gujarati, November-2018, Published & Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Licenced to post without prepayment No. PMG/HQ/009/2018-20, Valid upto 31-12-2020. Regd No. GAMC-274/2018-2020, Valid upto 31-12-2020, RNI 33506/79.







## ભાવનગર ખાતે ભક્તિભાવપૂર્વક ઊજવાયો પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનો ૮૫મો જન્મજયંતી મહોત્સવ...

તા. ૩-૧૦-૨૦૧૮ અને ભાદરવા વદ નવમીના પવિત્ર દિને ભાવનગર ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનો ૮૫મો જન્મજયંતી મહોત્સવ ભક્તિભાવપૂર્વક ઊજવાયો હતો. મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી યુનિવર્સિટીના પરિસરમાં યોજાયેલા જન્મજયંતી મહોત્સવે ત્રીસ હજાર કરતાં વધારે ભક્તો-ભાવિકોએ પ્રાણપ્યારા ગુરુહરિને પ્રાગટ્ય દિને ભક્તિપૂર્વક વધાવ્યા હતા. 'અમર વારસો ગુણાતીતનો...'ના મધ્યવર્તી વિચાર હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં ગુણાતીત સત્પુરુષોના જીવનમાં પ્રતિબિંબિત થતી સદ્‌ગુણોની સામ્યતાનું દર્શન કરાવવામાં આવ્યું હતું. જેમાં ગુણાતીત સત્પુરુષ પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં ફોરમતાં નિયમધર્મ, પરાભક્તિ, અહંશૂન્યતા, ભક્તવત્સલતા, પ્રભાવ જેવા સદ્‌ગુણો તેમના આધ્યાત્મિક અનુગામી મહંત સ્વામી મહારાજમાં મહેકે છે તેનું વિવિધ માધ્યમો દ્વારા નિદર્શન કરવામાં આવ્યું હતું. એ દિવ્ય અવસરની સ્મૃતિછબીઓ.



Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas